નવી દિલ્હી ખાતે ડ્રોન મહોત્સવનું આયોજન

**E-COPY**
**(May-2022)**
(Week 1 to 4)

DRONE FESTIVAL OF INDIA
NEW DELHI
27-28 MAY 2022

# વર્તમાન પ્રવાહો

**: DATE :**
**01/02/2022 to 28/02/2022**

ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય મેંગો ફેસ્ટિવલનું આયોજન




ભારતે પ્રથમવાર થોમસ કપનો ખિતાબ જીત્યો.




વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે
અત્યંત ઉપયોગી સાપ્તાહિક વર્તમાન પ્રવાહો

- GPSC-I/II
- GPSC-III
- નાયબ મામલતદાર
- PSI/ASI Constable
- તલાટી
- Bank
- SBI
- IBPS
- SSC
- Railway

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

# Govt.Jobs જેવી કે

BANK | SBI | IBPS | LIC | SSC | RRB | RBI

તેમજ

GPSC | PSI | નાયબ મામલતદાર | રાજ્યવેરા નિરીક્ષક | તલાટી

બિન સચિવાલય | કોન્સ્ટેબલ | TET/TAT | ચીફ ઓફીસર

ની માહિતી / ભરતીઓ / તૈયારી ના માર્ગદર્શન /Materials / ઓનલાઈન ફોર્મ ની સંપૂર્ણ માહિતી તેમજ Regular Update માટે આજે જ અમારા Social Media Platforms જેવા કે ટેલીગ્રામ / ઈન્સ્ટાગ્રામ / ફેસબુક Youtube સાથે નીચેના Icon પર Click કરીને જોડાઓ.

BANKING ACADEMY

## મહિનાના મુખ્ય મુદ્દાઓ

❖ **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુ તેગ બહાદુરજી (1621 – 1675)ની 400મી જયંતી અથવા 400મા પ્રકાશ પર્વની ઉજવણીઓમાં ઐતિહાસિક લાલ કિલ્લા ખાતે સંબોધન કર્યું હતું.**

→ વડાપ્રધાને લાલ કિલ્લા પરથી જનમેદનીને સંબોધી હતી અને એક સ્મારક સિક્કો તથા ટપાલ ટિકિટ પણ જાહેર કરી હતી. શીખોના નવમા ગુરુ તેગ બહાદુરજીની જન્મજયંતીની ઉજવણી સમગ્ર દેશમાં 21 એપ્રિલના રોજ ગુરુ તેગ બહાદુર જયંતી 2022 અથવા પ્રકાશ પર્વ 2022 તરીકે કરાઈ હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે 20 એપ્રિલ, 2022ના રોજ આ અવસરે બે દિવસીય કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

→ ગુરુ તેગ બહાદુરનો જન્મ 21 એપ્રિલ, 1621ના પંજાબના અમૃતસરમાં માતા નાનકી અને છઠ્ઠા શીખ ગુરુ હરગોવિંદના ઘરે થયો હતો, જેમણે મુગલો વિરુદ્ધ સૈન્ય ઊભું કર્યું હતું અને યોદ્ધા સંતોની અવધારણા પેશ કરી હતી.

→ વર્ષ 1675માં મુઘલ સમ્રાટ ઔરંગઝેબના આદેશથી ગુરુ તેગ બહાદુરની હત્યા દિલ્હીમાં કરાઈ હતી.

❖ **ભારતીય સેનાની ત્રિશક્તિ કોર્પ્સ દ્વારા તાજેતરમાં પશ્ચિમ બંગાળના સિલિગુડી પાસે તીસ્તા ફિલ્ડ ફાયરિંગ રેન્જ (TFFR)માં એક એકીકૃત અગ્નિ શક્તિ અભ્યાસ કિપાણ શક્તિનું આયોજન કરાયું હતું.**

→ અભ્યાસ કિપાણ શક્તિનું નેતૃત્વ લેફ્ટેનન્ટ જનરલ તરુણકુમાર અને ત્રિશક્તિ કોર્પ્સના જનરલ ઓફિસર કમાન્ડિંગ દ્વારા કરાયું હતું. અભ્યાસનો ઉદ્દેશ એક એકીકૃત યુદ્ધમાં લડવા માટે ભારતીય સેના અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (CAPF)ની સંયુક્ત કૌશલ્ય અને સિન્ક્રોનાઈઝેશન ક્ષમતાઓનું પ્રદર્શન કરવાનો હતો.

❖ **ભારતના ઉડ્ડયન ઈતિહાસમાં એક મહત્વનું સીમાચિહ્ન કહી શકાય તેવા એક કદમમાં એક મેડ ઈન ઈન્ડિયા ડોર્નિયર 228 પ્રવાસી વિમાને ઉપરી આસામના દિબ્રુગઢથી મધ્ય અરુણાચલ પ્રદેશના પાસીઘાટ સુધીની પ્રથમ વાણિજ્યિક ઉડાન ભરી હતી.**

→ 17 બેઠકોનું આ પ્રવાસી વિમાન અરુણાચલ પ્રદેશના અંતરિયાળ નગરોને હવાઈ સંપર્ક પૂરો પાડશે. વિમાનનું સંચાલન એલાયન્સ એર દ્વારા કરાય છે. આ સાથે ભારત સરકારે મેડ ઈન ઈન્ડિયા ડોર્નિયર વિમાન દ્વારા નાગરિક ઉડ્ડયન માટે અત્યારસુધીની સૌપ્રથમ વાણિજ્યિક સેવાઓ લોન્ચ કરી છે. ડોર્નિયર વિમાનનું ઉત્પાદન હિન્દુસ્તાન એરોનૌટિક્સ લિ. (HAL) એ કર્યું છે. વિમાને ઈન્ડિયન એર ફોર્સ (IAF) દ્વારા જાળવણી કરવામાં આવતા એડવાન્સ્ડ લેન્ડિંગ ગ્રાઉન્ડ્સ (ALG)નો ઉપયોગ કરી ઉતરાણ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતમાં નિર્મિત ડોર્નિયર વિમાનને હિન્દુસ્તાન વિમાન કહેવામાં આવે છે.

❖ **તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા 'સેન્ટ્રલ એક્સિડન્ટ ડેટાબેઝ મેનેજમેન્ટ સિસ્ટમ (iRAD)' શરૂ કરવામાં આવી છે.**

→ આ સિસ્ટમ માર્ગ અકસ્માતના કારણોનું પૃથ્થકરણ કરવામાં અને ભારતમાં આવા અકસ્માતોને ઘટાડવાના હેતુથી સલામતીના પગલાં વિકસાવવામાં મદદરૂપ સાબિત થશે. આ સિસ્ટમનું નામ 'Integrated Road Accident Database (iRAD)' છે. તે માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયની પહેલ છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી – મદ્રાસ (IIT-M) દ્વારા આ સિસ્ટમ વિકસાવવામાં આવી છે. આ સિસ્ટમ નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર દ્વારા લાગુ કરવામાં આવી રહી છે.

❖ **તાજેતરમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયે બેંગ્લોરમાં 'ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન' (ISM) હેઠળ પ્રથમ 'સેમિકોન ઈન્ડિયા, 2022 કોન્ફરન્સ'નું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ ભારતને ઈલેક્ટ્રોનિક્સ, મેન્યુફેક્ચરિંગ અને સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રીનું વૈશ્વિક હબ બનાવવાના PMના વિઝનને સાકાર કરવામાં આ એક મોટા પગલાં તરીકે કામ કરશે. આ કોન્ફરન્સની થીમ 'ભારતના સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમનું ઉત્પ્રેરક' હતી.

→ ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) માર્ચ 2022માં ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલયના નેજા હેઠળ રૂ. 76,000 કરોડના કુલ નાણાકીય ખર્ચ સાથે લોન્ચ કરવામાં આવ્યું હતું. દેશમાં ટકાઉ સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ઈકોસિસ્ટમ વિકસાવવા માટેના વ્યાપક કાર્યક્રમનો આ એક ભાગ છે. આ પ્રોગ્રામનો ઉદ્દેશ સેમિકન્ડક્ટર, ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ અને ડિઝાઈન ઈકોસિસ્ટમમાં રોકાણ કરતી કંપનીઓને નાણાકીય સહાય પૂરી પાડવાનો છે.

❖ **તાજેતરમાં બહાર પાડવામાં આવેલ 2020 સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ રિપોર્ટ (CRS)ના આધારે મહત્વપૂર્ણ આંકડાકીય અહેવાલ અનુસાર વર્ષ 2020માં દેશમાં જન્મ સમયે સૌથી વધુ જાતિ ગુણોત્તર કેન્દ્રશાસિત પ્રદેશ લદાખમાં નોંધવામાં આવ્યો હતો.**

→ આ રિપોર્ટ ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

→ જન્મ સમયે ઉચ્ચ લિંગ ગુણોત્તર વર્ષ 2020માં સૌથી વધુ લદાખ (1104)માં નોંધાયેલ છે. ત્યારબાદ અરુણાચલ પ્રદેશ (1011), આંદામાન અને નિકોબાર ટાપુઓ (984), ત્રિપુરા (974) અને કેરળ (969) છે. નોંધનીય છે કે વર્ષ 2019માં જન્મ સમયે સૌથી વધુ લિંગ ગુણોત્તર અરુણાચલ પ્રદેશમાં (1024) નોંધવામાં આવ્યો હતો.

→ વર્ષ 2020માં જન્મ સમયે સૌથી ઓછો લિંગ ગુણોત્તર નોંધાયેલ ટોચના પાંચ રાજ્યોમાં મણિપુર (880), દાદરા અને નગર હવેલી અને દિવ અને દમણ (898), ગુજરાત (909), હરિયાણા (916) તથા મધ્યપ્રદેશ (921) નો સમાવેશ થાય છે.

❖ **તાજેતરમાં 'નેશનલ ફેમિલી હેલ્થ સર્વે' (NFHS-5)ના પાંચમાં રાઉન્ડના બીજા તબક્કાનો રાષ્ટ્રીય અહેવાલ બહાર પાડવામાં આવ્યો.**

→ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS) એ પરિવારોના પ્રતિનિધિ નમૂના તરીકે સમગ્ર ભારતમાં હાથ ધરાયેલું મોટા પાયે બહુ–સ્તરીય સર્વેક્ષણ છે. આ સર્વેક્ષણમાં ભારતની રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની પ્રજનનક્ષમતા, શિશુ અને બાળ મૃત્યુ દર, કુટુંબ નિયોજનની પદ્ધતિઓ, માતા અને બાળ આરોગ્ય, પ્રજનન સ્વાસ્થ્ય, પોષણ, એનિમિયા, આરોગ્ય અને કુટુંબ નિયોજન સેવાઓની એક્સેસ અને ગુણવત્તા વગેરે સંબંધિત માહિતી પૂરી પાડી છે.

→ આ અહેવાલ મુજબ NFHS-4 અને NFHS-5 વચ્ચે રાષ્ટ્રીય સ્તરે કુલ પ્રજનન દર (TFR) 2.2 થી ઘટીને 2.0 થયો છે. ભારતમાં માત્ર પાંચ રાજ્યો એવા છે જે 2.1 પ્રજનન ક્ષમતાના રિપ્લેસમેન્ટ લેવલથી ઉપર છે. આ રાજ્યો બિહાર, મેઘાલય, ઉત્તરપ્રદેશ, ઝારખંડ અને મણિપુર છે. રિપ્લેસમેન્ટ લેવલ અથવા પ્રતિસ્થાપન સ્તરની સંભવિતતા એ કુલ પ્રજનન દર છે, જે સ્ત્રી દીઠ જન્મેલા બાળકોની સરેરાશ સંખ્યા છે કે જેના પર વસતી સ્થળાંતર વિના પેઢી દર પેઢી સંપૂર્ણપણે બદલાઈ જાય છે. દેશમાં બિહાર અને મેઘાલય સૌથી વધુ પ્રજનન દર ધરાવે છે. જ્યારે સિક્કિમ અને આંદામાન અને નિકોબાર ટાપુઓ સૌથી ઓછો પ્રજનન દર ધરાવે છે. ગ્રામીણ વિસ્તારમાં કુલ પ્રજનન દર 1992-93 માં મહિલા દીઠ 3.7 બાળકોથી ઘટીને 2019-21માં 2.1 બાળકો પર આવી

ગયો છે. જ્યારે શહેરી વિસ્તારોમાં મહિલાઓમાં કુલ પ્રજનન દર 1992-93માં 2.7 બાળકોથી ઘટીને 2019-21માં 1.6 બાળકો થયા છે. છેલ્લા બે દાયકામાં તમામ ધાર્મિક સમુદાયોમાં મુસ્લિમ સમુદાયના પ્રજનન દરમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો છે.

→ NFHS-5 મુજબ સર્વેક્ષણ કરાયેલી 23.3% સ્ત્રીઓ 18 વર્ષની કાયદેસરની ઉંમરે પહોંચતા પહેલાં પરણિત હતી. જે NFHS-4 માં નોંધાયેલ 26.8% થી ઓછી છે. પુરુષોમાં વહેલા લગ્નની ટકાવારી 17.7 (NFHS-5) અને 20.3(NFHS-4) છે.

→ પંજાબ, પશ્ચિમ બંગાળ, મણિપુર, ત્રિપુરા અને આસામમાં આ દર સૌથી વધુ વધ્યો છે. ત્રિપુરામાં સ્ત્રીઓ માટે લગ્નમાં સૌથી વધુ 33.1% (NFHS-4) થી 40.1% અને પુરુષો માટે 16.2% થી 20.4% સુધીનો વધારો જોવા મળ્યો છે. બિહારની સાથે પશ્ચિમ બંગાળ એવા રાજ્યોમાંનું એક છે જ્યાં વહેલા લગ્નનો દર સૌથી વધુ છે. જમ્મુ અને કાશ્મીર, લક્ષદ્વીપ, લદ્દાખ, હિમાચલ પ્રદેશ, ગોવા, નાગાલેન્ડ, કેરળ, પુડુચેરી અને તમિલનાડુ. જ્યાં નાની ઉંમરે લગ્નનો સૌથી ઓછો દર ધરાવતા રાજ્યોમાં શામેલ છે.

❖ **ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા હડપ્પન સંસ્કૃતિના રાખીગઢી સ્થળના તાજેતરના ખોદકામમાં કેટલાક ઘરો, શેરીઓ અને ડ્રેનેજ સિસ્ટમનું માળખું બહાર આવ્યું છે.**

→ ASIના ખોદકામમાં તાંબા અને સોનાના આભૂષણ, ટેરાકોટાના રમકડા ઉપરાંત હજારો માટીના વાસણો અને સીલ પણ મળી આવ્યા છે. આ ખોદકામનો ઉદ્દેશ રાખીગઢીના માળખાકીય અવશેષોને શોધીને ભવિષ્ય માટે સાચવવાનો અને રાખીગઢીના પુરાતત્વીય સ્થળને પ્રવાસીઓ માટે સુલભ બનાવવાનો છે. આ ઉપરાંત ખોદકામમાં મળી આવેલા બે માનવ હાડપિંજરના ડીએનએ સેમ્પલ એકત્ર કરીને વૈજ્ઞાનિક તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

→ આ ડીએનએ સેમ્પલના ટેસ્ટ રિપોર્ટના આધારે રાખીગઢી વિસ્તારમાં રહેતા લોકોની વંશાવલી અને ખાવાની આદતો વિશે માહિતી મેળવી શકાશે. પુરાતત્વીય ખોદકામ દર્શાવે છે કે પરિપક્વ હડપ્પન તબક્કાનું પ્રતિનિધિત્વ યોજનાબદ્ધ નગર પ્રણાલી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં માટી ઈંટ તેમજ પાકા ઈંટોના મકાનોમાં ગટરની યોગ્ય વ્યવસ્થા હતી.

❖ **તાજેતરમાં સંચાર મંત્રાલયે 'સેન્ટ્રલાઈઝ રાઈટ ઓફ વે' (ROW) મંજૂરી માટે 'ગતિશકિત સંચાર' પોર્ટલ શરૂ કર્યું છે.**

→ ગતિશકિત સંચાર પોર્ટલ રાષ્ટ્રીય બ્રોડબેન્ડ મિશન દ્વારા પરિકલ્પિત ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવ્યું છે. જે દરેક નાગરિકને મુખ્ય ઉપયોગિતા તરીકે બ્રોન્ડબેન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવા, માંગ પરના વહીવટ અને સેવાઓ અને ખાસ કરીને આપણા દેશના નાગરિકોને ડિજિટલ સશકિતકરણ પ્રદાન કરશે. તેનો ઉદ્દેશ ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો માટે પોર્ટલ 'વ્યવસાય કરવાની સરળતા' ના હેતુ માટે સક્ષમ તરીકે કાર્ય કરશે. વિવિધ સેવા અને ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રદાતાઓની ROW એપ્લિકેશન્સનું સમયસર પતાવટ ઝડપી ઈન્ફ્રાસ્ટ્રકચર નિર્માણને સક્ષમ કરશે જે 5G નેટવર્કના સમયસર લોન્ચ માટે પણ સક્ષમ બનશે.

❖ **તાજેતરમાં આદિજાતિ બાબતોના મંત્રાલયે મહારાષ્ટ્રના નાસિકમાં એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS)ના નિર્માણ માટે શિલાયન્સ કર્યો છે.**

→ સૂચિત EMR શાળાનો ઉદ્દેશ્ય નાસિકના દૂરના આદિવાસી વિસ્તારોમાં આદિવાસી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણ આપવાનો છે. એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ એ સમગ્ર ભારતમાં ભારતીય જનજાતિઓ (ST – અનુસૂચિત જનજાતિ) માટે મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ બનાવવાની યોજના છે. તેની શરૂઆત વર્ષ 1997-98માં કરવામાં આવી હતી. EMRSમાં CBSE અભ્યાસક્રમ અનુસરવામાં આવે છે.

❖ **તાજેતરમાં આંતર–રાજ્ય પરિષદ (ISC)નું પુનર્ગઠન કરવામાં આવ્યું છે, જેમાં વડાપ્રધાન અધ્યક્ષ તરીકે અને તમામ રાજયના મુખ્યમંત્રીઓ અને છ કેન્દ્રીય મંત્રીઓ સભ્ય તરીકે છે.**

→ દસ કેન્દ્રીય મંત્રીઓ આંતર–રાજ્ય પરિષદમાં કાયમી આમંત્રિત હશે. સરકારે આંતર–રાજ્ય પરિષદની સ્થાયી સમિતિની પણ પુનઃરચના કરી છે જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અધ્યક્ષ છે.

→ આંધ્રપ્રદેશ, આસામ, બિહાર, ગુજરાત, મહારાષ્ટ્ર, ઓડિશા, પંજાબ અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીઓ પણ આંતર–રાજ્ય પરિષદની સ્થાયી સમિતિના સભ્યો છે.

❖ **તાજેતરમાં સુપ્રીમ કોર્ટે સેકસ વર્કને 'વ્યવસાય' તરીકે માન્યતા આપી છે.**

→ કોર્ટે જણાવ્યું હતું કે તેના વ્યવસાયિક કાયદા હેઠળ સન્માન અને સમાન સુરક્ષા માટે હકદાર છે. સુપ્રીમ કોર્ટે બંધારણના અનુચ્છેદ 142 હેઠળ તેની વિશેષ સત્તાનો ઉપયોગ કર્યો હતો. અનુચ્છેદ 142 સુપ્રીમ કોર્ટને વિવેકાધીન સત્તા આપે છે, તે જણાવે છે કે સુપ્રીમ કોર્ટ તેના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરીને આવું હુકમનામું પસાર કરી શકે છે અથવા એવો આદેશ કરી શકે છે કે તે પહેલા પેન્ડિંગ કોઈપણ બાબતમાં સંપૂર્ણ ન્યાય કરવા માટે જરૂરી હોય. નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન (NHRC)એ વર્ષ 2020માં સેકસ વકર્સને અનૌપચારિક વર્કર તરીકે માન્યતા આપી હતી.

→ સેકસ વર્કસ કાયદા હેઠળ સમાન રક્ષણ મેળવવા માટે હકદાર છે અને ફોજદારી કાયદો 'ઉંમર' અને 'સંમતિ'ના આધારે તમામ કેસોમાં સમાનરૂપે લાગુ થવો જોઈએ. જ્યારે તે સ્પષ્ટ છે કે સેકસ વર્કર પુખ્ત છે અને સંમતિથી ભાગ લઈ રહી છે, ત્યારે પોલીસે દખલગીરી અથવા કોઈપણ ગુનાહિત પગલાં લેવાથી દૂર રહેવું જોઈએ.

→ અનુચ્છેદ 21 જાહેર કરે છે કે કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા સિવાય કોઈપણ વ્યકિતને તેના જીવન અથવા વ્યકિતગત સ્વતંત્રતાથી વંચિત રાખવામાં આવશે નહીં. આ અધિકાર નાગરિકો અને બિન–નાગરિકો બંને માટે ઉપલબ્ધ છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે જ્યારે પણ પોલીસ વેશ્યાલય પર દોરડો પાડે છે ત્યારે સેકસ વર્કરોની ધરપકડ અથવા સજા કે હેરાન કે પીડિત ન કરવું જોઈએ. કારણ કે સ્વૈચ્છિક સેકસ વર્ક ગેરકાયદેસર નથી, જ્યારે વેશ્યાલય ચલાવવું ગેરકાયદેસર છે.

❖ **નેશનલ હેલ્થ ઓથોરિટીએ હેલ્થ રેકોર્ડ રાખવા માટે આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ (ABHA) મોબાઈલ એપ લોન્ચ કરી છે.**

→ સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું છે કે આભા એપ નેશનલ ડિજિટલ હેલ્થ મિશન હેઠળ હેલ્થ રેકોર્ડ એપનું નવું વર્ઝન છે આ એપ્લિકેશનમાં ઉપલબ્ધ સુવિધાઓ દ્વારા વ્યકિત કોઈપણ સમયે અને ગમે ત્યાં તેના સ્વાસ્થ્ય રેકોર્ડની માહિતીને એકસેસ કરી શકે છે. આ એપ્લિકેશનમાં નવી પ્રાયોગિક સુવિધાઓ પણ છે જેમ કે પ્રોફાઈલ સંપાદિત કરવી, આભા નંબર (14 અંક)ને આભા સરનામા સાથે લિંક કરવું વગેરે.



Banking Academy

- ❖ **કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં કોટોન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સ્થાપના કરવામાં આવી છે.**
  - → કેન્દ્રીય કાપડ મંત્રાલયના જણાવ્યા અનુસાર આ કાઉન્સિલનો ઉદ્દેશ કપાસ અને યાનના ભાવને લગતા મુદ્દાઓને ઉકેલવાનો અને આ ક્ષેત્રમાં નોંધપાત્ર સુધારા લાવવાનો છે. કોટન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પ્રમુખ તરીકે સુરેશભાઈ કોટકની નિમણૂક કરવામાં આવી છે.
- ❖ **14 મે, 2022ના રોજ બે દિવસીય પ્રથમ અતુલ્ય ભારત આંતરરાષ્ટ્રીય ક્રૂઝ સંમેલન–2022 (IIICC-2022) મહારાષ્ટ્રના મુંબઈમાં આયોજિત કરાયું હતું જેનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય મંત્રી (બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય) સર્બાનંદ સોનોવાલે રાજ્ય મંત્રી શ્રીપાદ યેસ્સો નાઈકની સાથે કર્યું હતું.**
  - → આ સંમેલન ભારત સરકારના બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય અને FICCI (ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી) દ્વારા સંયુક્ત રીતે આયોજિત કરાયું હતું. મુંબઈ પોર્ટ ઓથોરિટી, સાગરમાલા, ઈન્ડિયન પોર્ટ્સ એસોસિએશન પણ આયોજનમાં ભાગીદાર છે. આ સંમેલન ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય પર્યટકો માટે 'કમ, ક્રૂઝ ઈન ઈન્ડિયા'નું આમંત્રણ હતું. આ આયોજનના પ્રતીકને 'કેપ્ટન ક્રૂઝો' નામ અપાયું છે.
  - → પ્રવાસન મંત્રાલયના રાજ્ય મંત્રી શ્રીપાદ યેસ્સો નાઈકે પીર પાઉ જેટીમાં ત્રીજા રાસાયણિક બર્થની આધારશિલા મૂકી અને દૂરથી મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લામાં કેલ્શી દીવાદાંડી અને તમિલનાડુમાં ધનુષકોડી દીવાદાંડીનું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- ❖ **મેલેરિયા ઉન્મૂલન માટે રાષ્ટ્રીય ફ્રેમવર્ક (NFME) 2016-2030, 2030 સુધી મેલેરિયાનો અંત લાવવા માટે ભારતની રણનીતિઓની રૂપરેખા તૈયાર કરે છે.**
  - → આ ફ્રેમવર્ક વિકસિત કરવાનો ઉદ્દેશ દેશમાંથી મેલેરિયાને નાબૂદ કરવો અને જીવન, સ્વાસ્થ્યની ગુણવત્તામાં સુધારા કરવાનો છે. NFME ઉદ્દેશો, લક્ષ્યો, રણનીતિઓ અને તેની સમય–સીમાને પરિભાષિત કરે છે જે ચરણબદ્ધ રીતે ભારતમાંથી મેલેરિયાનો અંત કરવાની યોજના માટે એક રોડમેપ તૈયાર કરશે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની મેલેરિયાના વિજ્ઞાનની સ્થિતિ અનુસાર જરૂરી દિશા–નિર્દેશો બહાર પાડયા છે. NFME, Asia Pacific Leaders Malaria Alliance Malaria Elimination Rodmap અને WHO Global Technical Strategy for Malaria 2016-2030 (GTS) અનુરૂપ છે. જેનું લક્ષ્ય 2030 સુધીમાં ભારતને મેલેરિયા મુકત કરવું.
- ❖ **તાજેતરમાં એશિયાના સૌથી મોટા આંતરરાષ્ટ્રીય ખાદ્ય અને આતિથ્ય મેળા AAHAR-2022 (International Food and Hospitality Fair) નું આયોજન નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યું હતું.**
  - → આ મેળાનું આયોજન APEDA (એગ્રિકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડકટસ એકસપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી) એ ભારત વ્યાપાર સંવર્ધન સંગઠન (ITPO-ઈન્ડિયા ટ્રેડ પ્રમોશન ઓર્ગેનાઈઝેશન)ના સહયોગથી કર્યું હતું. આ મેળાની 36મી આવૃત્તિ હતી. આ મેળો મુલાકાતીઓ અને સહભાગીઓને નવા વ્યાવસાયિક નેતૃત્વ તરફ લઈ જવાનો અવસર ઉપલબ્ધ કરાવશે.
- ❖ **25 એપ્રિલ, 2022ના રોજ નીતિ આયોગે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન, ખાતે 'અભિનવ કૃષિ' પર રાષ્ટ્રીય સ્તરની કાર્યશાળાનું આયોજન કર્યું હતું.**
  - → આ કાર્યશાળામાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઓના મૂળ સિદ્ધાંતો, વિજ્ઞાન અને પ્રક્રિયાઓને સમજવાની જરૂરિયાત પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ સાથે પ્રાકૃતિક ખેતીને ચરણબદ્ધ રીતે અપનાવવાની પણ વાત કરવામાં આવી હતી. COVID-19 મહામારી દરમિયાન સારા સ્વાસ્થ્ય, પૌષ્ટિક આહાર અને રોગ પ્રતિકારક શકિત પ્રત્યે જાગૃતિ લાવવામાં વૃદ્ધિ અંગે પણ મંથન થયું હતું.
- ❖ **ભારતની પ્રથમ રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (RRTS)ની પહેલી ટ્રેનને તાજેતરમાં રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર પરિવહન નિગમ (NCRTC)ને સોંપવામાં આવી છે.**
  - → આ ટ્રેન 100% સ્વદેશી છે. તે સરકારના મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ અને આત્મનિર્ભર ભારતની મહત્વાકાંક્ષાને અનુરૂપ છે. આ ટ્રેનની ડિઝાઈન એલ્સટોમના હૈદરાબાદ એન્જિનિયરિંગ કેન્દ્રમાં કરાઈ છે તથા તેનું નિર્માણ ગુજરાતના સાવલીમાં એલ્સટોમના કારખાનામાં કરાયું છે. ગુજરાતના માનેજામાં ટ્રેનની પ્રોપલ્ઝન સિસ્ટમ અને ઈલેકિટ્રકલ્સનું નિર્માણ કરાયું છે.
- ❖ **દેશના નાના અને સીમાંત ખેડૂતોને કૃષિ ઋણ માફીના સંબંધમાં યોગ્ય સોદો ન મળવાની સાથે નાબાર્ડ તે દિશામાં ઓળખ કરવાના ઉદ્દેશથી 'ખેડૂત સંકટ સૂચકાંક' તૈયાર કરવાની યોજના બનાવી રહ્યું છે.**
  - → સંકટના સ્તરના આધારે, નાણાકીય સંસ્થા અને સરકાર તમામ ખેડૂતોને સંકટ પેકેજ આપવાની જગ્યાએ યોગ્ય સહાય પેકેજ આપવાનો નિર્ણય લઈ શકે છે. આ સૂચકાંક દેશમાં સ્થળ અને તણાવના સ્તરના આધારે અલગ–અલગ હશે. આ સૂચકાંકના લીધે સરકારી વિભાગો, નાણાકીય ક્ષેત્ર અને વીમા કંપનીઓને મદદ મળશે. એક ખેડૂતના સંકટની ગણતરી સામાન્ય રીતે તેના પાકને થયેલા નુકસાનના આધારે કરવામાં આવે છે. નાબાર્ડ અને ભારત કૃષક સમાજ (BKS) દ્વારા સંયુકત રીતે કરવામાં આવેલા એક અભ્યાસ અનુસાર, 60% થી વધુ ઉચ્ચ અને અતિ વધુ સંકટવાળા નાના અને સીમાંત ખેડૂતોને ઋણ માફીનો લાભ મળતો નથી.
- ❖ **ચૂંટણી પંચે ઘોષણા કરી છે કે તે 100 લોકતાંત્રિક દેશોના સહયોગથી 'લોકતંત્ર માટે શિખર સંમેલન'ના ભાગરૂપે 'ચૂંટણી અખંડિતતા પર લોકતંત્ર સમૂહ'નું નેતૃત્વ કરશે.**
  - → આ શિખર સંમેલનમાં વિભિન્ન દેશોની ચૂંટણી સંચાલન સંસ્થાઓ સાથે વિશેષજ્ઞતા અને અનુભવ વહેંચવામાં આવશે. આ સંમેલનમાં 100 થી વધુ દેશો, ખાનગી ક્ષેત્ર, નાગરિક સમાજ સંગઠનો, મીડિયા વગેરેના વડાઓ ભાગ લેશે. ભારતીય ચૂંટણી પંચ વિભિન્ન ઈલેકશન મેનેજમેન્ટ બોડીઝ (EMBs)ની જરૂરિયાત અનુસાર વિશ્વભરની જુદી–જુદી EMBs (ચૂંટણી સંચાલન સંસ્થાઓ) ને ક્ષમતા નિર્માણ અને પ્રશિક્ષણ કાર્યક્રમો પ્રદાન કરશે.
- ❖ **તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય જૈવ બળતણ નીતિ, 2018 (બાયોફ્યુઅલ)માં સુધારો કર્યો છે.**
  - → પેટ્રોલમાં 20% ઈથેનોલ મિશ્રણનું લક્ષ્ય પાંચ વર્ષ પહેલાં નિર્ધારિત કરવામાં આવ્યું છે. પહેલાંના લક્ષ્ય 2030ની જગ્યાએ નવું 2025-26 છે. સાથે જ જૈવ બળતણના ઉત્પાદન માટે વધુ ફીડસ્ટોકને મંજૂરી આપવામાં આવી છે. SEZ, નિકાસ કરતા ઉદ્યોગોમાં 'મેક ઈન ઈન્ડિયા' કાર્યક્રમ હેઠળ જૈવબળતણના ઉત્પાદનને મંજૂરી આપી છે. અમુક બાબતોમાં જૈવબળતણની નિકાસની પણ મંજૂરી છે. આ સિવાય રાષ્ટ્રીય જૈવબળતણ સમિતિ (NBCC)માં નવા સભ્યોને સામેલ કરવામાં આવશે. આ નવા સભ્યો બ્લેન્ડિંગ પ્રોગ્રામનો સમન્વય કરવાવાળી એજન્સી હશે.

→ આ નીતિ બાયોઈથેનોલ, બાયોડીઝલ અને બાયો–CNG પર આ કેન્દ્રીત છે. આ નીતિના વિવિધ કાર્યક્રમોમાં ઈથેનોલ મિશ્રણ કાર્યક્રમ, બીજી પેઢીના ઈથેનોલનું ઉત્પાદન, ફીડ સ્ટોકમાં R & D વગેરેનો સમાવેશ થાય છે. નીતિનું પ્રારંભિક લક્ષ્ય 2030 સુધી 20% મિશ્રણ પ્રાપ્ત કરવાનું હતું. કેન્દ્ર સરકારે ખાંડ સિરપ, શેરડીનો રસ અને ભારે ગોળમાંથી પ્રાપ્ત થતાં ઈથેનોલ માટે પ્રીમિયમ દરોની જાહેરાત કરી છે. નીતિનો ઉદ્દેશ તેલ પરની નિર્ભરતા ઘટાડવાનો છે, જેથી આયાત બિલનો બોજ પણ હળવો થશે. આ નીતિ ઉપભોકતાઓને પર્યાવરણ અનુકૂળ બળતણનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે. આ સાથે ખાંડ ઉદ્યોગના પોર્ટફોલિયોમાં વિવિધતા લાવવા અને આત્મનિર્ભર બનાવવામાં મદદ કરે છે. હાલમાં દેશનું સરેરાશ મિશ્રણ 9.9% છે. ઈથેનોલ ઉત્પાદન માટે ખાંડની મિલોની ઉત્પાદન ક્ષમતા 460 કરોડ લીટર છે. 20% ઈથેનોલ મિશ્રણનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે દેશને 1,500 કરોડ લીટર ઈથેનોલોની સતત વાર્ષિક જરૂર છે.

❖ **કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સીઝ (IISc) બેંગલુરુમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) અંતર્ગત રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF) માટે જનાદેશ દસ્તાવેજ (Mandate Document) લોન્ચ કર્યા છે.**

→ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 'તત્વજ્ઞાન' (દર્શનશાસ્ત્ર – Philosophy) છે.

→ NCF 'માર્ગ' છે અને જનાદેશ દસ્તાવેજ 21મી સદીની બદલાતી માંગોને ચેમ્પિયન બનાવવા અને ભવિષ્યને સકારાત્મક રીતે પ્રભાવિત કરવા માટેનું 'બંધારણ' (સંવિધાન) છે. NCF પણ એક સોસાયટી ડોકયુમેન્ટ છે, જે એપ આધારિત પ્રક્રિયાઓને સ્થાપિત કરવા સક્ષમ છે જેથી દેશના દરેક નાગરિક પોતાનું સૂચન આપી શકે છે. નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ (NCERT) સિવાય, NCFને ડો.કે.કસ્તૂરીરંગનની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય સંચાલન સમિતિ (NSC) દ્વારા નિર્દેશિત કરવામાં આવે છે.

❖ **27 મે, 2022 ના રોજ નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના સૌથી મોટા ડ્રોન મહોત્સવનું ઉદ્ઘાટન કર્યું હતું.**

→ આ મહોત્સવ 27 અને 28 મે, 2022 એમ બે દિવસ યોજાયો હતો. તેમાં વિદેશી રાજદૂતો, સરકારી અધિકારીઓ, CRPF, સશસ્ત્ર દળો, ખાનગી કંપનીઓ, જાહેર સાહસો તથા ડ્રોન સ્ટાર્ટ–અપ સહિત 1,600 થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

→ આ મહોત્સવમાં 70થી વધુ પ્રદર્શકોએ ડ્રોનના વિવિધ ઉપયોગોને પ્રદર્શિત કર્યા હતા. સાથે જ વિવિધ પ્રોડકટ્સનું લોકાર્પણ, વર્ચ્યુઅલી ડ્રોન પાઈલટ પ્રમાણપત્રો પ્રદાન કરવામાં આવ્યા હતા. એર શો, પેનલ ચર્ચા, મેડ ઈન ઈન્ડિયા ડ્રોન ટેકસી પ્રોટોટાઈપ વગેરેનું પ્રદર્શન જેવી પ્રવૃત્તિઓ યોજાઈ હતી.

→ ડ્રોન એ માનવરહિત હવાઈ વાહન (UAVs) છે. તે સુરક્ષાકર્મીઓ, ખેડૂતો વગેરેના જીવનને સરળ બનાવે છે.

❖ **તાતા પાવર કમ્યુનિટી ડેવલપમેન્ટ ટ્રસ્ટ (TPCDT) એ ભારતના પ્રથમ ડિજિટલ ઑટિઝમ સપોર્ટ નેટવર્ક 'પે ઑટેન્શન – અ ડિફરન્ટ માઈન્ડ ઈઝ એ ગિફટેડ માઈન્ડ' લોન્ચ કરવા માટે સેન્ટર ફોર ઓટિઝમ એન્ડ અધર ડિસેબિલિટીઝ રિહેબિલિટેશન રિસર્ચ એન્ડ એજ્યુકેશન (CADRRE) સાથે ભાગીદારી કરી છે.**

❖ **સુપ્રીમ કોર્ટે 19 મે, 2022ના એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા જણાવ્યું હતું કે GST કાઉન્સિલની ભલામણો કેન્દ્ર અને રાજ્ય સરકારોને બંધનકર્તા નથી. અર્થાત GST કાઉન્સિલ જે પણ ભલામણો કરે છે તેને લાગુ કરવી કે નહીં તે નિર્ણય કેન્દ્ર અને રાજ્ય સરકારોએ કરવાનો હોય છે.**

→ ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂડના વડપણ હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે GST કાઉન્સિલની ભલામણો સહયોગી ચર્ચાનું ઉત્પાદન છે અને તે પ્રેરક મૂલ્ય ધરાવે છે. પરંતુ તે અનિવાર્ય નથી કે સંઘીય એકમોમાંથી એકની પાસે હંમેશા ઉચ્ચ હિસ્સો હોવો જોઈએ. સુપ્રીમ કોર્ટની બેન્ચે ઠરાવ્યું હતું કે સંસદ અને રાજ્યની વિધાનસભાઓ પાસે GST અંગે કાયદો બનાવવાની એક સમાન અને અદ્વિતીય શકિતઓ/અધિકારો છે.

❖ **સુપ્રીમ કોર્ટે 11 મે, 2022 ના રોજ 162 વર્ષ જૂના રાજદ્રોહ કાયદા પર રોક લગાવી દીધી છે.**

→ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ઈન્ડિયન પીનલ કોડની કલમ 124A (રાજદ્રોહ)ની જોગવાઈની સમીક્ષા કરવા આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ ભારતમાં વિવાદાસ્પદ રાજદ્રોહ કાનૂનનો અમલ રોકી દેવાશે જ્યારે કેન્દ્ર સરકાર તેની સમીક્ષા કરશે. મુખ્ય ન્યાયમૂર્તિ એન.વી.રમણ તથા ન્યાયમૂર્તિઓ સૂર્યકાંત અને હિમા કોહલીની બેન્ચે વચગાળાનો આદેશ આપતા કહ્યું હતું કે જ્યાં સુધી કેન્દ્ર સરકાર રાજદ્રોહ કાયદાની સમીક્ષા ના કરી લે, ત્યાં સુધી દેશમાં કયાંય પણ રાજદ્રોહ કાયદા હેઠળ કેસ નહીં લેવાય.

❖ **એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI)એ કલાકારો, મહિલાઓ, કારીગરોની પ્રતિભાને પ્રોત્સાહન આપવા તથા તેઓને યોગ્ય તકો પૂરી પાડવાના ઉદ્દેશ સાથે અવસર (એરપોર્ટ એઝ વેન્યૂ ફોર સ્કિલ્ડ આર્ટિસન્સ ઓફ ધ રિજિયન – AVSAR) યોજના લોન્ચ કરી છે.**

→ આ યોજનાથી ગરીબોને કમાણી કરવામાં મદદ કરવાનો અવસર પ્રદાન કરાશે જેથી તેઓ તેમના પરિવારોને આત્મનિર્ભરતા માટે ગતિશીલ બનાવી શકે. આ પહેલ હેઠળ સ્વસહાય જૂથોને એરપોર્ટ ખાતે જગ્યા ફાળવાશે જ્યાં તેઓ ચોક્કસ ક્ષેત્રના સ્વનિર્મિત ઉત્પાદનો પ્રદર્શિત કરી શકશે કે વેચી શકશે.

→ અગરતલા, ચેન્નઈ, કુશીનગર, દેહરાદૂન, અમૃતસર તથા ઉદયપુર ખાતે AAI સંચાલિત એરપોર્ટ ખાતે જૂન દુકાનો શરૂ કરી દેવાઈ છે જ્યાં સ્થાનિક મહિલાઓ દ્વારા સંચાલિત સ્વસહાય જૂથો તેમની સ્થાનિક ગૃહ બનાવટના ઉત્પાદનોનું પ્રદર્શન અને માર્કેટિંગ કરી રહ્યા છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (CCEA) એ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાનૂન (નેશનલ ફૂડ સિકયોરિટી એકટ–NFSA) હેઠળ લક્ષ્યાંકિત જાહેર વિતરણ પ્રણાલી (TPDS) મારફત પોષક ચોખાનો પુરવઠો જૂન 2024 સુધી પૂરો પાડવાની મંજૂરી આપી દીધી.**

→ અન્ન સબસિડીના ભાગરૂપે, કેન્દ્ર સરકાર જૂન 2024 સુધી યોજનાના પૂર્ણ અમલીકરણ સુધી ચોખાને પોષક બનાવવા માટે પ્રતિવર્ષ રૂ. 2,700 કરોડનો સંપૂર્ણ ખર્ચ ભોગવશે.

→ પોષણયુકત ચોખાનું વિતરણ લક્ષ્યાંકિત જાહેર વિતરણ પ્રણાલી (TPDS) (જે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાનૂન (NFSA) અંતર્ગત આવે છે), PM POSHAN, ઈન્ટેગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસીઝ (ICDS) તથા અન્ય સરકારી કલ્યાણ યોજનાઓ મારફત કરાશે.

- **તાજેતરમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે એ રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ સલાહકાર પરિષદ (NSAC)ની બેઠકમાં Navic ગ્રાન્ડ ચેલેન્જનો શુભારંભ કર્યો.**
  - → Navic ગ્રાન્ડ ચેલેન્જનો ઉદ્દેશ Navicને જિયો પોઝિશનિંગ સમાધાન અને ડિજિટલ આત્મનિર્ભરતાના મુખ્ય પ્રસ્તાવક તરીકે પ્રોત્સાહિત કરવાનો છે.
  - → નેશનલ સ્ટાર્ટઅપ એડવાઈઝરી કાઉન્સિલ (NSAC) નું ગઠન ઉદ્યોગ અને આંતરિક વ્યાપાર પ્રમોશન વિભાગ (DPIIT) દ્વારા કરવામાં આવ્યું હતું. તે સરકારને સતત આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા અને મોટાપાયે રોજગારી સર્જન કરવા સાથે દેશમાં નવાચાર અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહિત કરવા માટે મજબૂત વાતાવરણ તૈયાર કરવા માટે સલાહ આપશે.
  - → હાલમાં ભારત સ્ટાર્ટઅપની સંખ્યાની દ્દષ્ટિએ વિશ્વનું ત્રીજું સૌથી મોટું પરિતંત્ર છે.
- **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બેંગલુરુ ખાતે આયોજિત ત્રિદિવસીય ચાલનારા 'સેમીકોન ઈન્ડિયા સંમેલન 2022'નું ઉદ્દ્ઘાટન કર્યું હતું.**
  - → થીમ : 'કેટલાઈઝિંગ ઈન્ડિયાઝ સેમીકન્ડકટર ઈકોસિસ્ટમ'
  - → તેનું આયોજન ઈન્ડિયા સેમીકન્ડકટર મિશન દ્વારા અન્ય ઉદ્યોગ સંઘોની ભાગીદારીથી કરવામાં આવ્યું હતું. તેનો ઉદ્દેશ ભારતની સેમીકન્ડકટર ઈકોસિસ્ટમને મજબૂતી પ્રદાન કરવાનો છે. આ સંમેલન ભારતે સેમીકન્ડકટર ડિઝાઈન, નિર્માણ અને ટેકનોલોજીના વિકાસ માટે વૈશ્વિક હબ બનાવવાની દિશામાં ઈન્ડિયા સેમીકન્ડકટર મિશનના દ્રષ્ટિકોણને આગળ ધપાવવા ચાલક બળની ભૂમિકા ભજવશે.
- **22 – 23 મે, 2022ના રોજ ક્ષેત્રીય સમુદ્રી સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ભારત અને બાંગ્લાદેશના નૌકાદળોનો ચોથો CORPAT અભ્યાસ બંગાળની ખાડીમાં યોજાયો હતો.**
  - → બંને પક્ષોએ આંતરરાષ્ટ્રીય સમુદ્રી સીમા રેખા પર સંયુકત પેટ્રોલિંગ કર્યું હતું. આ અભ્યાસમાં ભારત તરફથી સ્વદેશમાં નિર્મિત ભારતીય નૌકાદળ જહાજ INS કોરા, એક ગાઈડેડ મિસાઈલ કોર્વેટ અને ઓફશોર પેટ્રોલિંગ જહાજ સુમેધા તથા બાંગ્લાદેશ નેવી શિપ અલી હૈદર અને BNS અબુ ઉબૈદાએ ભાગ લીધો હતો.

## આંતરરાજ્ય

- **મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રાલય (MoFAHD) અંતર્ગતના પશુપાલન અને ડેરી વિભાગ (DAHD), ભારત સરકારે ઉત્તરાખંડમાં વન હેલ્થ પાઈલટ પ્રોજેકટ લોન્ચ કર્યો છે.**
  - → હેલ્થ પાઈલટ પ્રોજેકટનો ઉદ્દેશ વન હેલ્થ સપોર્ટ યુનિટ દ્વારા વન હેલ્થ ફ્રેમવર્કને લાગુ કરવાનો છે. વન હેલ્થ પાઈલટ પ્રોજેકટ કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) અને ધ બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન (BMGF)ના સહયોગમાં લોન્ચ કરાયો છે.
  - → ઉત્તરાખંડમાં લાગુ વન હેલ્થ પાઈલટ પ્રોજેકટ ભારત માટે વન હેલ્થ ફ્રેમવર્કની રચનાને સહાય કરશે અને એક મજબૂત સામાજિક આંતરમાળખાના નિર્માણમાં પણ મદદરૂપ બનશે જે લોકો અને ગ્રહના સ્વાસ્થ્યનું સમર્થન કરશે.
- **તાજેતરમાં આસામના દીમા હસાઓ જિલ્લામાં પુરાતત્વવિદ્દોએ મહાપાષાણ કાળના કેટલાય પથ્થરના ઘડાઓ / કળશો (મેગાલિથિક સ્ટોન જાર)ની શોધ કરી છે.**
  - → એવું માનવામાં આવે છે કે તેનો ઉપયોગ દીમા હસાઓ જિલ્લામાં ચાર સ્થળો પર અનુષ્ઠાન માટે કરાતો હશે. અમુક કળશો (ઘડાઓ) લાંબા અને વેલણાકાર છે, જ્યારે અન્ય આંશિક અને સંપૂર્ણ રીતે જમીનમાં દટાયેલા છે. તે પૈકીના અમુક ત્રણ મીટર સુધી ઊંચા અને બે મીટર પહોળા હતા. અમુક કળશોમાં સજાવટ અને નકશીકામ કરાયેલું છે, જ્યારે અન્ય સાદા છે. આ શોધે દક્ષિણ પૂર્વ એશિયા અને ભારતના પૂર્વોત્તર ક્ષેત્ર વચ્ચે બીજી સહસ્ત્રાબ્દી ઈસા પૂર્વની સંભવિત લિંકને ઉજાગર કરી છે.
  - → 'એન આર્કિયોલોજિકલ સર્વે ઓફ ધ આસામ સ્ટોન જાર સાઈટ્સ' પેપરમાં ત્રણ અલગ–અલગ આકારના જારનું દસ્તાવેજીકરણ કરાયું છે. નુચુબંગ્લો નામના એક સ્થળે 546 જારની શોધ કરાઈ છે. ઈન્ડોનેશિયા અને લાઓસ જ એવો બે અન્ય સ્થળો છે જ્યાં આ પ્રકારના જાર શોધાયા છે.
- **રાજસ્થાન એલ રૂટ સર્વર (L-root Server) પ્રાપ્ત કરનારું દેશનું પહેલું રાજ્ય છે.**
  - → અવિરત્ ઈન્ટરનેટ કનેકિટવિટી સાથે આ સર્વર રાજ્ય સરકારને મુખ્ય ડિજિટલ સેવાઓ પ્રદાન કરવા તથા ઈ–ગવર્નન્સ લાગુ કરવામાં મદદ કરશે. આ નવી સુવિધા ઈન્ટરનેટના બુનિયાદી આંતરમાળખાને મજબૂત કરશે તથા તમામ ઈન્ટરનેટ આધારિત સંચાલનની સ્થિતિસ્થાપકતા અને સુરક્ષામાં સુધારો કરવામાં પણ મદદ કરશે. આ નવું સર્વર રાજસ્થાનના ભામાશાહ સ્ટેટ ડેટા સેન્ટર, જયપુરમાં ઈન્ટરનેટ કોર્પોરેશન ફોર અસાઈન્ડ નેમ્સ એન્ડ નંબર્સ (ICANN)ના સહયોગથી સ્થપાયું હતું.
  - → આ નવા સ્થાપિત રૂટ સર્વરથી ડોમેઈન નેમ સિસ્ટમ માટે રાજ્ય હવે કોઈ રૂટ સર્વર પર નિર્ભર નહી રહે. હવે સમગ્ર ભારત કે એશિયામાં કોઈપણ પ્રાકૃતિક આપત્તિ અથવા ટેકનિકલ ખામીને કારણે ઈન્ટરનેટ કનેકિટવિટીમાં મુશ્કેલી સર્જાય તો રાજસ્થાન કોઈપણ અડચણ વગર ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકશે તથા રાજ્યને હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેકિટવિટી પણ આ સર્વર નિશ્ચિત કરશે.
- **તાજેતરમાં બિહારમાં બિહારના મુખ્યમંત્રી દ્વારા ભારતના પ્રથમ ગ્રીનફિલ્ડ અનાજ આધારિત ઈથેનોલ પ્લાન્ટનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું.**
  - → આ પ્લાન્ટની સ્થાપના ઈસ્ટર્ન ઈન્ડિયા બાયોફ્યુઅલ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરવામાં આવી છે. ઈથેનોલ પ્લાન્ટ ઝીરો લિકિવડ ડિસ્ચાર્જ (ZLD) પ્લાન્ટ છે. બિહારની ઈથેનોલ પ્રોડકશન એન્ડ પ્રમોશન પોલિસી – 2021 ને કેન્દ્રએ લીલી ઝંડી આપ્યા બાદ આ પહેલો વિકસિત પ્લાન્ટ છે. આ પ્લાન્ટ 15 એકર જમીન પર બાંધવામાં આવ્યો છે અને દરરોજ 150 ટન મકાઈ અને ચોખાનો ઉપયોગ કરીને દરરોજ 65,000 લિટર ઈથેનોલનું ઉત્પાદન કરવા સક્ષમ છે.

❖ **તાજેતરમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC)એ આસામના તિનસુકિયા જિલ્લામાં પ્રાયોગિક ધોરણે M15 પેટ્રોલ લોન્ચ કર્યું છે.**

→ M15એ 15% મિથેનોલ અને 85% પેટ્રોલનું મિશ્રણ છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) દ્વારા તિનસુકિયા જિલ્લા (આસામ)માં મિથેનોલની તૈયાર ઉપલબ્ધતાને કારણે પાયલોટ રોલઆઉટ હાથ ધરવામાં આવ્યો હતો. જેનું ઉત્પાદન આસામ પેટ્રોકેમિકલ લિમિટેડ દ્વારા દિગ્બોઈ રિફાઈનરી નજીકમાં કરવામાં આવી રહ્યું છે.

❖ **મેરકોમના ઈન્ડિયા સોલાર પ્રોજેક્ટ ટ્રેકરના જણાવ્યા અનુસાર રાજસ્થાન મોટા પાયે 10 GW સંચિત સૌર સ્થાપનો (Installations) ને પાર કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.**

→ રાજસ્થાનમાં કુલ સ્થાપિત વીજ ક્ષમતા 32.5 GW છે. રાજસ્થાનમાં સ્થાપિત પાવર ક્ષમતામાં રિન્યુએબલ એનર્જીનો ફાળો 55% છે. જ્યારે થર્મલ ઊર્જા 43% ફાળો આપે છે અને અણુ ઊર્જા બાકીના 2% ફાળો આપે છે. રાજસ્થાનમાં સૌર એ મુખ્ય સ્ત્રોત છે, જે લગભગ 36% વીજળી ક્ષમતા મિશ્રણ અને 64% નવીનીકરણીય ઊર્જાનો હિસ્સો ધરાવે છે.

❖ **વારાણસીમાં સ્કીલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર બનાવવામાં આવશે.**

→ ઉત્તરપ્રદેશના વારાણસીમાં સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC) અને UAEના DP વર્લ્ડ વચ્ચે એક MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. DP વર્લ્ડની ભારતીય શાખા હિન્દુસ્તાન પોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ MoU પર ભારતના યુવાનોને પોર્ટ ઓપરેશન્સ, લોજિસ્ટિકસ અને સંલગ્ન ક્ષેત્રોમાં વિદેશી રોજગારીની તકો મેળવવા માટે પ્રોત્સાહિત કરવા માટે હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. તેનો ઉદ્દેશ્ય ભારતીય યુવાનોને ઉચ્ચ ગુણવત્તાની તાલીમ આપવાનો છે. આ કેન્દ્રો કેનેડા, UAE માં ઉપલબ્ધ તાલીમ સુવિધાનું આયોજન કરશે. ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (GCC) પ્રદેશ જેવા દેશોમાં સ્થિત વિવિધ આંતરરાષ્ટ્રીય નોકરીદાતાઓ દેશના યુવાનોને માંગ મુજબ કૌશલ્ય પ્રદાન કરશે.

❖ **જૈવિક કચરા અથવા ઓર્ગેનિક વેસ્ટ પર ચાલતા ભારતના પ્રથમ ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ચાર્જિંગ સ્ટેશનનું ઉદ્દ્ઘાટન મહારાષ્ટ્રના પર્યટન મંત્રી આદિત્ય ઠાકરે દ્વારા મુંબઈના કેશવરાવ ખાર્ડ માર્ગ ખાતે કરવામાં આવ્યું છે.**

→ આ ઓર્ગેનિક વેસ્ટ–સંચાલિત ચાર્જિંગ સ્ટેશન એરકોર કલીન એનર્જી અને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ના વોર્ડ ડી દ્વારા સંયુકત રીતે વિકસાવવામાં આવ્યું છે.

❖ **આર્થિક બાબતોની મંત્રીમંડળીય સમિતિએ જમ્મુ અને કાશ્મીરના કિશ્વર જિલ્લામાં ચિનાબ નદી પર સ્થિત 540 મેગાવોટના કવાર હાઈડ્રો ઈલેકિટ્રક પ્રોજેકટ માટે 4,526.12 કરોડ રૂપિયાના રોકાણને મંજૂરી આપી છે.**

→ આ આગામી જળવિદ્યુત પરિયોજના સિંધુ બેસિનનો એક ભાગ છે. આ પ્રોજેકટ જિલ્લામાં આવનાર ચાર પ્રોજેકટમાંથી એકનો ભાગ છે. આ પ્રોજેકટમાં 624 મેગાવોટનો રન–ઓફ–ધ–રિવર કિરૂ જળવિદ્યુત પ્રોજેકટ અને 1,000 મેગાવોટનો પાકલ દુલ જળવિદ્યુત પ્રોજેકટ સામેલ છે.

❖ **અરુણાચલ પ્રદેશમાં મળી આવેલી પ્રાચીન વાનરની એક નવી પ્રજાતિને સેલા પાસના નામ પરથી સેલા મકાક નામ અપાયું છે.**

→ આ નામ સમુદ્ર સપાટીથી 13,700 ફીટની ઊંચાઈએ સ્થિત એક વ્યૂહાત્મક પહાડી પાસના નામ પરથી રખાયું છે. પ્રાચીન વાનરની આ નવી પ્રજાતિની ઓળખ ઝૂલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ZSI) અને કલકત્તા યુનિવર્સિટીના વિશેષજ્ઞોની એક ટીમે કરી હતી. સેલા પાસ પશ્ચિમ અરુણાચલ પ્રદેશમાં દિરાંગ અને તવાંગ શહેરો વચ્ચે સ્થિત છે.

❖ **કેરળ તાજેતરમાં વધુ એક વાઈરલ બિમારીની ચપેટમાં આવી ગયું છે.**

→ આ બિમારીને ટોમેટો ફ્લૂના નામે ઓળખવામાં આવે છે. આ એક દુર્લભ વાઈરલ બિમારી છે જેના કારણે શરીર પર ટામેટા આકારના ફોલ્લાં પડી જાય છે. 11 મે, 2022 સુધી રાજ્યના લગભગ 80 બાળકો જે 5 વર્ષથી ઓછી ઉંમરના હતા તે આ બિમારીની પ્રભાવિત થયા હતા. કેરળમાં બધા જ 80 કેસો કોલ્લમ જિલ્લામાંથી નોંધાયા છે.

→ ટોમેટો ફ્લૂ એક પ્રકારનો ફ્લૂ છે જે ચેપગ્રસ્ત બાળકના શરીર પર લાલ ફોલ્લાંઓ અને ચકામાનું કારણ બને છે. તે સામાન્ય રીતે લાલ રંગના હોય છે અને તેથી તેને ટોમેટો તાવ અથવા ટોમેટો ફ્લૂ તરીકે ઓળખવામાં આવે છે. કેટલાય સ્વાસ્થ્ય વિશેષજ્ઞોએ જણાવ્યું છે કે, આ વાઈરલ બિમારી સંભવતઃ ડેન્ગ્યૂ અથવા ચિકનગુનિયાનો પ્રભાવ છે.

❖ **ગ્રીનકો સમૂહ અને આંધ્રપ્રદેશ સરકાર આંધ્ર પ્રદેશના કુર્નૂલ જિલ્લામાં 5,230 મેગાવોટ (MW) સંગ્રહ કરવાની ક્ષમતા સાથે દુનિયાનો સૌથી મોટો ઈન્ટેગ્રેટેડ રિન્યૂએબલ એનર્જી સ્ટોરેજ પ્રોજેકટ (IRESP) સ્થાપી રહી છે.**

→ જે પવન અને સૌર ક્ષમતા સાથે તેના પ્રકારનો આ પ્રથમ એકલ સ્થાન એનર્જી સ્ટોરેજ પ્રોજેકટ છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી યેદુગરી સંદિતી વાય એસ જગન મોહન રેડ્ડીએ આ પ્રોજેકટનો શિલાન્યાસ કર્યો હતો. આ પ્રોજેકટને 2023ના ચોથા ત્રિમાસિક સુધીમાં ચાલુ કરવાની યોજના છે.

❖ **દેશમાં સૌપ્રથમવાર દિલ્હી સરકારે દિલ્હીમાં આગ બુઝાવવા માટે રોબોટના ઉપયોગની અનોખી પહેલ શરૂ કરી છે.**

→ દિલ્હી અગ્નિશામક દળમાં બે રોબોટને સામેલ કરાતા તે સાંકડી ગલીઓ, ગોડાઉનો, બેઝમેન્ટ, સીડીઓ અને જંગલોમાં આસાનીથી આગ ઓલવવામાં સક્ષમ હશે અને તેલ અને રાસાયણિક ટેન્કરો તેમજ કારખાનાઓ જેવી જગ્યાઓમાં પ્રવેશ કરી શકશે.

❖ **તેલંગાણા સરકારે ફાર્માસ્યુટિકલ્સની મોટી કંપનીઓ ડો.રેડ્ડીઝ લેબોરેટરી અને લોરસ લેબ્સ સાથે મળીને ડો. રેડ્ડીઝ ઈન્સ્ટિટયૂટ ઓફ લાઈફ સાયન્સીઝ (DRILS) હૈદરાબાદ, તેલંગાણામાં ભારતનો તેના પ્રકારનું પ્રથમ ફલો કેમિસ્ટ્રી ટેકનોલોજી હબ (FCT) સ્થાપ્યું છે.**

→ આ હબ મેડિસિન રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R & D) અને એકિટવ ફાર્માસ્યુટિકલ ઈનગ્રેડિયન્ટ્સ (API) બનાવવા માટેની સુવિધા પ્રદાન કરે છે.

❖ **ઓડિશા સરકારે ભારતની પ્રથમ ટ્રાઈબલ હેલ્થ ઓબ્ઝર્વેટરી (TriHOb)ની સ્થાપના કરી છે, જે ઓડિશામાં આદિવાસી વસતીના આરોગ્ય સંબંધિત ડેટાના સ્ટોરેજ તરીકે કાર્ય કરે છે.**

→ TriHOb ઓડિશાની અનુસૂચિત જનજાતિ (ST) અને અનુસૂચિત જાતિ (SC) વિકાસ, લઘુમતી અને અન્ય પછાત વર્ગ કલ્યાણ વિભાગ અને પ્રાદેશિક મેડિકલ રિસર્ચ સેન્ટર (RMRC), ભુવનેશ્વર (ઓડિશા) ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)ના પ્રાદેશિક કેન્દ્ર વચ્ચે હસ્તાક્ષરિત સમજૂતી (MoU)ના ભાગરૂપે સ્થાપવામાં આવ્યું છે. TriHObની ડિઝાઈન અસરકારક, સાક્ષ્ય આધારિત અને નીતિ ઉન્મુખ કેન્દ્ર તરીકે કરવામાં આવી છે.

## ગુજરાત

❖ **સુરત આંતરરાષ્ટ્રીય પ્રદર્શન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC) ખાતે ત્રિદિવસીય સ્માર્ટ સિટીઝ, સ્માર્ટ શહેરીકરણ સંમેલનનું ઉદ્‌ઘાટન કરાયું હતું.**

→ સંમેલનના મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી હરદીપસિંહ પુરી હતા. ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA), ગુજરાત સરકાર દ્વારા સુરત સ્માર્ટ સિટી કોર્પોરેશન ડેવલપમેન્ટ લિ. સાથે આયોજિત સંમેલન આઝાદી કા અમૃત મહોત્સવના સ્પષ્ટ આહ્‌વાન અંતર્ગત યોજાયું હતું. તેમાં MoHUA ના રાજ્ય મંત્રી કૌશલ કિશોર, રેલવે રાજ્ય મંત્રી દર્શના જરદોશે ભાગ લીધો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક વીડિયો સંદેશના માધ્યમથી આ કાર્યક્રમને સંબોધિત કર્યો હતો.

→ સંમેલન સ્થળે 5 વિષયો પર આધારિત 5 વિષયગત પેવેલિયનો પણ પ્રદર્શિત કરાયા હતા. ડિજિટલ ગવર્નન્સ પેવેલિયન (ડિજિટલ દુનિયા) – ડેટા અને ડિજિટલ ટેકનિકની સાથે સમુદાયોને સશકત બનાવવા. ઈનોવેશન બાજાર પેવેલિયન (ઈનોવેશન બાજાર) : સામાજિક મુદ્દાઓને પરિભાષિત અને હલ કરવા. કલાઈમેટ–સ્માર્ટ સિટીઝ પેવેલિયન (કલાઈમેટ કાફે) : શહેરોમાં કલાઈમેટ એકશન બનાવવા માટે. સ્માર્ટ ફાઈનાન્સ પેવેલિયન (નાણાંનો અડ્ડો) : રાષ્ટ્રના ધનના ચાલક તરીકે શહેર. જાહેર સ્થળ પેવેલિયન (મહોલ્લાઓ પર ચર્ચા)

→ સ્માર્ટ સિટીઝ મિશન અને સુરત નગર નિગમે પાર્ક, આંગણવાડી, જાહેર સ્વાસ્થ્ય કેન્દ્ર, નગરપાલિકા સ્કૂલ, સાઈકલ સ્ટેન્ડની સાથે બસ સ્ટોપ, ફૂડ પ્લાઝા, EV ચાર્જિંગ સ્ટેશન અને હાથસાળની દુકાન જેવી જાહેર સુવિધાઓ સાથે સંમેલન સ્થળે 30,000 ચો.ફૂટનો એક કામચલાઉ, આદમકદ પાડોશ બનાવ્યો હતો. પાડોશનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય મંત્રી હરદીપસિંહ પુરીએ કર્યું હતું. પાડોશ શહેરી આયોજન અને ડિઝાઈન, વાસ્તુકલા, પદિશ્ય ડિઝાઈન, વાહનવ્યવહાર અભ્યાસ અને સિવિલ એન્જિનિયરિંગમાં વિશેષજ્ઞતા ધરાવતા વ્યાવસાયિકો દ્વારા બનાવાયો હતો.

❖ **ભારતીય તટરક્ષક જહાજ 'ઊર્જા પ્રવાહ' ગુજરાતના ભરૂચમાં ભારતીય તટરક્ષક દળમાં સામેલ કરવામાં આવ્યું છે.**

→ ઊર્જા પ્રવાહ 22 એપ્રિલ, 2022ના રોજ કોચી પહોંચ્યું અને તટરક્ષક જિલ્લા મુખ્યાલય–4 (માહે અને કેરળ) ઓપરેશનલ કમાન્ડને આધીન રહેશે. ઊર્જા પ્રવાહમાં 1.85 મીટરનો ડ્રાફટ છે અને તે 39.36 મીટર લાંબુ છે. તેને ક્રમશઃ 10 ટન, 50 ટન અને 40 ટનની મર્યાદા સાથે કાર્ગો વિમાન ઈંધણ, જહાજ ઈંધણ અને મીઠા પાણી માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ નવું જહાજ તટરક્ષક દળના જહાજોને લોજિસ્ટિકસ સહાય પ્રદાન કરીને ભારતીય તટરક્ષક દળ (ICG)ની કામગીરી વધારવામાં મદદ કરશે.

❖ **ગુજરાતમાં સૌપ્રથમ સોલર સિસ્ટમથી વીજળી પ્રાપ્ત કરવાનું બહુમાન જૂનાગઢ જિલ્લા પંચાયતને મળ્યું છે.**

→ તાજેતરમાં 68 કિલોવોટની સોલર સિસ્ટમનું લોકાપર્ણ જિલ્લા પંચાયત કચેરી ખાતે કરાયું હતું. રૂ. 24 લાખના ખર્ચે લાગેલી આ સિસ્ટમથી વર્ષે 2,091 ટન કાર્બન ઉત્સર્જન અટકાવી શકાશે અને જિલ્લા પંચાયતને દર વર્ષે વીજ બિલમાં રૂ. 9 થી 10 લાખનો ફાયદો થશે.

❖ **ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે પી.ભારતીની નિમણૂક કરવામાં આવી.**

→ ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી ડિસેમ્બર 2022માં યોજવાની થાય છે તે દરમિયાન માત્ર 12 જ મહિનામાં ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી પદેથી વર્ષ 2000 ની બેચના ગુજરાત કેડરના IAS અધિકારી અનુપમ આનંદને બદલીને તેમના સ્થાને 2005ની બેચના જુનિયર કક્ષાના લેબર કમિશનર પી.ભારતીની નિમણૂક કરાઈ છે.

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના ગણદેવીના બિલીમોરા સ્થિત કાવેરી નદી પર રૂ. 250 કરોડના ખર્ચે 'વાઘરેચ ટાઈડલ રેગ્યુલેટર ડેમ પ્રોજેકટ'નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.**

→ આ ઉપરાંત બિલીમોરા નગરપાલિકા વિસ્તારમાં રેલવે ફાટક નં. 108-109 ઉપર રાજ્યના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના અનુદાનથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ. 55 કરોડના ખર્ચે નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું ઈ–લોકાર્પણ સંપન્ન થયું હતું.

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ગબ્બર ખાતે રૂ. 13.35 કરોડના ખર્ચે નવનિર્મિત ભારતના સૌથી મોટા લાઈટ એન્ડ સાઉન્ડ શોનો પ્રારંભ કરાવ્યો.**

→ આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, અંબાજી ગબ્બર ખાતે નવનિર્મિત ભારતનો સૌથી મોટો 'લાઈટ એન્ડ સાઉન્ડ શો' આવનારા સમયમાં અંબાજી તીર્થધામનું અનેરુ આકર્ષણ કેન્દ્ર બનવાનું છે. મુખ્યમંત્રીએ પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે સાંસ્કૃતિક વિલેજનું ઉદ્‌ઘાટન અંબાજી મંદિરની અદ્યતન વેબસાઈટનું લોન્ચીંગ તેમજ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા વિકસાવવામાં આવેલી મોબાઈલ એપનું પણ લોન્ચિંગ કર્યું હતું.

❖ **તાતા પાવર રિન્યૂએબલ્સ એનર્જી લિમિટેડ (TPREL) એ દેશની સૌથી મોટી સિંગલ–એકિસસ સોલર ટ્રેકર સિસ્ટમ સાથે ગુજરાતના ધોલેરામાં 300 મેગાવોટ (MW)નો સોલર પ્લાન્ટ શરૂ કર્યો છે.**

→ આ પ્રોજેકટ વાર્ષિક ધોરણે 774 મિલિયન યુનિટ (MU) અક્ષય ઊર્જા પેદા કરશે તથા પ્રતિવર્ષ લગભગ 7,04,340 મેટ્રિક ટન કાર્બન ઉત્સર્જન ઓછું કરશે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ત્રિદિવસીય ગુજરાત પ્રવાસના પ્રથમ દિવસે ગાંધીનગર ખાતે શિક્ષણ મૂલ્યાંકન માટેના વૈશ્વિક કક્ષાના દેશના પ્રથમ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની મુલાકાત લીધી હતી.**

→ વડાપ્રધાને આ સેન્ટરને વિદ્યા સમીક્ષા કેન્દ્ર નામ આપ્યું હતું. આ સેન્ટરમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો અંગે વાર્ષિક 500 કરોડ ડેટાસેટ એકત્ર કરવામાં આવે છે અને વિદ્યાર્થીઓ માટે શીખવાના સમગ્ર પરિણામો વધારવા માટે મોટા ડેટા એનાલિટિકસ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગનો ઉપયોગ કરી તેમનું સાર્થક વિશ્લેષણ કરાય છે. કેન્દ્ર શિક્ષકો અને વિદ્યાર્થીઓની દૈનિક ઓનલાઈન હાજરીને ટ્રેક કરવામાં પણ મદદ કરે છે.

❖ **વડાપ્રધાન મોદીએ 'દૂધવાણી' (90.4 FM) નામના એક સામુદાયિક રેડિયો સ્ટેશનનું ઉદ્‌ઘાટન કર્યું હતું જે પશુપાલનને સમર્પિત છે.**

→ બનાસ ડેરી સામુદાયિક રેડિયો સ્ટેશન બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા સ્થાપિત કરાયું છે જેને બનાસ ડેરીના નામે પણ ઓળખવામાં આવે છે.

→ આ દેશનું એવું પહેલું સામુદાયિક રેડિયો સ્ટેશન છે જે સંપૂર્ણપણે પશુપાલકોને સમર્પિત છે. ઓલ ઈન્ડિયા રેડિયોના સહયોગથી નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) એ એક દ્વિસાપ્તાહિક પોડકાસ્ટ શ્રૃંખલા શરૂ કરી છે જે દેશના ડેરી કિસાનોને સમર્પિત છે.

- **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાહોદમાં વિરાટ આદિજાતિ મહાસંમેલનને સંબોધી રૂ. 22,000 કરોડના વિકાસ કામોની સોગાદ આપી હતી.**
  → આ ઐતિહાસિક આદિજાતિ મહાસંમેલન માટે જર્મન ટાઈપનો એશિયાનો સૌથી મોટો ડોમ બનાવાયો હતો જેમાં બે લાખ લોકોને બેસાડવાની ક્ષમતા હતી. સમગ્ર એશિયામાં આટલો મોટો ડોમ પ્રથમ વખત બનાવાયો હોવાનું જાણવા મળ્યું છે.
- **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાહોદ ખાતે રેલવેના હાઈસ્પીડ ઈલેક્ટ્રિક એન્જિન ઉત્પાદન એકમનો શિલાન્યાસ કર્યો હતો.**
  → આ ઉત્પાદન એકમમાં 9000 હોર્સ પાવર (HP)ના ઈલેક્ટ્રિક લોકોમોટિવ રેલવે એન્જિન બનાવાશે. જે મેક ઈન ઈન્ડિયાને ગતિ આપવાની સાથે દુનિયાના દેશોની ઈલેક્ટ્રિક રેલવે એન્જિનની માંગ પૂરી કરશે. દિલ્હી–મુંબઈ મુખ્ય રેલવે લાઈન ઉપર આવેલું દાહોદનું વર્કશોપ પશ્ચિમ રેલવેનું સૌથી જૂનું વર્કશોપ છે. હાલમાં તેમાં વિવિધ પ્રકારના એન્જિન, વેગન, મેમુ અને ડેમુનું મેન્ટેનન્સ થાય છે.
- **1 મે, 2022ના રોજ ગુજરાતના 62મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી છે.**
  → ગુજરાતનો સ્થાપના દિવસ 'ગુજરાત ગૌરવ દિવસ' તરીકે ઓળખાય છે. ગુજરાત સ્થાપના દિવસ 2022ની રાજ્ય કક્ષાની ઉજવણી પાટણ શહેરમાં કરવામાં આવી હતી.
- **વડાપ્રધાને ભરૂચમાં આયોજિત 'ઉત્કર્ષ સમારોહ' કાર્યક્રમને વર્ચ્યુઅલ રીતે સંબોધન કર્યું હતું.**
  → જિલ્લા વહીવટી તંત્રની ઉત્કર્ષ પહેલ હેઠળ ગંગા સ્વરૂપ બહેનોને રાજ્ય સરકારની નાણાકીય સહાય માટે કાર્યરત યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ સહાય યોજના, નિરાધાર વૃદ્ધ નાણાકીય સહાય યોજના અને રાષ્ટ્રીય પરિવાર સહાય યોજનામાં દેશમાં સૌપ્રથમ વખત 100 ટકા લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે.
- **આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક બાબતોના મંત્રાલય, રાજ્ય સરકારના રમત–ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અને સંગ્રહાલયના નિયામકના સહયોગથી આયોજિત 'વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ'નો મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરના મહાત્મા મંદિરથી પ્રારંભ કરાવ્યો હતો.**
  → મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના પ્રાચીન નગર વડનગરના ભવ્ય ઈતિહાસ અને સાંસ્કૃતિક વિરાસતને વિશ્વ સમક્ષ લેન્ડ માર્ક હેરિટેજ ટુરિઝમ ડેસ્ટિનેશન તરીકે પ્રસ્તુત કરવાનો રાજ્ય સરકારનો નિર્ધાર વ્યકત કર્યો છે.
- **વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 2070 સુધીમાં ભારતને નેટ ઝીરો ઈમિશન્સ શૂન્ય ઉત્સર્જન સુધી પહોંચાડવા દર્શાવેલી પ્રતિબદ્ધતામાં ગુજરાતે એક પહેલરૂપ કદમ ભર્યું છે.**
  → મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર અને એનર્જી પોલિસી ઈન્સ્ટિટ્યૂટ યુનિવર્સિટી ઓફ શિકાગો તેમજ સાઉથ એશિયાની જે–પાલ વચ્ચે આ અંગેના MoU સંપન્ન થયા હતા. આ MoU ના પરિણામે કાર્બન માર્કેટના આયોજન અંગે વિચાર કરનારુ દેશભરમાં પ્રથમ રાજ્ય ગુજરાત બનશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નવેમ્બર 2021 ગ્લાસગોમાં યોજાયેલી COP-26માં ભારતને 2070 સુધીમાં નેટ ઝિરો ઈમિશન્સ તરફ લઈ જવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ સંદર્ભમાં ભારતે 2030 સુધીમાં 500 ગીગાવોટ નોન–ફોલિલ ફયુઅલ ઈલેક્ટ્રિસિટી કેપેસિટી સુધી પહોંચવા પાંચ લક્ષ્યાંકો નિર્ધારિત કરેલા છે.
  → ગુજરાત દેશમાં સૌથી વધુ વાયબ્રન્ટ ઈકોનોમી તરીકે ગ્રીન હાઉસ ગેસ–ઉત્સર્જનમાં ફાળો આપનારૂ રાજ્ય છે. ગુજરાત સરકારે $CO_2$ માર્કેટ શરૂ કરવા માટે પહેલરૂપ એવા આ MoU કર્યા છે.
- **ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં રામ કથા ગ્રાઉન્ડ ખાતે 27 થી 29 મે દરમિયાન ત્રણ દિવસીય 'રાષ્ટ્રીય કેરી મહોત્સવ 2022' નું ઉદ્‌ઘાટન કર્યું હતું.**
  → મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ ઉત્સવમાં ભાગ લેનાર વિવિધ રાજ્યોના કેરી ઉત્પાદકો અને વેચાણકર્તાઓને પણ અભિનંદન પાઠવ્યા હતા.
- **મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના 14 જિલ્લાના આદિજાતિ બાંધવોને વાંસ આધારિત રોજગારી આપી આત્મનિર્ભર બનાવવાની નવતર પહેલના ભાગરૂપે અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટના વનબંધુઓને રૂ. 20 કરોડના 42 લાખ વાંસના વિનામૂલ્યે વિતરણનો ડેડીયાપાડાથી પ્રારંભ કરાવ્યો હતો.**
  → તેમણે જણાવ્યું હતું કે 'ગ્રીન ગોલ્ડ' એવા વાંસના ઉચ્છેર અને વાંસના ઉદ્યોગની ઈકોસિસ્ટમ ઉભી કરવાની ગુજરાતે દિશા લીધી છે. આ ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આદિજાતિ યુવાનોના કૌશલ્યને પદ્ધતિસર અને સમયાનુકુલ નિખાર આપવા પ્રધાનમંત્રી કૌશલ્ય યોજના અન્વયે આદિજાતિ વિસ્તારોમાં વાંસ આધારિત 4 કૌશલ્યવર્ધન કેન્દ્રોના લોકાપર્ણ પણ કર્યા હતા. ડેડિયાપાડા, નેત્રંગ, વઘઈ અને કેવડી ખાતે અંદાજિત બે કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા વાંસ આધારિત કૌશલ્યવર્ધન કેન્દ્રોના લોકાર્પણ કરતા તેમણે કહ્યું કે આદિજાતિ વિસ્તારોમાં આ કેન્દ્રો 'વોકલ ફોર લોકલ'નો ધ્યેય પાર પાડશે. આ ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્લેટિનમ વન ગલ્તેશ્વર અને નાંદોદ તાલુકાના પવિત્ર ઉપવન રામપરાનું પણ ઈ–લોકાર્પણ કર્યું હતું.
- **ગુજરાત સહિત દેશભરના બજારોમાં વપરાતા રસાયણથી બનતા પ્લાસ્ટિકથી પર્યાવરણ અને મનુષ્યના સ્વાસ્થ્યને નુકસાન પહોંચી રહ્યું હોય રાજ્ય સરકારના ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન દ્વારા પર્યાવરણ અને માનવ જાતના સ્વાસ્થ્યની સુરક્ષાને ધ્યાનમાં લઈને નુકસાનરહિત બાયોપ્લાસ્ટિક બનાવવા માટે હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના પ્રોફેસરને રૂ.47 લાખનો પ્રોજેક્ટ આપવામાં આવ્યો છે.**
  → આ પ્રોજેક્ટ અંતર્ગત પ્રોફેસરની રિસર્ચ સ્કોલર ટીમ બટાકાના સ્ટાર્ચમાંથી બાયો પ્લાસ્ટિક બનાવશે. આ પ્રોજેક્ટ ત્રણ વર્ષમાં પૂર્ણ થશે.
- **રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. (RIL) દ્વારા અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના ડોમેસ્ટિક ટર્મિનલની બહાર 'ધ ગીર' ગેલેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે.**
  → 'ધ ગીર' એશિયન સિંહોના વિશ્વના એકમાત્ર રહેઠાણ સાસણ ગીરની પ્રતિકૃતિ છે. આ પૂર્વે રિલાયન્સ દ્વારા સન 2018માં 'ધ ગીર'નું નિર્માણ કરવામાં આવ્યું હતું. હવે તેને ડિપાર્ચર વિસ્તારની બહાર ખસેડીને તેનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું છે, જેથી માત્ર પ્રવાસીઓ જ નહીં પરંતુ તેમને લેવા મૂકવા આવતા લોકોને પણ તેનો લાભ મળી રહેશે.

❖ **ગીરના જંગલોમાં તાજેતરમાં જ પૂનમ વખતે થતું સિંહોનું અવલોકન પૂરું થયું.**

→ આ દરેક અવલોકન વખતે સિંહોની વસતી વધતી હોવાનું નિષ્ણાતોનું માનવું છે. જો કે 2015ની સિંહ વસતી ગણતરીમાં 511 સિંહ નોંધાયા હતા. ત્યારબાદ 2020માં વસતી ગણતરી નહોતી થઈ પણ પૂનમ અવલોકનના આધારે વન વિભાગે સિંહોની વસતી વધીને 674 થયાનું જણાવ્યું હતું. આ રીતે તેમાં 29% નો વધારો નોંધાયો હતો. જો સિંહોના વસતી વધારાના આ દરને ધ્યાનમાં રાખીને બે વર્ષમાં સિંહોની વસતી માત્ર 10% વધી હોવાનું માની લઈએ તો 62 સિંહોનો ઉમેરો થાય એ જોતા આ વખતે સિંહોની વસતી 736 નોંધાઈ હોઈ શકે.

❖ **ગુજરાત રાજ્યની 5 ITIમાં કૌશલ્ય 'ધ સ્કિલ' યુનિવર્સિટી અંતર્ગત સ્થાનિક ઉદ્યોગોને સંલગ્ન વિવિધ કોર્સ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.**

→ રાજ્યની આ 5 ITIમાં જામનગર, પાલનપુર, બીલીમોરા, અંકલેશ્વર અને માળિયાયામીયાણાનો સમાવેશ થાય છે. આ પાંચેય સ્થળોએ સ્થાનિક ઉદ્યોગોને લગતા વિવિધ કોર્સ શરૂ કરવા માટે સરકાર તબક્કાવાર રૂ. 5 કરોડની ફાળવણી કરશે. જામનગર ITIમાં મેન્યુફેકચરિંગ બ્રાસપાર્ટ, મોરબીમાં સિરામિક, બીલીમોરામાં ટેકસટાઈલ, પાલનપુરમાં ગ્રીન એનર્જી અને અંકલેશ્વરમાં રસાયણને સંલગ્ન કોર્સનો સમાવેશ કરાયો છે. આ તમામ ITIમાં 20 થી 25 બેઠકો પર વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે.

❖ **દેશની પ્રથમ સરકારી હ્યુમન લાઈબ્રેરી જૂનાગઢ જિલ્લાની કલેકટર ઓફિસ ખાતે ખુલ્લી મૂકવામાં આવી છે.**

→ આ અનોખી લાઈબ્રેરીમાં મનનો ઉભરો, લાગણીઓ ઠાલવી શકાય તે માટે પુસ્તકની જેમ વ્યકિત ઈસ્યૂ થશે. એટલે કે કોઈપણ વ્યકિત પોતાના સુખ, દુઃખ, વિચારો, અનુભવો કે વાતને વ્યકત કરવા માંગતી હશે તો તે આ લાઈબ્રેરીમાં બેસીને વ્યકત કરી શકશે. આ માટે તેને લાઈબ્રેરીમાંથી એક વ્યકિત ઈસ્યૂ કરવામાં આવશે જે તેની સાથે બેસીને વાતો કરશે. આ અનોખી લાઈબ્રેરીને જૂનાગઢ કલેકટર દ્વારા ખુલ્લી મૂકવામાં આવી.

❖ **કેન્દ્ર સરકારે મંજૂર કરેલો દમણગંગા – પાર – તાપી–નર્મદા લિંક પ્રોજેકટને રાજ્ય સરકારે પડતો મૂકી દીધો છે.**

→ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરત આવીને આ પ્રોજેકટ આગળ નહીં વધે તેવી જાહેરાત કરતી પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ પ્રોજેકટથી આદિવાસીઓ ખૂબ નારાજ હતા. દક્ષિણ ગુજરાતના ભરૂચ, નર્મદા, વલસાડ જિલ્લાઓ સહિતના આદિવાસી વિસ્તારોને વીજળી અને પાણી પુરવઠો પૂરો પાડવા માટેનો પાર–તાપી–નર્મદા રિવર લિંક પ્રોજેકટ 1980થી વિચારણામાં હતો, જેને 42 વર્ષ બાદ નરેન્દ્ર મોદીની સરકારે મંજૂર કર્યો હતો પરંતુ સ્થાનિક આદિવાસીઓ અને સ્થાનિક પ્રજાના વિરોધના પગલે આ પ્રોજેકટને બે મહિના પૂર્વે સ્થગિત કરવાની જાહેરાત કરાઈ હતી. પણ હવે આખરે ગુજરાત સરકારને આ પ્રોજેકટ રદ કરવાની ફરજ પડી છે.

❖ **વર્લ્ડ બેંકે સિસ્ટમ રિફોર્મ એન્ડેવર ફોર ટ્રાન્સફોર્મ્ડ હેલ્થ અચીવમેન્ટ ઈન ગુજરાત (SRESTHA-G) પ્રોજેકટના અમલીકરણ માટે 350 મિલિયન ડોલરના નાણાં પોષણની મંજૂરી આપી છે.**

→ SRESTHA-G પ્રોજેકટ કુલ 500 મિલિયન ડોલરનો પ્રોજેકટ છે, જેમાં વર્લ્ડ બેંક 350 મિલિયન ડોલરનું યોગદાન આપશે. આ પ્રોજેકટ ગુજરાતમાં મુખ્ય સ્વાસ્થ્ય વિતરણ પ્રણાલીઓના પરિવર્તનને સામેલ કરશે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે SRESTHA-G પ્રોજેકટને મંજૂરી આપી ત્યારબાદ આ પ્રસ્તાવ કેન્દ્રીય નાણાં મંત્રાલયને મોકલવામાં આવ્યો હતો. ગુજરાત સરકાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (HFWD)ના માધ્યમથી કાર્યક્રમ લાગુ કરશે.

❖ **સમગ્ર દેશમાં પ્રથમ વખત સૌથી મોટા અને સરહદી કચ્છ જિલ્લામાં ટપાલ વિભાગ દ્વારા નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો.**

→ ભુજ તાલુકાના હબાયથી ભચાઉના નેર ગામ સુધી 2 કિલોનું પાર્સલ માત્ર 25 મિનિટમાં ડ્રોન દ્વારા 47 કિ.મી. દૂર પહોંચાડાયું હતું. ટપાલ વિભાગ દ્વારા ડ્રોન મારફતે ટપાલ પહોંચતી કરવાનું ટ્રાયલ બેઝના આધારે સફળ પરીક્ષણ કરાયું હતું. સવારે 9.11 કલાકે હબાયથી રવાના કરાયેલું પાર્સલ 9.36 કલાકે ભચાઉ તાલુકાના નેર ગામે પહોંચ્યું હતું.

❖ **રાજ્યની વહીવટી પાંખના વડા મુખ્ય સચિવ પંકજકુમારને ગુજરાત સરકારે એકસ્ટેન્શન આપવા માટે કેન્દ્ર સરકારને ભલામણ પત્ર લખ્યો તેનો સ્વીકાર થઈ જતાં હવે તેમનું એકસ્ટેન્શન મંજૂર કરતું જાહેરનામું કેન્દ્ર સરકારે બહાર પાડયું છે.**

→ આ ઉપરાંત ગુજરાત રાજ્યના પોલીસ વડા આશિષ ભાટિયાને કેન્દ્ર સરકારે આઠ મહિનાનું એકસ્ટેન્શન આપતું જાહેરનામું બહાર પાડયું છે. આમ, આ બન્ને ઉચ્ચાધિકારીઓ હવે વિધાનસભાની ચૂંટણી, નવી સરકારની રચના અને આગામી જાન્યુઆરીમાં આયોજિત વાઈબ્રન્ટ સમિટ સુધી રહેશે.

❖ **સ્ટેચ્યુ ઓફ યુનિટી–એકતાનગર ખાતે ભારત સરકારની સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેરની 14મી બેઠક અંતર્ગત ત્રિ–દિવસીય સ્વાસ્થ્ય ચિંતન શિબિરનો મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો હતો.**

→ કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઈ માંડવિયાના અધ્યક્ષસ્થાને 5 થી 7 મે દરમિયાન યોજાઈ રહેલી આ શિબિરમાં દેશના 25 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્ય મંત્રીઓ, સચિવો, તબીબી નિષ્ણાતો સહભાગી બન્યા છે. ગુજરાતમાં અનેકવિધ યોજનાઓના અસરકારક અમલીકરણથી વર્ષ 2020-21માં સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ, નીતિ આયોગ ઈન્ડેક્ષ–આરોગ્ય અને સુખાકારીમાં ગુજરાત રાજ્ય 86 સ્કોર સાથે સમગ્ર દેશમાં મોટાં રાજ્યોમાં પ્રથમ ક્રમે છે.

→ દેશને એક કરનારા સરદાર સાહેબની વિશાળ પ્રતિમાના સાનિધ્યમાં પ્રથમ વખત સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલફેરની 14મી બેઠક અંતર્ગત ત્રિદિવસીય સ્વાસ્થ્ય ચિંતન શિબિરનું ગુજરાત રાજ્ય યજમાન બન્યું છે.

❖ **મુખ્યમંત્રી દ્વારા 14 આદિજાતિ જિલ્લાઓના આદિવાસી ખેડૂતો માટે કૃષિ વૈવિધ્યકરણ યોજના 2022-23નો પ્રારંભ કરાયો.**

→ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી બેલ્ટમાં વસતા આદિજાતિ ખેડૂતોની ખેત આવકમાં વધારો કરી ખેતી વૈવિધ્યપૂર્ણ અને સસ્ટેઈનેબલ બનાવવાની નેમ વ્યકત કરી છે. રાજ્યના આ 14 જિલ્લાઓના 1 લાખ 23 હજાર જેટલા આદિજાતિ ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા 2012થી અમલમાં આવેલી કૃષિ વૈવિધ્યકરણ યોજના 2022-23 અન્વયે ખાતર–બિયારણ કિટ્સ વિતરણનો ગાંધીનગરથી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો.

❖ **ગુજરાત સરકાર દ્વારા 62મા ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી પાટણમાં યોજાય હતી.**

→ મુખ્યમંત્રીએ ગુજરાત ગૌરવ દિવસ ઉજવણીના ઉપલક્ષ્યમાં પાટણ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પાટણ જિલ્લા માટે વિકાસ કામોની જાહેરાત કરી હતી. આ સાથે રાજ્યના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થામાં જુલાઈ 21 થી 3 ટકાના વધારાની પણ જાહેરાત કરી હતી. ગુજરાત સરકારના કર્મચારીઓના મોંઘવારી

ભથ્થામાં કેન્દ્ર સરકારના ધોરણે ત્રણ ટકાનો વધારો તા. 01-07-2021ની અસરથી આપવાનો કર્મયોગી હિતકારી નિર્ણય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે. આ વધારાનો લાભ જે કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ અપાયેલો છે, તેમને જ મળવાપાત્ર થશે, તેવું પણ નિયત કરવામાં આવ્યું છે.

→ રાજ્ય સરકારના છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓ અને પેન્શનર્સના મોંઘવારી ભથ્થામાં કેન્દ્ર સરકારના ધોરણે 7 ટકાનો વધારો તા. 01-07-2021ની અસરથી આપવાનો સ્તુત્ય નિર્ણય પણ કર્યો છે. મુખ્યમંત્રીએ સ્થાપના દિવસની ઉજવણીના ઉપલક્ષમાં પાટણ જિલ્લામાં 75 તળાવો બનાવવા આહવાન કરી લોકોને સંકલ્પબદ્ધ થવા અનુરોધ કર્યો હતો. આ અવસરે મુખ્યમંત્રીએ 'અતુલ્ય વારસો પાટણ' પુસ્તકનું પણ વિમોચન પણ કર્યું હતું. મુખ્યમંત્રીએ સ્થાપના દિવસની ઉજવણી દરમ્યાન 'સમરસતા ભોજન'ની નવી પરંપરાનો પ્રારંભ કરાવતા મહિલાઓના હાથે બનાવાયેલું ભોજન જનસમૂહ સાથે જમીને મુખ્યમંત્રીએ અદના સેવકની પ્રતિતી પણ કરાવી હતી.

❖ **દેશ–વિદેશના લાખો શ્રદ્ધાળુઓની આસ્થાના કેન્દ્ર એવા અંબાજી મંદિર ધામને સર્વશ્રેષ્ઠ યાત્રાધામ જાહેર કરવામાં આવ્યું.**

→ અમદાવાદના સાયન્સ સિટી ખાતે આયોજિત એશિયા બિગેસ્ટ એવોર્ડ–22ના સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠાના કલેકટર આનંદ પટેલને અંબાજીના વિકાસ માટે શ્રેષ્ઠ યાત્રાધામ પ્રવાસન વિકાસનો એવોર્ડ એનાયત કરાયો હતો.

## આંતરરાષ્ટ્રીય

❖ **તાજેતરમાં ભારત સંયુકત રાષ્ટ્ર પ્રણાલીના 6 પ્રમુખ અંગો પૈકીના એક સંયુકત રાષ્ટ્ર આર્થિક અને સામાજિક પરિષદ (ECOSOC) ની ચાર મહત્વની સંસ્થાઓમાં ચૂંટાયું છે.**

→ ભારતના સંયુકત રાષ્ટ્ર ખાતેના કાયમી મિશને UN ECOSOCની ચાર મહત્વની સંસ્થાઓમાં ભારતને ચૂંટવા બદલ બધા જ સભ્ય રાષ્ટ્રોનો આભાર માન્યો હતો. ભારતીય રાજદૂત પ્રીતિ સરન પણ કમિટી ફોર ઈકોનોમિક, સોશિયલ એન્ડ કલ્ચરલ રાઈટ્સમાં પુનઃ ચૂંટાઈ આવ્યા છે.

→ સંયુકત રાષ્ટ્ર (UN) ખાતેના ભારતના સ્થાયી મિશન અનુસાર, ભારત UN ECOSOCની ચાર સંસ્થાઓ – કમિટી ઓન NGOs , કમિશન ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર ડેવલપમેન્ટ તથા રાજદૂત પ્રીતિ સરન કમિટી ફોર ઈકોનોમિક, સોશિયલ એન્ડ કલ્ચરલ રાઈટ્સમાં પુનઃ ચૂંટાયા છે.

❖ **ફ્રાન્સના વર્તમાન રાષ્ટ્રપતિ ઈમેન્યુએલ મેક્રોને (રાજકીય પક્ષ લા રિપબ્લિક એન માર્ચ–LREM) તાજેતરમાં દેશમાં આયોજિત રાષ્ટ્રપતિની ચૂંટણી સતત બીજીવાર જીતી લીધી છે.**

→ મેક્રોનને 58.8% મત મળ્યા છે જ્યારે તેમના નિકટતમ પ્રતિસ્પર્ધા મરીન લે પેનને માત્ર (રાજકીય પક્ષ નેશનલ રેલી) 42% મત મળ્યા હતા. ફ્રેન્ચ રાષ્ટ્રપતિ મેક્રોન તેમના કટ્ટર દક્ષિણપંથી નેતા મરીન લે પેનને આસાનીથી પરાજય આપીને છેલ્લાં 20 વર્ષોમાં પુનઃચૂંટાનારા પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા છે.

❖ **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાયસીના ડાયલોગનું ઉદ્ઘાટન કર્યું હતું.**

→ આ કાર્યક્રમના મુખ્ય અતિથિ યુરોપિયન આયોગના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયન હતા. રાયસીના ડાયલોગ 2022ની થીમ "Terranova-Impassioned, Impatient, Imperilled" છે.

→ આ વર્ષના સંવાદમાં સ્વીડનના પૂર્વ વડાપ્રધાન કાર્લ બિલ્ડ્સ, કેનેડાના પૂર્વ વડાપ્રધાન સ્ટીફન હાર્પર, માલદીવના પૂર્વ રાષ્ટ્રપતિ મોહમ્મદ નશીદ અને ઓસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાન એન્થલી એબોટની ભાગીદારી સામેલ છે. UNGAના અધ્યક્ષ અબ્દુલ્લા શાહિદનો પ્રિરેકોર્ડડ સંદેશ પર દેખાડવામાં આવ્યો હતો.

→ રાયસીનો સંવાદ ભૂ–અર્થશાસ્ત્ર (geo-economics) અને ભૂ–રાજકીય (geo-politics) અંગે દેશનું મુખ્ય સંમેલન છે. વર્ષ 2016માં રાયસીના ડાયલોગની શરૂઆત થઈ હતી. આ સંમેલનનો ઉદ્દેશ વૈશ્વિક સમુદાયો જે પડકારરૂપ મુદ્દાઓનો સામનો કરી રહ્યા છે તેનું સમાધાન કરવાનો છે. વિદેશ મંત્રાલય ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન (ORF)ના સહયોગથી આ સંમેલનનું આયોજન કરે છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 25 એપ્રિલ, 2022ના રોજ નવી દિલ્હીમાં ભારતની મુલાકાતે આવેલા યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લિયેન સાથે દ્વિપક્ષીય મંત્રણાઓ યોજી હતી અને વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવા EU-ભારત ટ્રેડ એન્ડ ટેકનોલોજી કાઉન્સિલ લોન્ચ કરવા સંમતિ દર્શાવી હતી.**

→ બન્ને નેતાઓએ ગતિશીલ ભારત–EU વ્યૂહાત્મક ભાગીદારીમાં સધાયેલી પ્રગતિની પણ સમીક્ષા કરી હતી અને વેપાર જળવાયુ ડિજિટલ ટેકનોલોજી તથા લોકોથી લોકોના સંબંધોના ક્ષેત્રોમાં સહયોગ ગાઢ બનાવવા સહમતિ વ્યકત કરી હતી. આ અવસરે યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લિયેને જણાવ્યું હતું કે EU માત્ર અમેરિકા સાથે જ ટ્રેડ એન્ડ ટેકનોલોજી કાઉન્સિલ ધરાવે છે. મારા મતે, આથી, ભારત સાથે બીજી ટ્રેડ એન્ડ ટેકનોલોજી કાઉન્સિલ સ્થાપવાનો આ મહત્વનો અને ખરો સમય આવી ગયો છે.

→ ટ્રેડ એન્ડ ટેકનોલોજી કાઉન્સિલ એ આવા પ્રકારનું સૌપ્રથમ તંત્ર છે જેની સ્થાપના ભારતે તેના ભાગીદારો પૈકીના કોઈપણ સાથે કરી છે. યુરોપિયન યુનિયન (EU)એ અગાઉ આવા પ્રકારની એકમાત્ર ટ્રેડ એન્ડ ટેકનોલોજી કાઉન્સિલ અમેરિકા (USA) સાથે સ્થાપી છે.

❖ **દક્ષિણ અમેરિકી દેશ ઈકવાડોર જંગલી જાનવરોને કાનૂની અધિકારો આપનારો દુનિયાનો પહેલો દેશ બની ગયો છે.**

→ ઈકવાડોરના એક મહિલા લાઈબ્રેરિયન એના બીટ્રિઝ બરબાનો પ્રોઆનોએ જંગલમાંથી એક માસની ઉંમરના વૂલી વાનર એસ્ટ્રેલિટાને પોતાના પાલતુ જાનવર તરીકે ઉછેરવા માટે રાખ્યો હતો. પ્રોઆનોએ લગભગ 18 વર્ષો સુધી એસ્ટ્રેલિટાની સારસંભાળ રાખી હતી, જ્યાં સુધી 2019માં ઈકવાડોરના અધિકારીઓએ તેને (વાનર) જપ્ત ન કર્યો, કેમકે દક્ષિણ અમેરિકાના આ દેશમાં વન્ય પ્રાણીઓના માલિક હોવું ગેરકાનૂની છે. અધિકારીઓએ વાનરને એક પક્ષીઘરમાં સ્થાનાંતરિત કરી દીધો હતો પરંતુ માલિકણથી અલગ થવાના કારણે એક માસની અંદર જ તેનું મૃત્યુ થયું. જે પછી વાનરના માલિકણ પ્રોઆનોએ એક હેબિયસ કોર્પસ અરજી દાખલ કરી કોર્ટને એ આદેશ આપવાનું કહ્યું કે વાનરના કાનૂની અધિકારોનું ઉલ્લંઘન થયું છે. નિર્ણય એસ્ટ્રેલિટાની તરફેણમાં આવ્યો, કોર્ટે સ્વીકાર્યું કે સરકાર દ્વારા વાનરના અધિકારોનું ઉલ્લંઘન કરાયું છે.

❖ **ચીને તાજેતરમાં દુનિયાના સૌથી મોટા ઈલેકિટ્રક ક્રૂઝ શિપ 'યાંગ્ત્ઝી રિવર થ્રી ગોર્જીસ 1'નું અનાવરણ કર્યુ હતું. જેની કિંમત લગભગ 23.5 મિલિયન અમેરિકી ડોલર છે.**

→ ઈલેકિટ્રક ક્રૂઝ શિપે ચીનના હુબેઈ પ્રાન્તના યિચાંગમાં તેની પહેલી યાત્રા કરી હતી. આ ક્રૂઝ શિપને 7,500 કિલોવોટ અવરની શકિતશાળી બેટરી દ્વારા સંચાલિત કરાય છે. આ બેટરી દુનિયામાં ઈલેકિટ્રક કારો માટેના નંબર–1 બેટરી નિર્માતા કન્ટેમ્પ્રરી એમ્પેરેકસ ટેકનોલોજી કંપની લિ. (CATL) દ્વારા વિકસાવાઈ છે.

❖ **સ્વીડનમાં ગ્રીન સ્ટીલનું ઉત્પાદન કરવામાં આવશે.**

→ સ્વીડનની દિગ્ગજ કંપની SSAB દેશમાં કંપની દ્વારા સંચાલિત અનેક ભઠ્ઠીઓને કારણે દેશમાં થતાં ઉત્સર્જનના 10% યોગદાન આપે છે. HyBRIT (Hydrogen Breakthrough ironmaking) એક સંયુકત ઉદ્યમ છે જેને 2016માં LKAB, એક ખનન કંપની, SSAB અને એક સ્વીડિશ સરકારની માલિકીની વિદ્યુત કંપની Vattenfall વગેરેના સહયોગથી ગઠિત કરાઈ હતી. આ કંપની સ્ટીલ ઉદ્યોગમાં હરિત ઊર્જાને લાગુ કરવા તથા આ પ્રકારે ગ્રીન સ્ટીલના નિર્માણની દિશામાં કાર્ય કરે છે. જે પ્લાન્ટમાં ગ્રીન સ્ટીલનું ઉત્પાદન કરવામાં આવે છે તે લુલિયામાં સ્થિત છે. અત્યારસુધી પ્લાન્ટમાં માત્ર બસો ટનનું જ ઉત્પાદન થયું છે. 2026 સુધી ઉત્પાદન વધારવાની અને વાણિજિયક ડિલીવરી શરૂ કરવાની યોજના છે.

❖ **ડેન્માર્ક COVID-19 વેકિસનેશન પ્રોગ્રામ સ્થગિત કરનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે.**

→ ડેનિશ સ્વાસ્થ્ય સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે મહામારી હાલમાં અંકુશ હેઠળ છે અને દેશ સારી સ્થિતિમાં છે. આથી, અમે COVID-19 વિરુદ્ધનો સામૂહિક રસીકરણ કાર્યક્રમ આટોપી રહ્યા છીએ.

❖ **Reporters Without Borders દ્વારા તાજેતરમાં World Press Freedom Index 2022 પ્રસિદ્ધ કરવામાં આવ્યો.**

→ આ ઈન્ડેકસમાં કુલ 180 દેશોમાં ભારત 150મા ક્રમે રહ્યું હતું. જ્યારે આ અગાઉ વર્ષ 2021માં આ ઈન્ડેકસમાં ભારત 142મા ક્રમે હતું. વર્ષ 2022માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેકસમાં નોર્વે પ્રથમ ક્રમે છે, નોર્વે બાદ ડેનમાર્ક બીજા અને સ્વીડન ત્રીજા ક્રમાંકે છે. જ્યારે ઉત્તર કોરિયા અંતિમ 180મા ક્રમે છે.

❖ **તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ત્રણ યુરોપિયન દેશો જર્મની, ડેનમાર્ક અને ફ્રાન્સની મુલાકાત લીધી હતી.**

→ પ્રધાનમંત્રીએ ડેનમાર્ક મુલાકાત દરમિયાન ભારત અને ડેનમાર્ક રિન્યુએબલ એનર્જી અને વેસ્ટ વોટર મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરીને ગ્રીન વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા સંમત થયા છે. આ ઉપરાંત ભારતે મિશન પાર્ટનર તરીકે ઈન્ટરનેશનલ સેન્ટર ફોર સોલ્યુશન્સ (ICARS)મા જોડાવા માટે ડેન્માર્કનું આમંત્રણ સ્વીકાર્યુ છે. આ ઉપરાંત નરેન્દ્રભાઈ મોદીએ ડેનમાર્કના વડાપ્રધાન અને ડેનમાર્કના ક્રાઉન પ્રિન્સ ફ્રેડરિક સાથે 'ઈન્ડિયા–ડેનમાર્ક બિઝનેસ ફોરમ'માં ભાગ લીધો હતો.

→ વડાપ્રધાને ડેનમાર્કની એક દિવસીય મુલાકાત દરમિયાન નીચેના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા :

(1) સ્થળાંતર અને ગતિશીલતા પર ઉદ્દેશ્યની ઘોષણા (DoI)
(2) ગ્રીન શિપિંગમાં સેન્ટર ઓફ એકસેલન્સ પર લેટર ઓફ ઈન્ટેટ (LoI)
(3) વર્ષ 2022-2026 માટે સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર અને ડેનિસ સંસ્કૃતિ મંત્રાલય વચ્ચે સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ (CEP)
(4) જળશકિત મંત્રાલય અને ડેનિશ પર્યાવરણ મંત્રાલય વચ્ચેનો આશયપત્ર
(5) કૌશલ્ય વિકાસ, વ્યાવસાયિક શિક્ષણ અને ઉદ્યોગ સાહસિકતાના ક્ષેત્રમાં સહકાર પર MoU
(6) પશુપાલન અને ડેરીના ક્ષેત્રમાં સહકાર અંગે સંયુકત ઘોષણા
(7) મંત્રી સ્તરે ઊર્જા નીતિ સંવાદનો શુભારંભ

→ વડાપ્રધાને જર્મનીની મુલાકાત દરમિયાન જર્મન ચાન્સેલર ઓલોફ શોલ્ઝ સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન નરેન્દ્રભાઈ મોદીએ જર્મન વડાને સુરતનું નકસીદાર રાઈટીંગ ટેબલ ભેટમાં આપ્યું હતું. બંને દેશના નેતાઓએ ભારત અને જર્મની વચ્ચે પરસ્પર સહયોગ વધારવા ભાર મૂકયો હતો. તથા દ્વિપક્ષીય વેપાર તથા સાંસ્કૃતિક સંબંધો વિકસાવવા પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી. જર્મનીની સેના દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યું હતું. ભારત અને જર્મનીએ બંને દેશોના વિદેશ વિભાગ વચ્ચે ડાયરેકટ એન્ક્રિપ્ટેડ કનેકશન કરાર કર્યા હતા. તેમણે યુક્રેન યુદ્ધ તેમજ ઈન્ડો પેસિફિકમાં હાલની સ્થિતિની સમીક્ષા કરી હતી.

→ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ફ્રાન્સની મુલાકાત દરમિયાન પેરિસમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન બંને દેશના નેતાઓએ યુક્રેન સામે રશિયાના સૈન્યની કાર્યવાહીને ધ્યાનમાં રાખીને સ્થાનિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારવિમર્શ કર્યો હતો. આ મુલાકાત દરમિયાન ફ્રાન્સે ન્યુકિલયર સપ્લાયર્સ ગ્રુપ (NSG)માં ભારતના સમાવેશ માટેના તેના સમર્થનને રિપિટ કર્યુ હતું.

❖ **તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બીજી 'ઈન્ડિયા–નોર્ડિક સમિટ'માં ભાગ લીધો હતો.**

→ આ સમિટ ડેનમાર્કની રાજધાની કોપનહેગનમાં યોજાઈ હતી. આ બેઠકમાં દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરવામાં આવી હતી તથા પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર વિચારોની આપ–લે કરવામાં આવી હતી. નોર્ડિક દેશોએ સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં ભારતના કાયમી સભ્યપદ માટે તેમના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો.

❖ **સિઓલની નેશનલ એસેમ્બલીમાં મુખ્ય વિપક્ષ પીપલ્સ પાવર પાર્ટીના 60 વર્ષીય યુન સુક યોલે દક્ષિણ કોરિયાના નવા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે.**

→ તેઓ દક્ષિણ કોરિયાના 13મા રાષ્ટ્રપતિ બન્યા છે. તેમણે દક્ષિણ કોરિયાના 12મા રાષ્ટ્રપતિ મૂન–જે–ઈનનું સ્થાન લીધું છે.

❖ **ફિલિપાઈન્સના મનીલામાં તાજેતરમાં યોજાયેલી એકિઝકયુટિવ બોર્ડ અને જનરલ એસેમ્બલીની બેઠકમાં વર્ષ 2022-24 માટે 'એસોસિએશન ઓફ એશિયન ઈલેકશન ઓથોરિટીઝ' (AAEA) ના નવા અધ્યક્ષ તરીકે ભારતને સર્વસંમતિથી ચૂંટવામાં આવ્યું છે.**

→ એકિઝકયુટિવ બોર્ડમાં નવા ઉમેરાયેલા સભ્યોમાં રશિયા, ઉઝબેકિસ્તાન, શ્રીલંકા, માલદીવ, તાઈવાન અને ફિલિપાઈન્સનો સમાવેશ થાય છે.

→ AAEA નું પૂરું નામ ‘Association of Asian Election Authorities’ છે. જેનો ગુજરાતીમાં અર્થ ‘એશિયન ચૂંટણી સત્તાવાળાઓનું સંગઠન’ થાય છે. AAEA ની વર્ષ 1998માં ફિલિપાઈન્સના મનીલામાં આયોજિત 21મી સદીમાં ચૂંટણીઓ પરના પરિસંવાદના સહભાગીઓ દ્વારા પસાર કરાયેલા ઠરાવના અનુસંધાનમાં તેની સ્થાપના કરવામાં આવી હતી.

❖ **તાજેતરમાં ઈન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (IFPRI) એ ‘વૈશ્વિક ફૂડ પોલિસી રિપોર્ટ : ક્લાઈમેન્ટ ચેન્જ એન્ડ ધ ફૂડ સિસ્ટમ’ બહાર પાડયો.**

→ આ રિપોર્ટ દર્શાવે છે કે આબોહવા પરિવર્તનને કારણે ભારતમાં ભૂખમરાનું જોખમ 2030 સુધીમાં 23% વધી શકે છે. આબોહવા પરિવર્તનને કારણે ભારતનું ખાદ્ય ઉત્પાદન 2030 સુધીમાં 16% ઘટી શકે છે અને ભૂખમરાના જોખમમાં રહેલા લોકોની સંખ્યામાં 23%નો વધારો થઈ શકે છે.

→ આ અંદાજ એક મોડેલનો ભાગ છે જેનો ઉપયોગ ખાદ્ય ઉત્પાદન, ખાદ્ય વપરાશ (દિવસ દીઠ વ્યકિત દીઠ કિલોકેલરી), મુખ્ય ખાદ્ય કોમોડિટી જૂથોના ચોખ્ખા વેપાર અને ભૂખમરાના જોખમમાં રહેલી વસતી પર આબોહવા પરિવર્તનની અસરોનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવા માટે ઉપયોગમાં લેવાયું હતું.

→ વર્ષ 2030માં ભૂખમરાથી પીડિત ભારતીયોની સંખ્યા વધીને 73.9 મિલિયન થવાની ધારણા છે અને જો આબોહવા પરિવર્તનની અસરોને સામેલ કરવામાં આવે તો તે વધીને 90.6 મિલિયન થઈ જશે. આ સંજોગોમાં એકંદર ખાદ્ય ઉત્પાદન સૂચકાંક 1.6 થી ઘટીને 1.5 થશે.

→ એક સકારાત્મક નોંધ એ છે કે આબોહવા પરિવર્તન ભારતીયોના સરેરાશ કેલરી વપરાશને અસર કરશે નહીં અને તે આબોહવા પરિવર્તનના સંજોગોમાં પણ 2030 સુધીમાં પ્રતિ વ્યકિત દીઠ 2,600 કિલોકેલરી હોવાનો અંદાજ છે. વર્ષ 2100 સુધીમાં સમગ્ર ભારતમાં સરેરાશ તાપમાન 2.4o Cથી 4.4 oC ની રેન્જમાં વધાવનો અંદાજ છે. તેવી જ રીતે ભારતમાં ગરમીના મોજા વર્ષ 2100 સુધીમાં ત્રણ ગણા થવાનો અંદાજ છે.

→ આધારાભૂત અંદાજો દર્શાવે છે કે આબોહવા પરિવર્તનના સંદર્ભમાં વૈશ્વિક ખાદ્ય ઉત્પાદન 2010ના સ્તરથી 2050 સુધીમાં લગભગ 60% વધશે.

❖ **તાજેતરમાં શ્રીલંકાના નવા વડાપ્રધાન તરીકે રાનિલ વિક્રમ સિંઘે શપથ લીધા.**

→ તાજેતરમાં શ્રીલંકાના ભૂતપૂર્વ વડાપ્રધાન મહિન્દા રાજપક્ષે શ્રીલંકાના વડાપ્રધાન પદેથી રાજીનામુ આપ્યું હતું.

❖ **ભારતમાં પ્રથમ ‘અમૃત સરોવર’ નું ઉદ્‌ઘાટન 13 મે, 2022ના રોજ કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી મુખ્તાર અબ્બાસ નકવી અને ઉત્તરપ્રદેશના જળશકિત મંત્રી દેવ સિંહ દ્વારા ઉત્તરપ્રદેશના પટવાઈ ખાતે કરવામાં આવ્યુ હતું.**

→ પટવઈ અથવા પટવાઈનું ‘અમૃત સરોવર’ તરીકેનું આ ઉદ્‌ઘાટન પાણીના સંરક્ષણ અને પર્યાવરણના રક્ષણમાં મદદ કરશે. મિશન અમૃત સરોવર 24 એપ્રિલ, 2022ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભવિષ્ય માટે પાણી બચાવવાના વ્યાપક ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યું હતું. આ મિશન 15 ઓગસ્ટ, 2023 સુધીમાં પૂર્ણ થશે.

❖ **એલિઝાબેથ બોર્ન ફ્રાન્સના નવા વડાપ્રધાન બન્યા છે.**

→ આ સાથે ફ્રાન્સના ઈતિહાસમાં આ પદ પણ સંભાળનાર તેઓ બીજા મહિલા બની ગયા છે. તેઓ જીન કાસ્ટયુકસના સ્થાને વડાપ્રધાન બન્યા છે.

❖ **તાજેતરમાં દક્ષિણ કોરિયાના સિઓલમાં 15મી ‘વિશ્વ વાનિકી કોંગ્રેસ’ (વર્લ્ડ ફોરેસ્ટ્રી કોંગ્રેસ)માં ‘સિઓલ વન ઘોષણા’ અપનાવવામાં આવ્યું હતું.**

→ આ સિઓલ વન ઘોષણાપત્ર પર કુલ 141 દેશોએ હસ્તાક્ષર કર્યા છે. દર છ વર્ષે તેનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમ રિપબ્લિક ઓફ કોરિયા અને FAO દ્વારા સહ – આયોજિત કરવામાં આવ્યો હતો. વર્લ્ડ ફોરેસ્ટ્રી કોંગ્રેસ એશિયામાં આયોજિત આ બીજી ઈવેન્ટ છે. વર્ષ 1978માં એશિયામાં વર્લ્ડ ફોરેસ્ટ્રી કોંગ્રેસનું આયોજન ઈન્ડોનેશિયા દ્વારા કરવામાં આવ્યું હતું. વર્લ્ડ ફોરેસ્ટ્રીય કોંગ્રેસ 2022ની થીમ ‘Green, Healthy and Sustainable Construction’ છે.

❖ **13 મે, 2022ના રોજ વર્ચ્યુઅલ રીતે આયોજિત BRICS ની ઉચ્ચ સ્તરીય બેઠકમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્રભાઈ યાદવે ભાગ લીધો હતો.**

→ ભૂપેન્દ્ર યાદવે આબોહવા પરિવર્તનને સંયુકત રીતે સંબોધિત કરતા નીચા કાર્બન અને અનુકૂલનશીલ પરિવર્તનને વેગ આપવા અને ટકાઉ પુનઃપ્રાપ્તિ અને વિકાસ હાંસલ કરવા માટેના અભિગમોની શોધ માટે ફોરમની પ્રાસંગિકતા પર પ્રકાશ પાડ્યો હતો. ચીનની અધ્યક્ષતામાં આ બેઠક યોજાય હતી, જેમાં BRICS દેશોના પર્યાવરણ મંત્રીઓએ ભાગ લીધો હતો.

❖ **ફ્રાન્સના કેન્સ ખાતે 75મા વાર્ષિક ‘કાન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ’નું આયોજન કરવામાં આવ્યું.**

→ આ વર્ષે ભારતને કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ તરફથી ‘કન્ટ્રી ઓફ ઓનર’નું આમંત્રણ મળ્યું હતું. યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદિમીર ઝેલેન્સકીના વીડિયો સંબોધનથી આ ફેસ્ટિવલની શરૂઆત થઈ હતી. ભારતના દીપિકા પાદુકોણને આ વર્ષના કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં જ્યુરી સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો. દર વર્ષે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ઘણા દેશોની અલગ–અલગ ફિલ્મો બતાવવામાં આવે છે જેમાં ભારતીય ફિલ્મો પણ સામેલ હતી. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2022માં ભારતની છ ફિલ્મોની પસંદગી કરવામાં આવી છે જે નીચે મુજબ છે :

⇒ આર.માધવનની ફિલ્મ ‘Rocketry : The Nambi Effect’ બતાવવામાં આવી હતી. આ ફિલ્મ ISROના ભૂતપૂર્વ વૈજ્ઞાનિક અને એન્જિનિયર નામ્બી નારાયણના જીવન પર આધારિત છે.

❖ **24 મે, 2022 ના રોજ જાપાનના ટોકયોમાં વર્ષ 2022ની કવાડ સમિટનું આયોજન કરવામાં આવ્યું.**

→ આ કવાડ સમિટમાં કવાડ દેશો (ઓસ્ટ્રેલિયા, ભારત, જાપાન અને યુ.એસ)ના નેતાઓએ હાજરી આપી હતી. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન, જાપાનના વડાપ્રધાન ફૂમિયો કિશિદા અને નવા ચૂંટાયેલા ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્ટની અલ્બેનિઝે સમિટમાં હાજરી આપી હતી.

→ આ બીજી વ્યકિતગત કવાડ સમિટ છે. આ સમિટને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે કવાડ ગ્રુપિંગ સુરક્ષા માટેનું બળ છે અને તેનો ઉદ્દેશ્ય ઈન્ડો–પેસિફિક ક્ષેત્રને સમાવિષ્ટ કરવાનો છે. આ સમિટમાં કવાડ ફેલોશિપ શરૂ કરવામાં આવી હતી, તે પ્રથમ પ્રકારનો શિષ્યવૃત્તિ કાર્યક્રમ છે.

→ QSD નું પૂરું નામ ‘Quadrilateral Security Dialogue’ છે. જેને QUAD (કવાડ) તરીકે ઓળખવામાં આવે છે. જાપાનના રાષ્ટ્રપતિ શિન્ઝો અબે દ્વારા ભારતના વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ, અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ ડિક ચેની અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન જોન હોવાર્ડના સહયોગથી 2007મા આ ડાયલોગનો પ્રારંભ થયો હતો. જેનો વર્ષ 2008માં અંત આવ્યો હતો. જોકે, વર્ષ 2017માં આ ગ્રુપને ફરીથી સંગઠિત કરવામાં આવ્યું હતું. કવાડ દેશોમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે.

❖ **તાજેતરમાં ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાએ જાપાનના ટોકયોમાં ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એગ્રીમેન્ટ (IIA) પર હસ્તાક્ષર કર્યા છે.**

→ આ કરાર પર ભારતના વિદેશ સચિવ અને યુએસ ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન (DFC)ના CEO એ હસ્તાક્ષર કર્યા હતા. આ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એગ્રીમેન્ટ (IIA) એ વર્ષ 1997માં બંને દેશો દ્વારા હસ્તાક્ષર કરાયેલ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એગ્રીમેન્ટનું સ્થાન લીધું છે. વર્ષ 1997મા અગાઉના IIA પર હસ્તાક્ષર કર્યા પછી નોંધપાત્ર વિકાસ થયો છે, જેમ કે ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન (DFC) નામની નવી સંસ્થાની સ્થાપના વગેરે. યુનાઈટેડ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન (OPIC)ની અનુગામી એજન્સી તરીકે નિયુકત કરવામાં આવી છે.

→ આ કરાર યુએસ ડેવલપમેન્ટ ફાઈનાન્સ ઈન્સ્ટિટયૂટ તરફથી વિવિધ ક્ષેત્રોમાં રોકાણ સહાય વધારવામાં મદદ કરશે. જે રોકાણ સહાય લોન, ઈકિવટી રોકાણ, રોકાણ ગેરંટી, પુનઃવીમો, અનુદાન વગેરેના સ્વરૂપમાં આપવામાં આવે છે.

❖ **એન્થોનો અલ્બેનીઝે ઓસ્ટ્રેલિયાના 31મા વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા.**

→ એન્થોની અલ્બેનીઝ વડાપ્રધાન બનનાર પ્રથમ ઈટાલિયન ઓસ્ટ્રેલિયન છે. તેઓ ઓસ્ટ્રેલિયન લેબર પાર્ટીના નેતા છે. ઓસ્ટ્રેલિયાની 2022ની ફેડરલ ચૂંટણીમાં તેમની પાર્ટીએ સ્કોટ મોરિસનની આગેવાની હેઠળના શાસક ગઠબંધન (લિબરલ નેશનલ ગઠબંધન)ને હરાવ્યું હતું.

❖ **વિશ્વ સ્વાસ્થ્ય સભા (વર્લ્ડ હેલ્થ એસેમ્બલી)નું 75મું સત્ર 22 થી 28 મે, 2022 દરમિયાન વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના મુખ્યમથક જીનીવામાં યોજાયું હતું.**

→ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવિયાએ વધુ સ્થિતિસ્થાપક વૈશ્વિક આરોગ્ય સુરક્ષાનું માળખુ બનાવવા તરફ ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મૂકયો હતો. વિશ્વ સ્વાસ્થ્ય સભા 2022ની થીમ “શાંતિ માટે સ્વાસ્થ્ય, સ્વાસ્થ્ય માટે શાંતિ” છે.

→ ભારતના માન્યતા પ્રાપ્ત ‘સામાજિક સ્વાસ્થ્ય કાર્યકર્તાઓ’ (આશા) ને 75મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં ગ્લોબલ હેલ્થ લીડર્સ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

❖ **વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ઈન્ડેક્ષ – 2021 જાહેર કરવામાં આવ્યો.**

→ આ ઈન્ડેક્ષમાં ભારત 54 માં સ્થાને છે. વર્ષ 2021 માટે આ ઈન્ડેકસમાં જાપાન પ્રથમ ક્રમે છે. ત્યારબાદ અમેરિકા બીજા અને સ્પેન ત્રીજા ક્રમે છે. આ ઈન્ડેકસમાં ભારત 4.2 ના સ્કોર સાથે 54મા ક્રમે છે. જ્યારે આ ઈન્ડેકસમાં અંતિમ 117મા ક્રમે ચાડ દેશ છે.

→ આ સૂચકાંક દર્શાવે છે કે વિવિધ સકારાત્મક વલણો હોવા છતાં પ્રવાસન ઉદ્યોગ હજુ પણ અવરોધોનો સામનો કરી રહ્યું છે. આ ઈન્ડેકસ દ્વિવાર્ષિક રીતે પ્રકાશિત કરવામાં આવે છે.

❖ **ભારત અને બાંગ્લાદેશ વચ્ચે બોંગોસાગર નૌસેના અભ્યાસની ત્રીજી આવૃત્તિ 24 મે, 2022 ના રોજ બાંગ્લાદેશના પોર્ટ મોંગલા ખાતે યોજાઈ હતી.**

→ આ નૌસેના અભ્યાસનો બંદર તબક્કો 24 થી 25 મે, 2022 દરમિયાન હાથ ધરવામાં આવ્યો હતો. આ પછી 26 થી 27 મે, 2022 દરમિયાન ઉત્તર બંગાળાની ખાડીમાં સમુદ્રી તબક્કાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભ્યાસનો ઉદ્દેશ્ય બંને નૌકાદળો વચ્ચે વિવિધ દરિયાઈ મિશન અને કવાયતના સંચાલન દ્વારા ઉચ્ચ સ્તરની ક્રિયા પ્રતિક્રિયા સાથે સંયુકત ઓપરેશનલ કૌશલ્ય વિકસાવવાનો છે.

→ આ અભ્યાસ દરમિયાન બંને દેશોની નૌકાદળોએ વિવિધ ઓપરેશનલ પ્રક્રિયાઓ પર ચર્ચા કરી હતી. આ ઉપરાંત સમુદ્રમાં કવાયત હાથ ધરવા માટેની વ્યૂહાત્મક સ્તરની યોજના અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ભારતીય નૌકાદળનું પ્રતિનિધિત્વ સ્વદેશી રીતે બનાવેલ ઓફશર પેટ્રોલ વેસલ સુમેધા અને ગાઈડેડ મિસાઈલ કોર્વેટ કોરા દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે બાંગ્લાદેશની નૌકાદળનું પ્રતિનિધિત્વ ગાઈડેડ–મિસાઈલ ફ્રિગેટ્સ BNS અલી હૈદર અને અબ ઉબૈદાએ કર્યુ હતું.

→ ઈન્ડિયા ડ્રોન ફેસ્ટિવલ 2022 એ ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન ફેસ્ટિવલ છે. આ ફેસ્ટિવલમાં વિદેશી રાજદ્વારીઓ, સરકારી અધિકારીઓ, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો, ખાનગી કંપનીઓ, ડ્રોન સ્ટાર્ટઅપ સહિત 1600 થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

❖ **અમેરિકા રાષ્ટ્રપતિ જો બાઈડને ‘ઈન્ડો–પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક ફોર પ્રોસ્પેરિટી’ (IPEF) પહેલ શરૂ કરી છે.**

→ હાલમાં અમેરિકા સિવાય તેમાં 12 અન્ય દેશોનો સમાવેશ થાય છે. આ 12 દેશોમાં ભારત, ઓસ્ટ્રેલિયા, જાપાન, બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, દક્ષિણ કોરિયા, મલેશિયા, ન્યૂઝિલેન્ડ, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામનો સમાવેશ થાય છે. IPEF નો ઉદ્દેશ્ય આગામી દાયકાઓમાં ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં ટેકનોલોજી ઈનોવેશન અને વૈશ્વિક અર્થતંત્ર માટે સંબંધોને મજબૂત કરવાનો છે.

❖ **ભારત અને 12 અન્ય રાષ્ટ્રો 23 મે, 2022ના રોજ અમેરિકી પ્રમુખ જો બિડેન દ્વારા અનાવરણ કરાયેલા ઈન્ડો–પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક ફોર પ્રોસ્પેરિટી (સમૃદ્ધિ માટેનું ભારત–પ્રશાંત આર્થિક માળખું)માં જોડાયા છે.**

→ આ માળખું એક ખુલ્લું, સમાવેશી, પારસ્પરિક સંકળાયેલું અને સુરક્ષિત ભારત–પ્રશાંત ક્ષેત્ર ચાહે છે અને તેનો ઉદ્દેશ ક્ષેત્રમાં ચીનના વિસ્તરણનો પ્રતિકાર કરવાનો છે. તેનો વધુ એક ઉદ્દેશ ભારત–પ્રશાંત ક્ષેત્રને વૈશ્વિક આર્થિક વિકાસનું પ્રમુખ ગંતવ્ય બનાવવાનો છે. જાપાનની રાજધાની ટોકયોમાં 24 મે, 2022ની કવાડ નેતાઓની મહત્વની બેઠક અગાઉ સમૃદ્ધિ માટેના ભારત–પ્રશાંત આર્થિક માળખાની ઘોષણા કરાઈ હતી. પ્રમુખ બિડેને જાહેરાત કરી હતી કે વૈશ્વિક GDPના 40% નું પ્રતિનિધિત્વ કરી રહેલા એક ડઝન ભારત–પ્રશાંત દેશો ભારત–પ્રશાંત ક્ષેત્રમાં ચીનના પ્રભાવનો સામનો કરવા માટે શરૂ કરાયેલી એક વ્યાપક આર્થિક પહેલમાં અમેરિકા સાથે જોડાયા છે. ભારત–પ્રશાંત ક્ષેત્રમાં ચીનના પ્રભાવનો સામનો કરવા માટે શરૂ કરાયેલી એક વ્યાપક આર્થિક પહેલમાં અમેરિકા સાથે જોડાયા છે. ભારત–પ્રશાંત ક્ષેત્રમાં આવતા બધા જ દેશોમાં ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા બ્રુનેઈ, મલેશિયા, થાઈલેન્ડ, જાપાન, રિપબ્લિક ઓફ કોરિયા, ન્યૂઝીલેન્ડ, ફિલિપાઈન્સ, સિંગાપુર અને વિયેતનામનો સમાવેશ થાય છે.

→ IPEF એક મુકત, ખુલ્લા અને સુરક્ષિત ભારત–પ્રશાંત ક્ષેત્રની કલ્પના કરતું માળખું (ઢાંચો) છે. IPEFનો મુખ્ય ઉદ્દેશ ભારત–પ્રશાંત ક્ષેત્રમાં સ્થિરતા, સ્થિતિસ્થાપકતા, સમાવેશકતા, આર્થિક વિકાસ, નિષ્પક્ષતા અને સ્પર્ધાત્મકતા વધારીને ભાગીદાર દેશોમાં આર્થિક ભાગીદારીને મજબૂત અને સુદ્રઢ બનાવવાનો છે, તેવું ભારત સરકારના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું.

❖ **2021 'સમર ડેફિલમ્પિકસ'ની 24મી આવૃત્તિનું આયોજન બ્રાઝિલમાં કેકિસયસ ડો સુલ, ફોસ્ટા દા ઉવામાં કરાયું હતું.**

→ 2021 ડેફિલમ્પિકસનું આદર્શ વાકય : સ્પોર્ટ્સ કમ્સ ફ્રોમ અવર હાર્ટ્સ (રમતો આપણા હૃદયમાંથી નીકળે છે)

→ શુંભકર (મેસ્કોટ) : રિંગ ટેઈલ્ડ કોટી – નીનો (અર્થ : અમૂલ્ય, પ્રશંસાને પાત્ર, હસમુખ, ખુશ, ખૂબ જ ભાગ્યશાળી, શુભ)

→ 2021 સમય ડેફિલમ્પિકસને સત્તાવાર રીતે XXIV સમય ડેફિલમ્પિક ગેમ્સ અથવા કેકિસયસ 2021 તરીકે પણ ઓળખાય છે. આ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ અથવા અન્ય વિશ્વ બધિર ચેમ્પિયનશિપનું આયોજન ઈન્ટરનેશનલ કમિટી ઓફ સ્પોર્ટ્સ ફોર ધ ડેફ (ICSD) દ્વારા કરાય છે. પ્રથમવાર ડેફિલમ્પિકસનું આયોજન લેટિન અમેરિકન દેશમાં કરાયું છે. ભારત 2021 સમર ડેફિલમ્પિકસની 24મી આવૃત્તિમાં 9મા સ્થાને છે જ્યારે યુક્રેન પ્રથમ સ્થાને અને ત્યારબાદ અમેરિકા અને ઈરાનનું સ્થાન છે. 71 દેશોનું પ્રતિનિધિત્વ કરનારા 2,349 એથ્લીટોની ભાગીદારી સાથે 18 રમતોમાં કુલ 226 કાર્યક્રમો આયોજિત કરાયા હતા. બોલિંગ રમતોનું આયોજન મલેશિયાના કુઆલાલુમ્પુરમાં સ્થાનાંતરિત કરાયું છે જે 20 – 30 ઓકટોબર, 2022 ના રોજ આયોજિત કરાશે. રશિયન અને બેલારુસના એથ્લીટોને બ્રાઝિલના કેકિસયસ ડો સુલમાં પ્રતિસ્પર્ધામાં રોકવામાં આવ્યા હતા.

→ ભારતે એથ્લેટિકસ, બેડમિન્ટન, જુડો, ગોલ્ફ, કરાટે, શૂટિંગ, સ્વિમિંગ, ટેનિસ, ટેબલ ટેનિસ, ટાઈકવાન્ડો અને રેસલિંગ જેવી 11 રમતોમાં સ્પર્ધા કરનારા 65 એથ્લીટોને બધિર ઓલિમ્પિકસમાં ભાગ લેવા મોકલ્યા હતા જેમાં ભારતે 17 મેડલ જીત્યા હતા.

❖ **તાજેતરમાં દક્ષિણ કોરિયાના સિયોલમાં યોજાયેલી 15મી વિશ્વ વનસંવર્ધન કોંગ્રેસમાં 'સિયોલ વન ઘોષણા' અપનાવવામાં આવી હતી. જેના પર 141 દેશોએ હસ્તાક્ષર કર્યા હતા.**

❖ **સંયુકત રાષ્ટ્ર મહાસભા (UNGA)એ એક ગુપ્ત મતદાનમાં ચેક ગણરાજયને સંયુકત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદ (UNHRC)માં રશિયાના સ્થાને ચૂંટી કાઢયું છે.**

→ UNGAમાં 157 દેશોએ ચેક ગણરાજયના પક્ષમાં મતદાન કર્યું હતું અને 23 દેશો મતદાનથી અળગા રહ્યા હતા. ચેક ગણરાજ્ય 31 ડિસેમ્બર, 2023 સુધી UNHRCમાં રહેશે. યુક્રેનમાં માનવાધિકારોના ઉલ્લંઘન બદલ UNGAએ એક મતદાન દ્વારા રશિયાને UNHRCમાંથી સસ્પેન્ડ કરી દીધું હતું. બાદમાં રશિયાએ ઘોષણા કરી હતી કે તે મતદાન પહેલા જ UNHRCમાંથી નીકળી ગયું હતું.

❖ **ભારતને વર્ષ 2022 થી 2024 સુધી એસોસિએશન ઓફ એશિયન ઈલેકશન ઓથોરિટીસ (AAEA)નું નવું અધ્યક્ષ ચૂંટી કાઢવામાં આવ્યું છે.**

→ AAEAનું વર્તમાન અધ્યક્ષ મનીલાનું ચૂંટણી પંચ છે. 7 મે, 2022ના ફિલિપાઈન્સના મનીલામાં કાર્યકારી બોર્ડ અને મહાસભાની બેઠકમાં ભારતને સર્વસંમતિથી AAEAનું અધ્યક્ષ ચૂંટી કઢાયું હતું. ભારતના ચૂંટણી પંચના 3 સભ્યોના પ્રતિનિધિમંડળે મનીલામાં કાર્યકારી બોર્ડની બેઠકમાં ભાગ લીધો હતો. તેની અધ્યક્ષતા નાયબ ચૂંટણી કમિશનર નીતેશ વ્યાસે કરી હતી.

❖ **સંયુકત રાષ્ટ્ર (UN) એ વૈશ્વિક ઊર્જા સંકટ અને બગડતી જળવાયુ કટોકટી મધ્યે 2025 તરફ સંયુકત રાષ્ટ્ર–ઊર્જા યોજનાની શરૂઆત કરી છે.**

→ આ યોજના તમામ માટે સ્વચ્છ, સસ્તી ઊર્જા અને શુદ્ધ શૂન્ય ઉત્સર્જન માટે જરૂરી મોટાપાયે કાર્યવાહી અને સમર્થનને ઉત્પ્રેરિત કરશે. આ યોજના UN-ઊર્જા સહિત લગભગ મુખ્ય 30 સંગઠનો દ્વારા લોન્ચ કરવામાં આવી હતી. UN-એનર્જી UN સિસ્ટમ ચીફ એકિઝકયુટિવ બોર્ડ ફોર કોઓર્ડિનેશન (CEB) દ્વારા સ્થાપિત ઊર્જાના ક્ષેત્રમાં ઈન્ટર એજન્સી સહયોગ માટે સંયુકત રાષ્ટ્રનું તંત્ર છે.

❖ **વિશ્વનો સૌથી લાંબો ગ્લાસ બોટમ બ્રિજ વિયેતનામના સોન લા પ્રાંતના મોક ચાઉ જિલ્લામાં ખુલ્લો મુકાયો છે.**

→ તેને વિયેતનામનો બાચ લોન્ગ (Bach Long) પૈદલ યાત્રી પુલ કહેવામાં આવે છે. જે 632 મીટર (2073 ફૂટ) લાંબો છે. આ બ્રિજ ચીનના ગ્વાંગડોંગમાં 526 મીટરના ગ્લાસ બોટમ બ્રિજ કરતા લાંબો છે.

❖ **દક્ષિણ કોરિયા નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન કોઓપરેટિવ સાયબર ડિફેન્સ સેન્ટર ઓફ એકસેલેન્સ (NATOCCDCOE)માં સામેલ થનારો પ્રથમ એશિયન દેશ બની ગયો છે.**

→ દક્ષિણ કોરિયાની નેશનલ ઈન્ટેલિજન્સ સર્વિસ (NIS) NATOCCDCOEમાં એક યોગદાન આપનારી સંસ્થા બની ગઈ છે. હવે, NATOCCDCOE ના સત્તાવાર સભ્યો તરીકે 32 દેશો છે જેમાં 27 NATO સભ્ય દેશો અને 5 બિન NATO સભ્ય દેશો સામેલ છે. દક્ષિણ કોરિયાએ લોકડ શિલ્ડ્સ 2022માં ભાગ લીધો છે, જે વિશ્વમાં સૌથી મોટો અને સૌથી જટિલ વાર્ષિક આંતરરાષ્ટ્રીય લાઈવ–ફાયર સાયબર સંરક્ષણ અભ્યાસ છે. આ અભ્યાસ CCDCOE, NATO અને ભાગીદાર દેશો વચ્ચે પ્રશિક્ષણ અને સહયોગ હતો. ફિનલેન્ડે સાયબર અભ્યાસ લોકડ શિલ્ડ્સ 2022 જીત્યો હતો.

→ CCDEOC નું વડુમથક તેલિન, એસ્ટોનિયા છે જેની સ્થાપના : 2008 માં થઈ હતી.

❖ **બુદ્ધ પૂર્ણિમાના શુભ અવસરે નેપાળના વડાપ્રધાન શેર બહાદુર દેઉબાના નિમંત્રણથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેપાળમાં લુમ્બિનીની સત્તાવાર યાત્રા કરી હતી.**

→ આ નરેન્દ્ર મોદીની વડાપ્રધાન તરીકે નેપાળની પાંચમી અને લુમ્બિનીની પ્રથમ મુલાકાત હતી. બંને વડાપ્રધાનોએ નેપાળના લુમ્બિનીમાં માયાદેવી મંદિરની મુલાકાત લીધી, જ્યાં ભગવાન બુદ્ધનું જન્મસ્થાન છે. બાદમાં ઐતિહાસિક અશોક સ્તંભની મુલાકાત લીધી જ્યાં પ્રથમ પુરાતત્વીય પુરાવો છે કે લુમ્બિની ભગવાન બુદ્ધનું જન્મસ્થાન હતું.

→ નેપાળના લુમ્બિનીમાં ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર ફોર બૌદ્ધ કલ્ચર એન્ડ હેરિટેજનો શિલાન્યાસ : PM મોદી અને તેમના સમકક્ષ દેઉબાએ શિલાન્યાસ સમારોહમાં ભાગ લીધો અને નેપાળના લુમ્બિનીમાં ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર ફોર બૌદ્ધ કલ્ચર એન્ડ હેરિટેજના નિર્માણની આધારશિલા મૂકી હતી.

→ બૌદ્ધ અધ્યયન માટે ડો.આંબેડકર પીઠની સ્થાપના માટે નેપાળમાં ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (ICCR) અને લુમ્બિની બૌદ્ધ યુનિવર્સિટી વચ્ચે એક MoU.

Banking Academy

→ ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (ICCR) અને નેપાળમાં ત્રિભુવન યુનિવર્સિટીના નેપાળ અને સેન્ટર ફોર નેપાળ એન્ડ એશિયન સ્ટડીઝ (CNAS) વચ્ચે ભારતીય અભ્યાસની ICCR ચેરની સ્થાપના માટે એક MoU.

❖ **સંયુકત રાષ્ટ્ર વિશ્વ પર્યટન સંગઠન (UNWTO)એ જાહેર કર્યું છે કે રશિયાએ UNWTO છોડવાનો નિર્ણય કર્યો છે.**

→ આ જાહેરાત UNWTOના મહાસચિવ ઝુરાબ પોલોલિકાશ્વિલીએ કરી હતી.

→ UNWTO સંયુકત રાષ્ટ્રનું એક સંગઠન છે જે સતત, જવાબદાર અને સાર્વભૌમિક રીતે સુલભ પર્યટનને પ્રોત્સાહન આપે છે. તેનું વડુમથક મેડ્રિડ (સ્પેન)માં આવેલું છે.

❖ **મિશન SAGAR IX (સિકયોરિટી એન્ડ ગ્રોથ ફોર ઓલ ઈન ધ રિજન)ના ભાગરૂપે ભારતે શ્રીલંકાને INS ઘડિયાળના માધ્યમથી મહત્વપૂર્ણ મેડિકલ સહાય પ્રદાન કરી હતી.**

→ આ કન્સાઈનમેન્ટમાં 107 પ્રકારની મહત્વપૂર્ણ જીવનરક્ષક દવાઓની 760 કિગ્રા સામગ્રી શ્રીલંકાનાં સ્વાસ્થ્ય મંત્રી ચન્ના જયસુમનાને સોંપવામાં આવી હતી.

→ ભારત 2022માં શ્રીલંકાને લગભગ 3 અબજ ડોલરની આર્થિક સહાય પ્રદાન કરી છે. મિશન સાગરની શરૂઆત મે 2020માં કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ હિન્દ મહાસાગરના તટીય દેશોને COVID-19 સંબંધિત સહાયતા પ્રદાન કરવાનો છે.

## અર્થવ્યવસ્થા

❖ **કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા 'કિસાન ભાગીદારી, પ્રાથમિકતા હમારી' અભિયાનનું આયોજન કરવામાં આવ્યું.**

→ આ અભિયાન 30 એપ્રિલ, 2022 સુધી શરૂ રહેશે અને વિવિધ અન્ય વિભાગો અને મંત્રાલયોના સહયોગથી સરકારના 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત આયોજિત કરવામાં આવ્યું. આ અભિયાન અંતર્ગત કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા દેશના ખેડૂતો માટે ક્ષેત્રીય સ્તરે વિવિધ દેશવ્યાપી કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યા. આ અભિયાન અંતર્ગત 75 પસંદગીના ઉદ્યમીઓ અને ખેડૂતોનું નેશનલ આત્મનિર્ભર ભારત કોન્કલેવ આયોજિત કરવામાં આવ્યું.

❖ **તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળે દેશના MSMEs ના પ્રદર્શનને બેહતર અને ઝડપી બનાવવા માટે RAMP (રાઈઝિંગ એન્ડ એકસેલરેટિંગ MSME પરફોર્મન્સ) યોજના શરૂ કરી છે, જે વર્લ્ડ બેંક દ્વારા સમર્થિત છે અને તેનો કુલ ખર્ચ રૂ. 6,062.45 કરોડ થશે.**

→ RAMP યોજના નાણાકીય વર્ષ 2022-23માં શરૂ થશે. RAMP યોજના શરૂ કરવા માટેની ભલામણો કે.વી.કામથ સમિતિ, યુ.કે.સિન્હા સમિતિ અને વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ (PMEAC) દ્વારા કરાઈ હતી.

→ RAMP (રાઈઝિંગ એન્ડ એકસેલરેટિંગ MSME પરફોર્મન્સ) યોજના વર્લ્ડ બેંકની સહાયતા પ્રાપ્ત કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે જે અંતર્ગત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમ મંત્રાલય (MoMSME) સાથે સંકળાયેલા COVID-19 સંબંધિત પડકારોના સમાધાન માટે આવશ્યક મદદ અપાઈ રહી છે. જેનો ઉદ્દેશ બજાર અને ઋણ સુધી પહોંચમાં સુધારો તેમજ કેન્દ્ર તથા રાજયોમાં સ્થિત વિભિન્ન સંસ્થાનો અને શાસનને મજબૂત કરવું અને MSME દ્વારા વિલંબિત ચૂકવણી અને પર્યાવરણ અનુકૂળ ઉત્પાદન અને પ્રક્રિયાઓ સાથે સંબંધિત મુદ્દાઓ ઉકેલવાનો છે.

❖ **આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) દ્વારા દેશના 14 રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વધુ 126 શહેરોમાં 'સ્વનિધિ સે સમૃદ્ધિ પ્રોગ્રામ' લોન્ચ કરાયો છે.**

→ સ્વનિધિ (SVANidhi) સે સમૃદ્ધિ કાર્યક્રમનો ઉદ્દેશ સ્ટ્રીય વેન્ડરો (ફેરિયાઓ, લારીવાળાઓ, ફૂટપાથ પર વેપાર કરનારાઓ)ને કિફાયતી કાર્યકારી મૂડી લોન ઉપલબ્ધ કરાવવાનો છે. સ્વનિધિ સે સમૃદ્ધિ યોજનાના પ્રથમ તબક્કાની સફળતા બાદ MoHUA એ ભારતના 14 રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 126 વધુ શહેરોમાં તેના વિસ્તરણનો નિર્ણય કર્યો હતો. કવોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (QCI) ઉકત કાર્યક્રમ માટે અમલીકરણ ભાગીદાર છે.

❖ **સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (CMIE) દ્વારા જાહેર તાજા આંકડા અનુસાર, છત્તીસગઢ 0.6% સાથે દેશમાં સૌથી ઓછો બેરોજગારી દર ધરાવતા રાજયોમાં ટોચના ક્રમે છે.**

→ ભારતમાં સમગ્ર બેરોજગારી દર ફેબ્રુઆરી 2022માં 8.10% થી ઘટીને 7.6% (માર્ચ 2022) થઈ ગયો છે. આંકડાકીય માહિતી અનુસાર, હરિયાણામાં સૌથી વધુ બેરોજગારી દર 26.70% છે.

| **સૌથી ઓછો બેરોજગારી દર ધરાવતા રાજયો** | |
|---|---|
| **રાજયો** | **બેરોજગારી દર (%)** |
| છત્તીસગઢ | 0.60 |
| મધ્યપ્રદેશ | 1.40 |
| કર્ણાટક | 1.80 |
| ગુજરાત | 1.80 |

| **ઉચ્ચ બેરોજગારી દરવાળા રાજયો** | |
|---|---|
| **રાજયો** | **બેરોજગારી દર (%)** |
| હરિયાણા | 26.70 |
| રાજસ્થાન | 25.00 |
| જમ્મુ અને કાશ્મીર | 25.00 |
| ઝારખંડ | 14.50 |

❖ **તાજેતરમાં ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (IPPB) દ્વારા ફિન્કલુવેશન પ્લેટફોર્મ લોન્ચ કરાયું છે.**

→ આ પ્લેટફોર્મ વડે ફિનટેક સ્ટાર્ટઅપ્સના સહયોગથી અભિનવ ઉપાયોને પ્રોત્સાહન આપી શકાય અને વંચિત તથા સેવાઓ સુધી પહોંચ ન ધરાવતી વસતી વચ્ચે નાણાકીય સમાવેશનમાં ઝડપ લાવી શકાય. ફિનટેક શબ્દ વ્યવસાયો દ્વારા ઉપયોગમાં લેવાતા એ સોફટવેર અને અન્ય આધુનિક ટેકનોલોજીને સંદર્ભિત કરે છે જે સ્વચાલિત અને આયાતી નાણાકીય સેવાઓ પ્રદાન કરે છે. ફિન્કલુવેશન ભાગ લેનારા સ્ટાર્ટઅપ સાથે સમાવેશી નાણાકીય સમાધાન ઉપલબ્ધ કરાવવા માટે IPPBનું એક સ્થાયી મંચ હશે.

❖ **બેંગ્લોર સ્થિત નિયોબેંક પ્લેટફોર્મ 'ઓપન' 100મું યુનિકોર્ન બન્યું છે.**

→ નવેસરથી ભંડોળ એકત્ર કર્યા પછી કંપનીનું મૂલ્ય એક અબજ ડોલરને વટાવી ગયું છે. યુનિકોર્ન સ્ટેટ્સ ધરાવતી કંપનીઓની સંખ્યાના સંદર્ભમાં ભારત હાલ વૈશ્વિક ત્રીજા ક્રમે છે. યુનિકોર્ન એ સ્ટાર્ટ–અપ્સ છે જેનું મૂલ્ય 1 મિલિયન અમેરિકન ડોલરથી વધુ હોય છે. આ શબ્દ સૌપ્રથમ કેલિફોર્નિયાના પાલો અલ્ટો સ્થિત બીજ – સ્ટેજ વેન્ચર કેપિટલ ફંડ, કાઉબોય વેન્ચર્સના સ્થાપક ઈલીન બી દ્વારા બનાવવામાં આવ્યો હતો. યુનિકોર્ન માનવ સંસાધન સેકટરમાં ભરતી સંબંધિત ખ્યાલનો સંદર્ભ આપે છે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારામને નવી દિલ્હીમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા NDBના બોર્ડ ઓફ ગવર્નર્સની 7મી બેઠકની અધ્યક્ષતા કરી હતી.**

→ બ્રાઝિલ, ચીન, રશિયા, દક્ષિણ આફ્રિકા, બાંગ્લાદેશ અને સંયુકત આરબ અમીરાત (નવા સભ્યો)ના ગવર્નરોએ પણ આ બેઠકમાં હાજરી આપી હતી. આ વાર્ષિક બેઠકની થીમ 'NDB : Optimising Development Impact' છે.

→ નાણામંત્રી નિર્મલા સીતારામને બહુપક્ષીયવાદના મહત્વ અને આર્થિક સુધારા માટે વૈશ્વિક સહયોગની ભાવના પર ભાર મૂકયો હતો. NDBની સ્થાપના BRICS દેશો દ્વારા વર્ષ 2014માં બ્રાઝિલના ફોર્ટોલેજામાં આયોજિત છઠ્ઠી બ્રિકસ સમિટમાં કરવામાં આવી હતી. તેનું મુખ્યમથક ચીનના શાંઘાઈમાં આવેલું છે.

❖ **તાજેતરમાં ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ONDC) માટેનો પાઈલટ પ્રોજેકટ પાંચ શહેરો દિલ્હી, બેંગલુરુ, કોઈમ્બતુર, ભોપાલ અને શિલોંગમાં શરૂ કરવામાં આવ્યો છે.**

→ આ પ્રોગ્રામ થોડા સમય બાદ 100 શહેરોમાં લોન્ચ કરવામાં આવશે.

→ ONDC ડિજિટલ અથવા ઈલેકટ્રોનિક નેટવર્ક પર વસ્તુઓ અને સેવાઓના આદનપ્રદાનના દરેક પાસાં માટે ઓપન નેટવર્કને પ્રોત્સાહિત કરતી પહેલ છે. કોઈ વિશિષ્ટ પ્લેટફોર્મથી સ્વતંત્ર ઓપન નેટવર્ક પ્રોટોકોલનો ઉપયોગ કરશે તથા ઓપન–સોર્સ પદ્ધતિ પર આધારિત હશે. ONDCનું લક્ષ્ય હાલના પ્લેટફોર્મ કેન્દ્રીત મોડલથી ઓપન નેટવર્ક મોડલમાં સ્થાનાંતરિત કરીને ઈ–કોમર્સ બજારના મૂળભૂત માળખાને બદલવાનું છે. આ પહેલ વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ ઉદ્યોગ અને આંતરિક વ્યાપાર પ્રમોશન વિભાગ (DPIIT)એ શરૂ કરી છે.

→ ONDC મોબિલિટી, ગ્રોસરી, ફૂડ ઓર્ડર, ફૂડ ડિલિવરી, હોટલ બુકિંગ અને પ્રવાસ જેવા ક્ષેત્રોમાં સ્થાનિક વાણિજયને સક્ષમ કરશે. જેને કોઈપણ નેટવર્ક સક્ષમ એપ્લિકેશન દ્વારા શોધી શકાય છે. ONDC ઉત્પાદન અને સેવા બંને ક્ષેત્રો માટે કાર્ય કરશે.

❖ **વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ (EAC-PM)ના અધ્યક્ષ ડો.વિવેક દેબરોયે 'ભારતમાં અસમાનતાની સ્થિતિ રિપોર્ટ' બહાર પાડયો છે.**

→ જેને ઈન્સ્ટિટયૂટ ફોર કોમ્પિટિટિવનેસ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ દેશમાં અસમાનતાનો વ્યાપક તાગ મેળવે છે. રિપોર્ટ સ્વાસ્થ્ય, શિક્ષણ અને શ્રમ બજાર જેવા વિવિધ ક્ષેત્રોમાં પ્રવર્તતી અસમાનતાના ડેટાનો તુલનાત્મક અભ્યાસ કરે છે, જે લોકોને ગરીબી પ્રત્યે વધુ સંવેદનશીલ બનાવે છે અને બહુઆયામી ગરીબી તરફ દોરી જાય છે. રિપોર્ટમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે અસમાનતા સમાજને કેવી રીતે પ્રભાવિત કરે છે. રિપોર્ટના બે ભાગ પડે છે. આર્થિક પાસાંઓ અને સામાજિક – આર્થિક અભિવ્યકિતઓ. રિપોર્ટ અસમાનતાને પ્રભાવિત કરવા મુખ્ય પાંચ ક્ષેત્રોનો અભ્યાસ કરે છે.
I. આવકનું વિતરણ, II. શ્રમ બજારની ગતિશીલતા, III. સ્વાસ્થ્ય, IV. શિક્ષણ, V. ઘરેલુ વિશેષતાઓ

→ આ રિપોર્ટ સામયિક શ્રમ બળ સર્વેક્ષણ, રાષ્ટ્રીય પરિવાર અને સ્વાસ્થ્ય સર્વે (NFHS), તથા યુનાઈટેડ ઈન્ફર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન પ્લસ (UDISET) દ્વારા પ્રાપ્ત આંકડાઓ પર આધારિત છે. તેમાં કરેલી ભલામણોમાં યુનિવર્સલ બેઝિક ઈન્કમની સ્થાપના, રોજગાર સર્જન, સામાજિક સુરક્ષા યોજનાઓ માટે વધુ બજેટની ફાળવણી વગેરેનો સમાવેશ થાય છે.

→ ધન કેન્દ્રીકરણ : ગ્રામીણ ક્ષેત્રોમાં માત્ર 7.1% ની તુલનામાં શહેરી ક્ષેત્રોમાં 44.4% વધુ ધન એકત્ર થયું હતું.

→ બેરોજગારી દર : ભારતનો બેરોજગારી દર 4.8% (2019-20) છે અને શ્રમિક જનસંખ્યા પ્રમાણ 46.8% છે. વર્ષ 2019-20માં વિભિન્ન રોજગાર શ્રેણીઓમાં ઉચ્ચતમ ટકાવારી (45.78) સ્વનિયોજિત શ્રમિકોની હતી, તે પછી નિયમિત પગારદાર શ્રમિકો (33.5%) અને આકસ્મિક શ્રમિકો (20.71%) નું સ્થાન છે. સ્વનિયોજિત શ્રમિકોની હિસ્સેદારી પણ ઓછી આવક શ્રેણીઓમાં સૌથી વધુ છે.

→ સ્વાસ્થ્ય આંતરમાળખું : સ્વાસ્થ્યના બુનિયાદી માળખા અંતર્ગત ગ્રામીણ ક્ષેત્રોમાં માળખાગત ક્ષમતા પર ધ્યાન કેન્દ્રીત કરવાથી અપેક્ષાકૃત સુધારો થયો છે. વર્ષ 2005માં ભારતમાં કેલ 1,72,608 સ્વાસ્થ્ય કેન્દ્રોથી વધીને વર્ષ 2020માં કુલ સ્વાસ્થ્ય કેન્દ્રોની સંખ્યા 1,85,505 સુધી પહોંચી ગઈ છે. રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, તમિલનાડુ અને ચંદીગઢ જેવા રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ વર્ષ 2005થી વર્ષ 2020 વચ્ચે સ્વાસ્થ્ય કેન્દ્રોમાં ઉલ્લેખનીય વૃદ્ધિ કરી છે.

→ ઘરેલું પરિસ્થિતિઓ : વર્ષ 2019-20 સુધી 96% શાળા પરિસરોમાં શૌચાલય સુવિધાઓ (છોકરાઓ માટે 95.9% અને છોકરીઓ માટે 96.3% સુચારુ શૌચાલય) હતી. 80.16% શાળાઓમાં સુચારુ વિદ્યુત જોડાણ હતું, જયારે ગોવા, તમિલનાડુ, ચંદીગઢ, દિલ્હી તથા દાદરા અને નગર હવેલીની સાથે સાથે દમણ અને દીવ, લક્ષદ્વીપ, પુડુચેરીમાં 100% શાળાઓમાં વીજ જોડાણ મોજૂદ હતું.

❖ **કેન્દ્રીય ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રી પશુપતિકુમાર પારસે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી સૂક્ષ્મ ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યમો (PMFME) યોજના અંતર્ગત 3 વન ડિસ્ટ્રિકટ વન પ્રોડકટ (ODOP) બ્રાન્ડ લોન્ચ કરી છે.**

→ 3 નવી બ્રાન્ડમાં મધુરમિથસ, અનારસ અને પિંડસેનો સમાવેશ થાય છે તથા 5 ઉત્પાદનોમાં ગોળનો પાવડર, સૂકા મસાલેદાર અનાનસ, કેરીનું અથાણું, મસાલા પેસ્ટ અને લીંબુ મધનો સમાવેશ થાય છે.

❖ **રિયલ ટાઈમ લેણદેણ પર ACI વર્લ્ડવાઈડ રિપોર્ટ અનુસાર વર્ષ 2021માં ભારતની રિયલ ટાઈમ લેવડદેવડ વધીને 48.6 અબજ થઈ ગઈ છે. જે ચીનના લગભગ ત્રણ ગણા જેટલું છે.**

→ ચીન 18 અબજ સાથે બીજા સ્થાન પર છે. ભારતની લેવડદેવડની માત્રા અમેરિકા, બ્રિટન, કેનેડા, જર્મની અને ફ્રાન્સની સંયુક્ત માત્રાથી સાત ગણી વધારે છે જે 7.5 અબજ છે. 2021માં રિયલ ટાઈમ પેમેન્ટને વ્યાપક રીતે અપનાવવાથી ખર્ચ બચત થઈ છે જે ભારતીય ઉપભોક્તા અને વ્યવસાયો માટે 12.6 અબજ ડોલર છે. તેનાથી 16.4 અબજ ડોલરના આર્થિક ઉત્પાદનોને અનલોક કરવામાં મદદ મળી છે જે ભારતના GDP 0.56% જેટલી છે.

❖ **તાજેતરમાં RBI એ વર્ષ 2021-22 માટે કરન્સી અને ફાઈનાન્સ પર રિપોર્ટ બહાર પાડયો છે.**

→ રિપોર્ટ 'Revive and Reconstruct' થીમ પર આધારિત છે. જે કોવિડ–19 મહામારી બાદ ટકાઉ રિકવરી (પુનઃ બેઠા થવું)ને સહયોગ કરશે અને મધ્યમ સમયગાળા માટે પ્રવૃત્તિ વૃદ્ધિને પ્રોત્સાહિત કરવાના સંદર્ભમાં છે. કોવિડ મહામારીના લીધે અર્થવ્યવસ્થા પર પ્રતિકૂળ પ્રભાવ પડયો છે. આ રિપોર્ટ અનુસાર, ભારતના અર્થતંત્રને COVID-19ના આઘાતમાંથી બહાર આવવામાં 12 વર્ષથી વધુ સમય લાગી શકે છે. 2020-21 માટે વાસ્તવિક વૃદ્ધિદર – 6.6%, 2021-22માં 8.9% અને 2022-23માં અનુમાનિત વૃદ્ધિદર 7.2% છે.

❖ **તાજેતરમાં માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝીસ (MSME) મંત્રી નારાયણ તાત રાણેએ ઝીરો ડિફેક્ટ ઝીરો ઈફેક્ટ (ZED) સર્ટિફિકેશન યોજના શરૂ કરી છે.**

→ આ યોજના મોટા પ્રમાણમાં ખોટો ખર્ચ ઘટાડવા, ઉત્પાદકતા વધારવા, પર્યાવરણીય જાગૃતિ વધારવા, ઊર્જા બચાવવા, પ્રાકૃતિક સંસાધનોનો સારી રીતે ઉપયોગ કરવા, તેના માર્કેટનું વિસ્તરણ કરવા વગેરે પર કેન્દ્રીત છે. આ યોજનામાં બ્રોન્ઝ, સિલ્વર અને ગોલ્ડ સહિત 3 સર્ટિફિકેશન સ્તર સામેલ છે. ZED સર્ટિફિકેશન યોજના અંતર્ગત MSME ને ઉદ્યમોમાં સબસિડી મળશે, જેમકે, 1. સૂક્ષ્મ ઉદ્યમ : 80%, 2. લઘુ ઉદ્યમ : 60%, 3. મધ્યમ ઉદ્યમ : 50%

→ પૂર્વોત્તર રેલવે (NER)/હિમાલય/ડાબેરી ઉગ્રવાદ (LWE)/દ્વીપ ક્ષેત્ર/આકાંશી જિલ્લાઓમાં મહિલા/ અનુસૂચિત જાતિ (SC)/ અનુસૂચિત જનજાતિ (ST) ઉદ્યમીઓ અથવા MSMEની માલિકી ધરાવતા MSME માટે 10% ની વધારાની સબસિડી પ્રદાન કરવામાં આવશે.

→ જે ઉદ્યમો સ્કીમ ઓફ ફંડ ફોર રિનરેશન ઓફ ટ્રેડિશનલ ઈન્ડસ્ટ્રીઝ (SFURTI) અથવા માઈક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઈઝ – કલસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (MSECDP)નો ભાગ છે તેને 5% ની વધારાની સબસિડી પ્રદાન કરાશે તથા દરેક MSMEને ZED પ્રતિજ્ઞા લીધા બાદ 10,000 રૂપિયાનું જોઈનિંગ ઈનામ આપવામાં આવશે.

❖ **તાજેતરમાં પોસ્ટ વિભાગે પોસ્ટ ઓફિસ બચત બેંક ખાતાધારકો માટે NEFT અને RTGS સુવિધા શરૂ કરી છે.**

→ NEFT સેવા 18 મે, 2022 થી શરૂ થઈ ગઈ છે તથા RTGS સેવા 31 મે, 2022 થી ઉપલબ્ધ થશે. આ સેવા લોન્ચ થવાથી પોસ્ટ ઓફિસના બચત ખાતાધારકો ઈલેકટ્રોનિક માધ્યમથી નાણાંની લેવડદેવડ કરી શકશે. DOP – CBS (પોસ્ટ વિભાગ – કોર બેન્કિંગ સોલ્યુશન) થકી અન્ય બેંક ખાતાઓ દ્વારા પોસ્ટ વિભાગના બચત ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવાનું સરળ થશે. તેનાથી ગ્રાહકોને પોસ્ટ વિભાગની બચત યોજનાઓમાં રોકાણ કરવામાં સરળતા રહેશે.

❖ **વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય અનુસાર, રશિયા–યુક્રેન યુદ્ધ અને COVID-19 મહામારીના આઘાતો હોવા છતાં નાણાકીય વર્ષ 2021-22માં ભારતનું FDI 83.57 અબજ ડોલરની ઐતિહાસિક સપાટીએ પહોચ્યું છે.**

→ તેનાથી વૈશ્વિક રોકાણકારોમાં ભારતની છબી સ્પષ્ટ હોવાનું જણાય છે. નાણાકીય વર્ષ 2003-2004 બાદ ભારતમાં વિદેશી રોકાણનો પ્રવાહ 20 ગણો વધ્યો છે. પહેલાં તે માત્ર 4.3 અબજ ડોલર હતો. COVID-19 મહામારી બાદ FDI પ્રવાહમાં 23%નો વધારો થયો છે. નાણાકીય વર્ષ 2020-21માં FDI પ્રવાહ 1.6 અબજ ડોલર રહ્યો હતો. ઉદાર અને પારદર્શી FDI નીતિના માધ્યમથી સરકાર સુનિશ્ચિત કરી રહી છે કે ભારત આકર્ષક રોકાણ સ્થળ બની રહે, તાજેતરમાં જ સરકારે સ્વચાલિત રીતે FDI માટે અનેક ક્ષેત્રો ખુલ્લા મૂકયા છે. કોલસો, ડિજિટલ મીડિયા, સિંગલ બ્રાન્ડ રીટેલ વેપાર, નાગરિક, ઉડ્ડયન, વીમા ક્ષેત્ર, દૂરસંચાર જેવા ક્ષેત્રોમાં સુધાર પણ ભારતને એક આકર્ષક રોકાણનું સ્થળ બનાવે છે. 2021-22માં 25% હિસ્સેદારી સાથે સૌથી વધુ FDI કોમ્પ્યૂટર સોફટવેર અને હાર્ડવેર ક્ષેત્રમાં આવ્યું હતું. ત્યારબાદ સેવા ક્ષેત્ર અને ઓટોમોબાઈલ ક્ષેત્રનું સ્થાન આવે છે. 2020-21ની સાપેક્ષ 2021-22માં ઉત્પાદન ક્ષેત્રે FDI પ્રવાહમાં 76% ની વૃદ્ધિ થઈ છે.

❖ **ટેકનોલોજી પાયોનિયર્સ નેટવર્ક 2022માં લગભગ 100 ઈનોવેટિવ ટેક ફર્મ સામેલ થઈ છે, જેમાંથી પાંચ ભારતીય સ્ટાર્ટઅપ છે.**

→ આ સ્ટાર્ટઅપ ટેકનોલોજીની ઘોષણા વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) 2022ની વાર્ષિક બેઠક પહેલાં કરવામાં આવી હતી. આ નેટવર્કમાં 30 દેશો સામેલ છે. વિયેતનામ, રવાન્ડા અને ચેક ગણરાજ્ય પ્રથમવાર પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. ટેકનોલોજી પાયોનિયર્સ નેટવર્ક 2022માં પસંદગીની કંપનીઓમાંથી 1/3થી વધુનું નેતૃત્વ મહિલાઓ દ્વારા કરવામાં આવે છે.

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

❖ **તાજેતરમાં સંયુકત રાષ્ટ્રની જળવાયુ વિજ્ઞાન સંસ્થા ઈન્ટરગવર્નમેન્ટલ પેનલ ઓન કલાઈમેટ ચેન્જ (IPCC)ના છઠ્ઠા મૂલ્યાંકનનો ત્રીજો ભાગ જાહેર કરવામાં આવ્યો.**

→ આ ભાગમાં જણાવવામાં આવ્યું છે કે બધા જ ક્ષેત્રોમાં ઉત્સર્જનમાં તત્કાળ ઘટાડો કર્યા વગર વૈશ્વિક તાપમાનને 1.5 ડિગ્રી સેલ્સિયસ સુધી સીમિત રાખવાનું ખૂબ જ મુશ્કેલ બનશે.

→ આ રિપોર્ટ મુજબ : વર્ષ 2019માં વૈશ્વિક શુદ્ધ માનવજનિત ગ્રીનહાઉસ ગેસ (GHG) ઉત્સર્જન 59 ગીગાટન કાર્બન ડાયોકસાઈડ સમકક્ષ હતું, જે વર્ષ 1990ની તુલનામાં 54% વધુ હતું. આ ઉત્સર્જન વધારો મુખ્યત્વે જીવાશ્મ ઈંધણના દહન અને ઔદ્યોગિક ક્ષેત્રમાંથી $CO_2$ ઉત્સર્જનની સાથે – સાથે મિથેન ઉત્સર્જનથી પ્રેરિત છે. પરંતુ વર્ષ 2010-19 ની અવધિમાં વિકાસનો સરેરાશ વાર્ષિક દર 1.3% પ્રતિવર્ષ થઈ ગયો, જ્યારે વર્ષ 2000-09ની અવધિમાં તે 2.1% પ્રતિવર્ષ હતો.

→ ઓછામાં ઓછા 18 દેશોએ તેમની ઊર્જા પ્રણાલીના ડિકાર્બનાઈઝેશન, ઊર્જા દક્ષતા ઉપાયો અને ઓછી ઊર્જા માંગના કારણે લગાતાર 10 વર્ષોથી વધુ સમય સુધી GHG ઉત્સર્જનને ઓછું કર્યુ છે. શુદ્ધ ઉત્સર્જનનું તાત્પર્ય દુનિયાના જંગલો અને મહાસાગરો દ્વારા શોષિત ઉત્સર્જનમાં ઘટાડા બાદ થનારા ઉત્સર્જનથી છે. માનવજનિત ઉત્સર્જનનું તાત્પર્ય એવા ઉત્સર્જનથી છે જે ઊર્જા માટે કોલસાના દહન અથવા જંગલો કાપવા જેવી માનવ પ્રવૃત્તિઓના કારણે થાય છે.

→ વર્ષ 2019માં વૈશ્વિક ઉત્સર્જનના કેવળ 3.3% ઉત્સર્જન કરનારા સૌથી ઓછા વિકસિત દેશોની સાથે કાર્બન અસમાનતા હંમેશાની જેમ વ્યાપ્ત છે. વર્ષ 1990-2019ના સમયગાળામાં તેઓનું સરેરાશ પ્રતિવ્યક્તિ ઉત્સર્જન માત્ર 1.7 ટન $CO_2$ હતું, જ્યારે વૈશ્વિક સરેરાશ 6.09 $tCO_2e$ હતું. વર્ષ 1850થી વર્ષ 2019ની અવધિમાં સૌથી ઓછા વિકસિત દેશોએ જીવાશ્મ બળતણ અને ઉદ્યોગથી કુલ ઐતિહાસિક $CO_2$ ઉત્સર્જનમાં 0.4% થી ઓછાનું યોગદાન આપ્યું હતું. વિશ્વસ્તરે વિશ્વની 41% વસતી વર્ષ 2019માં પ્રતિવ્યક્તિ 3 $tCO_2e$ થી ઓછું ઉત્સર્જન કરનારા દેશોમાં રહેતી હતી.

❖ **દેશની સાયબર સુરક્ષાને મજબૂત કરવાના ઉદ્દેશથી સરકારી અધિકારીઓ અને મહત્વપૂર્ણ ક્ષેત્રના સંગઠનો માટે રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય દ્વારા નેશનલ સાયબર સિક્યોરિટી ઈન્સિડેન્ટ રિસ્પોન્સ એક્સરસાઈઝ (NCX ઈન્ડિયા)નું આયોજન કરવામાં આવ્યું હતું.**

→ NCX ઈન્ડિયાનું ઉદ્‌ઘાટન નેશનલ સિક્યોરિટી એડવાઈઝર (NSA) અજિત ડોભાલે કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન 140થી વધુ અધિકારીઓને પ્રશિક્ષણ સત્રો અને વ્યૂહાત્મક અભ્યાસોના માધ્યમથી પ્રશિક્ષણ પ્રદાન કરાયું હતું. આ કવાયત લદાખમાં પાવર ગ્રિડ હેકિંગની ઘટનાઓ અને વિવિધ મંત્રાલયોના ટ્વિટર હેન્ડલ હેક થવાના કારણોસર હાથ ધરવામાં આવી છે.

❖ **તાજેતરમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI)એ 'ગગન' (GAGAN – GPS Aided Geo Augmented Navigation) આધારિત LPV અભિગમ પ્રક્રિયાઓનો ઉપયોગ કરીને સફળતાપૂર્વક હળવુ પરીક્ષણ (Light Trial) કર્યું હતું.**

→ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI)એ ગગન નામની આ નવીનતમ સ્વદેશી સેટેલાઈટ આધારિત ઓગમેન્ટેડ સિસ્ટમ ટેકનોલોજીનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યા પછી ભારતે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. રાજસ્થાનના કિશનગઢ એરપોર્ટ પર ઉત્તરાણ કરતી વખતે સ્વદેશી રીતે વિકસિત સેટેલાઈટ આધારિત નેવિગેશન સિસ્ટમનો ઉપયોગ કરનાર ઈન્ડિગો એશિયાની પ્રથમ એરલાઈન બની હતી. ભારત એશિયા પેસિફિક ક્ષેત્રનો પ્રથમ દેશ છે જેમણે આ સિદ્ધિ હાંસલ કરી છે.

❖ **તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) દ્વારા 'State of World's Forest Report 2022' (SOFO 2022) બહાર પાડવામાં આવ્યો.**

→ આ રિપોર્ટ મુજબ વનનાબૂદી કારણે 1990 અને 2020 ની વચ્ચે 420 મિલિયન હેક્ટર (Mha) જંગલો નષ્ટ થયા છે. જોકે પૃથ્વીના ભૌગોલિક વિસ્તારના 4.06 બિલિયન હેક્ટર વિસ્તારને જંગલો આવરી લે છે. વનનાબૂદીના દરમાં ઘટાડો થયો હોવા છતાં 2015 અને 2020ની વચ્ચે દર વર્ષે 10 મિલિયન હેક્ટર જંગલો નષ્ટ થયા છે.

→ 2016 અને 2050 ની વચ્ચે એકલા ઉષ્ણકટિબંધમાં અંદાજિત 289 મિલિયન હેક્ટર જંગલોનો નાશ થશે, જો વધારાના પગલાં લેવામાં નહીં આવે તો 169 GtCo2e ઉત્સર્જન થશે. નોંધનીય છે કે વૈશ્વિક વાર્ષિક Co2 સમકક્ષ ઉત્સર્જન (GtCo2e / year)ના આધારે ગ્રીનહાઉસ ગેસનો કુલ જથ્થો અબજ ટન તરીકે દર્શાવવામાં આવે છે.

→ 250 ઉભરતા ચેપી રોગમાંથી 15% જંગલો સાથે સંકળાયેલા છે. ઉદાહરણ તરીકે Covid-19, દવા પ્રતિરોધક ચેપ (એન્ટિમાઈક્રોબાયલ), ઝિકા વાયરસ વગેરે. 1960થી નોંધાયેલા 30% નવા રોગો માટે વનનાબૂદી અને જમીન–ઉપયોગ–પરિવર્તનને જવાબદાર ગણી શકાય.

→ ગેરકાયદેસર વન્યપ્રાણી વેપારને રોકવા, જમીનના ઉપયોગના ફેરફારને ટાળવા અને દેખરેખ વધારવા પર આધારિત વૈશ્વિક મહામારીની નિયંત્રણ વ્યૂહરચનાઓના ખર્ચનો અંદાજ 22 મિલિયન અમેરિકન ડોલરથી વધી 31 મિલિયન અમેરિકન ડોલર થયો છે.

→ Covid-19 મહામારી પછી 124 મિલિયનથી વધુ લોકો અત્યંત ગરીબીમાં આવી ગયા અને મહામારી દરમિયાન કેટલાક દેશોમાં લાકડા આધારિત ઈંધણ (જલાઉ લાકડી અને કોલસો)નો ઉપયોગ વધ્યો, જેની લાંબાગાળે અસરો થઈ શકે છે.

→ વર્ષ 2050 સુધીમાં વિશ્વની વસતી 9.7 અબજ સુધી પહોંચવાનો અંદાજ છે, જે જમીન માટેની સ્પર્ધામાં વધારો કરશે, કારણ કે આ મોટી વસતી માટે ખોરાકની માંગ વર્ષ 2050 સુધીમાં 35 થી 56% સુધી વધશે. વસતીના કદ અને સમૃદ્ધિમાં વધારો થવાને કારણે તમામ કુદરતી સંસાધનોનો સંયુકત વાર્ષિક વૈશ્વિક વપરાશ 2017માં 92 અબજ ટનથી વધીને 2060માં 190 અબજ ટન થવાની ધારણા છે. વાર્ષિક બાયોમાસ નિષ્કર્ષ વર્ષ 2017 માં 24 અબજ ટનથી વધીને વર્ષ 2060 સુધીમાં 44 અબજ ટન સુધી પહોંચવાની અપેક્ષા છે. મુખ્યત્વે ઉત્પાદન અને પેકેજિંગને કારણે જંગલ આધારિત બાયોમાસની માંગમાં વધુ વધારો થવાની સંભાવના છે.

❖ **તાજેતરમાં ISRO ના અધ્યક્ષ એસ. સોમનાથે જાહેરાત કરી છે કે 'શુક્ર મિશન' (Venus Mission) ડિસેમ્બર 2024 સુધીમાં લોન્ચ કરવામાં આવશે.**

→ આ મિશનનો મુખ્ય ઉદ્દેશ શુક્રના વાતાવરણમાં હાજર સલ્ફ્યુરિક એસિડના વાદળોનો અભ્યાસ કરવાનો છે, જે પ્રકૃતિમાં ઝેરી અને ક્ષતિગ્રસ્ત છે.

→ આ મિશનના મુખ્ય ઉદ્દેશ્યો – સપાટીની પ્રક્રિયા અને છીછરી પેટા – સપાટીના સ્તરની તપાસ કરવી, વાતાવરણની સંરચના, સંઘટક અને ગતિશીલતાનો અભ્યાસ કરવાનો છે.

❖ **તાજેતરમાં બંગાળની ખાડીમાં ઉદ્‌ભવેલું ચક્રવાત અસાની (Cyclone Asani) આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને ઓડિશાના દરિયાકિનારે ત્રાટકયુ હતું.**

→ 'અસાની' ચક્રવાતનું નામ શ્રીલંકા દ્વારા આપવામાં આવ્યું છે. સિંહલી ભાષામાં 'અસાની'નો અર્થ ક્રોધ થાય છે.

❖ **તાજેતરમાં ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)એ ગગનયાન કાર્યક્રમ માટે હ્યુમન–રેટેડ સોલિડ રોકેટ બૂસ્ટર (HS200) નું સફળતા પૂર્વક પરીક્ષણ પૂરું કર્યુ છે.**

→ બૂસ્ટર એન્જિન એ GSLV MK-III રોકેટનો એક ભાગ છે જે ભારતીય અવકાશયાત્રીઓને અવકાશમાં લઈ જશે. ગગનયાન મિશન માટે ઉપયોગમાં લેવાતા GSLV MK-III રોકેટમાં બે HS200 બૂસ્ટર હશે જે લિફ્ટ – ઓફ માટે થ્રસ્ટ પ્રદાન કરશે.

→ HS200 એ 20 મીટર ઊંચુ નક્કર બૂસ્ટર છે જેનો વ્યાસ 3.2 મીટર છે. તે નક્કર પ્રોપેલન્ટનો ઉપયોગ કરનાર વિશ્વનું બીજું સૌથી મોટુ પાવર્ડ બૂસ્ટર છે. HS200 સેટેલાઈટ લોન્ચ વ્હીલક એ GSLV MK-III ના S200 રોકેટ બૂસ્ટરનું માનવ–રેટેડ સંસ્કરણ છે જે LVM3 તરીકે ઓળખાય છે. ગગનયાન એક

ક્રૂડ મિશન હોવાથી GSLV MK-III માં 'માનવ રેટિંગ' (Human Rating) જરૂરિયાતોને પહોંચી વળવા તેની વિશ્વસનીયતા અને સલામતીને વધારવામાં આવશે.

→ S200 મોટર–LVM3 પ્રક્ષેપણ વાહનનો પ્રથમ તબક્કો જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ (GEO)માં 4000 કિલોના ઉપગ્રહ લઈ જવા માટે રચાયેલ છે અને તેનો આકાર સ્ટ્રેપ–ઓન રોકેટ બૂસ્ટર જેવો છે.

→ HS200 બૂસ્ટરની ડિઝાઈન અને વિકાસ કેરળના તિરુવનંતપુરમમાં વિક્રમભાઈ સારાભાઈ સ્પેશ સેન્ટર (VSSC) ખાતે પૂર્ણ કરવામાં આવ્યું હતું અને પ્રોપેલન્ટનું નિર્માણ શ્રી હરિકોટા ખાતે કરવામાં આવ્યું હતું.

❖ **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના પ્રથમ 5G ટેસ્ટબેડનું ઉદ્ઘાટન કર્યું હતું.**

→ તે સ્ટાર્ટઅપ અને ઉદ્યોગ જગતના લોકોને સ્થાનિક સ્તરે તેમના ઉત્પાદનોનું પરીક્ષણ કરવાની મંજૂરી આપશે, જેનાથી વિદેશી સુવિધાઓ પર નિર્ભરતા ઘટશે.

→ આધુનિક ટેલિકોમ્યુનિકેશન ટેકનોલોજી ક્ષેત્રમાં આત્મનિર્ભરતા તરફ આ એક મહત્વપૂર્ણ પગલું છે. 5G ટેસ્ટબેડ લગભગ રૂ. 220 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. 5G ટેસ્ટબેડના અભાવે સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગોને 5G નેટવર્ક સેટ કરવા અને તેમના ઉત્પાદનોનું પરીક્ષણ અને ચકાસણી કરવા માટે વિદેશી નિર્ભરતા પર આધાર રાખવાની ફરજ પડી હતી. ભારતનું 5G સ્ટાન્ડર્ડ 5Gi ના રૂપમાં તૈયાર કરવામાં આવ્યું છે જે દેશના ગામડાઓમાં 5G ટેકનોલોજી લાવવામાં મોટી ભૂમિકા ભજવશે. 5Gi મૂળભૂત રીતે IIT હૈદરાબાદ અને મદ્રાસના સહયોગથી બનાવવામાં આવેલ મેડ ઈન ઈન્ડિયા 5G સ્ટાન્ડર્ડ છે.

❖ **તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ડિસ્ટ્રોયર જહાંજ INS સુરત અને INS ઉદયગીરીને મુંબઈમાં લોન્ચ કર્યું હતું.**

→ INS સુરત એ પ્રોજેકટ 15B પ્રોગ્રામ હેઠળ કાર્યરત થનારું ચોથુ અને છેલ્લું સ્ટીલ્થ ડિસ્ટ્રોયર છે. શરૂઆતમાં આ જહાજોનું નામ પોરબંદર હોવાનું અનુમાન કરવામાં આવ્યું હતું પરંતુ બાદમાં તેને બદલીને સુરત કરવામાં આવ્યું છે.

→ INS ઉદયગીરી એ પ્રોજેકટ 17A ફ્રિગેટ્સનું ત્રીજું જહાજ છે. INS ઉદયગીરીનું નામ આંધ્રપ્રદેશ રાજયની એક પર્વતમાળા પરથી રાખવામાં આવ્યું છે.

→ પ્રોજેકટ 15B ભારત સરકારનો એક કાર્યક્રમ છે જે અંતર્ગત ભારતીય નૌકાદળ માટે નેકસ્ટ જનરેશનના સ્ટીલ્થ ગાઈડેડ–મિસાઈલ ડિસ્ટ્રોયર્સ મંઝગાવ ડોકસ લિમિટેડ (MDL), મુંબઈ ખાતે બનાવવામાં આવી રહ્યા છે.

❖ **તાજેતરમાં રાજસ્થાનમાં રામગઢ વિષધારી વન્યજીવ અભયારણ્યને ભારતના 52મા વાઘ અભયારણ્ય (ટાઈગર રિઝર્વ) તરીકે સૂચિત કરવામાં આવ્યું છે.**

→ નોંધનીય છે કે જુલાઈ 2021માં 'નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી'ની તકનીકી સમિતિએ રામગઢ વિષધારી વન્યજીવ અભયારણ્ય અને આસપાસના વિસ્તારોને ટાઈગર રિઝર્વ બનાવવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

→ આ અભયારણ્ય રાજસ્થાનના બુંદી જિલ્લામાં રામગઢ ગામ નજીક બુંદી – નૈનવા રોડ પર સ્થિત છે. વર્ષ 1982માં વન્યજીવ અભયારણ્ય તરીકે તેની સ્થાપના કરવામાં આવી હતી. આ અભયારણ્ય 252.79 ચોરસ કિલોમીટરના ક્ષેત્રમાં ફેલાયેલ છે.

❖ **તાજેતરમાં બાયોટેક સંશોધકો અને સ્ટાર્ટઅપ્સ માટે નેશનલ પોર્ટલ 'BioRRAP' લોન્ચ કરવામાં આવ્યું હતું.**

→ 'Biological Research Regulatory Approval Portal' (BioRRAP) નામનું આ પોર્ટલ ભારતમાં જૈવિક વિકાસ અને સંશોધન માટે નિયમનકારી મંજૂરી મેળવવા માંગતા લોકોની જરૂરિયાતો પૂરી કરશે. તે વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ઓફ બાયો ટેકનોલોજી (DBT) દ્વારા એક પોર્ટલ છે.

→ આ પોર્ટલ આંતર–વિભાગીય સમન્વયને મજબૂત કરવામાં અને જૈવિક સંશોધનના વિવિધ પાસાઓનું નિયમન કરતી વિવિધ એજન્સીઓની કામગીરીમાં પારદર્શિતા, જવાબદારી અને અસરકારકતા લાવવામાં મદદ કરશે. આ પોર્ટલ સરકારની 'સ્ટાર્ટ–અપ્સની સરળતા' અને 'વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સંશોધન કરવામાં સરળતા' ને અનુરૂપ છે. આ પોર્ટલ હિતધારકોને અનન્ય BioRRAP ID દ્વારા ચોક્કસ એપ્લિકેશન માટે આપવામાં આવેલી મંજૂરી જોવામાં પણ મદદ કરશે.

→ આ પોર્ટલ દ્વારા સંશોધકો નિયમનકારી મંજૂરીઓ મેળવવાના હેતુથી તેમની સંબંધિત અરજીઓના મંજૂરીઓના તબક્કાઓ ચકાસી શકશે. આ પોર્ટલ પર સબમિટ કરવામાં આવેલી તમામ સંશોધન અરજીઓ માટે BioRRAP ID જનરેટ કરશે. આ પોર્ટલ માત્ર સંશોધન સંબંધિત પ્રવૃત્તિઓ માટે છે અને ઉત્પાદન વિકાસ હેતુ માટે તેનો ઉપયોગ કરી શકાતો નથી.

→ ભારત વૈશ્વિક સ્તરે બાયોટેકનોલોજી માટેના ટોચના 12 સ્થળોમાનું એક છે અને એશિયા પેસિફિક ક્ષેત્રમાં ત્રીજું સૌથી મોટું બાયો ટેકનોલોજી સ્થળ છે.

❖ **તાજેતરમાં NIT તિરુચિરાપલ્લી ખાતે પરમ પોરુલ નામના અત્યાધુનિક સુપર કમ્પ્યૂટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.**

→ આ સુપરકમ્પ્યૂટિંગ સુવિધા નેશનલ સુપરકોમ્પ્યુટિંગ મિશન (NSM)ના બીજા તબક્કા હેઠળ સ્થાપિત કરવામાં આવી છે. આ સુપર કમ્પ્યૂટર બનાવવા માટે ઉપયોગમાં લેવાતા મોટા ઘટકો ભારતમાં જ એસેમ્બલ અને ઉત્પાદિત કરવામાં આવ્યા છે. તેમાં સોફટવેર સ્ટેકનો પણ સમાવેશ થાય છે જે સરકારની મેક ઈન ઈન્ડિયા પહેલને અનુરૂપ સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઈન એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ (C-DAC) દ્વારા સ્વદેશી રીતે વિકસિત કરવામાં આવ્યો છે. NIT તિરુચિરાપલ્લિ (તમિલનાડુ) કૃષિ, આરોગ્ય, નાણાકીય સેવાઓ અને હવામાન જેવા વિવિધ ક્ષેત્રોમાં સંશોધન કરી રહી છે.

→ આ સુપર કમ્પ્યૂટર ઉચ્ચ પાવર ઉપયોગ અસરકારકતા હાંસલ કરવા માટે સિસ્ટમ ડાયરેકટ કનેકટેડ લિકિવડ કૂલિંગ ટેકનોલોજી પર આધારિત છે, જે ઓપરેટિંગ ખર્ચ ઘટાડવામાં મદદ કરે છે. આ સુપર કોમ્પ્યુટેશનલ સુવિધા સંશોધકોને ઈજનેરી અને વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં વિશાળ શ્રેણીની સમસ્યાઓ ઉકેલવામાં પણ મદદ કરશે.

❖ **નાસાના એન્ડ્યુરન્સ મિશનને લઈ જતુ રોકેટ તાજેતરમાં લોન્ચ કરવામાં આવ્યું હતું.**

→ આ મિશનનો ઉદ્દેશ એ શોધવાનો છે કે શા માટે પૃથ્વી ગ્રહ જીવનને ટેકો આપે છે, જ્યારે અન્ય ગ્રહો જેમ કે મંગળ અને શુક્ર પર નથી. પૃથ્વી જેનો ભીનો ગ્રહ જીવનના અસ્તિત્વ માટે યોગ્ય છે શુક્ર એક સમયે પાણી યુકત ગ્રહ હતો પરંતુ પાછળથી અજ્ઞાત કારણોસર સુકાઈ ગયું. જો આપણે સમજીએ કે શુક્ર શા માટે સુકાઈ ગયો તો રહેવા માટે યોગ્ય ગ્રહો વિશે આપણુ જ્ઞાન વધશે. આ મિશન હેઠળ પૃથ્વીની વૈશ્વિક ઈલેકિટ્રક સંભવિતતા માપવામાં આવશે.

- **ભારતીય રેલવેના પશ્ચિમ મધ્ય રેલવે દ્વારા વિકસિત એક બેટરી સંચાલિત ડયુઅલ મોડલવાળું લોકોમોટિવ નવદૂત લોન્ચ કર્યું, જે બેટરી અને વીજળી બંનેથી ચાલે છે.**
  - → તે 30 કિ.મી. પ્રતિકલાકની ઝડપે 18 કોચ ખેંચી શકે છે. તેમાં 84 બેટરીઓ છે અને તે 400 ટન વજન ખેંચી શકે છે. વર્તમાનમાં તેનો પ્રયોગ જબલપુર, મુદવાડા અને અન્ય સ્ટેશનો પર ટ્રેનોના શન્ટિંગ માટેના પરીક્ષણના આધારે થઈ રહ્યો છે. નવદૂત લોકોમોટિવને રેલવે બોર્ડ તરફથી સર્વશ્રેષ્ઠ નવાચારનો પુરસ્કાર મળ્યો છે.
- **નેશનલ ઈન્સ્ટિટયૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા (NITI) આયોગે નેશનલ ડેટા એન્ડ એનાલિટિકસ પ્લેટફોર્મ (NDAP) લોન્ચ કર્યું છે.**
  - → આ પ્લેટફોર્મ ભારતના પ્રશાસનિક ડેટાના વિશાળ પરિદૃશ્ય પરથી માનનીકૃત ડેટાસેટ પ્રદાન કરે છે. આ પ્લેટફોર્મ ઉપયોગકર્તાને અનુકૂળ હોય તેવી પ્લેટફોર્મ ડેટા એકસેસેબિલિટી, ઈન્ટરઓપરેબિલિટી અને ઈન્ટરકનેકિટવિટમાં સુધારો કરશે. આ પ્લેટફોર્મ પ્રથમવાર ઓગસ્ટ 2022માં બીટા આવૃત્તિ સ્વરૂપે જાહેર કરાયું હતું, જેમાં મર્યાદિત સંખ્યામાં ઉપાધ્યક્ષ સુમન કે.બેરીએ NITI આયોગના CEO અમિતાભ કાન્ત અને ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર ડો. અનંત નાગેશ્વરનની હાજરીમાં લોન્ચ કર્યું હતું.
- **ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (ICG)એ પશ્ચિમ બંગાળના ઉત્તર 24 પરગણા જિલ્લાના ટીટાગઢ ક્ષેત્રમાં સમાજ સુધારક અને સ્વાતંત્ર્યસેનાની કમલાદેવી ચટ્ટોપાધ્યાયના સન્માનમાં કમલાદેવી નામક ફાસ્ટ પેટ્રોલ વેસેલ (FPV) 'યાર્ડ 2118'નો શુભારંભ કર્યો છે.**
  - → આ જહાજ 5 FPV ની શ્રેણીમાં પાંચમાં સ્થાને છે. આ FPVની ડિઝાઈન અને નિર્માણ ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ (GRSE) દ્વારા ટીટાગઢ વેગન્સ લિમિટેડ (TWL) સાથે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP)માં કરવામાં આવ્યું છે. ICGS કમલાદેવીનું નામકરણ ICGના મહાનિદેશક વીરેન્દ્રસિંહ પઠાનિયાના પત્ની નીલા પઠાનિયાએ કર્યું હતું.
- **ભારતીય નૌસેના અને આંદામાન અને નિકોબાર કમાન્ડે બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલની એન્ટિશિપ આવૃત્તિનું સફળ પરીક્ષણ કર્યું હતું.**
  - → આંદામાન અને નિકોબાર કમાન આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહના પોર્ટ બ્લેરમાં સ્થિત ભારતીય સશસ્ત્ર દળોનું પ્રથમ અને એકમાત્ર ત્રિ–સેવા થિયેટર કમાન્ડ છે.
- **ભારતીય નૌકાદળના ચાર સર્વેક્ષણ જહાજો (SVL) પૈકીના બીજા જહાજ INS નિર્દેશકને તાજેતરમાં ચેન્નાઈના કટ્ટુપલ્લીમાં લોન્ચ કરાયું હતું.**
  - → INS નિર્દેશકનું નિર્માણ લાર્સન એન્ડ ટુબ્રોના સહયોગથી ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) દ્વારા કરાઈ રહ્યું છે.
  - → આ જહાજોને 18 સમુદ્રી માઈલની મહત્તમ ઝડપ અને 14 સમુદ્રી માઈલની ક્રૂઝ ઝડપ પર સંચાલિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે. આ જહાજો સંધ્યાક શ્રેણીના સર્વેક્ષણ જહાજોનું સ્થાન લેશે. SVL જહાજો નવી પેઢીના હાઈડ્રોગ્રાફિક ઉપકરણોથી સજ્જ છે જેથી સમુદ્ર સંબંધિત ડેટા એકત્ર કરી શકાશે. આ જહાજ એક હેલિકોપ્ટર સાથે ચાર સર્વેક્ષણ મોટરબોટ લઈ જવામાં સક્ષમ હશે.
- **હૈદરાબાદ સ્થિત અંતરિક્ષ સ્ટાર્ટઅપ સ્કાયરૂટ એરોસ્પેસે એક ઘન બળતણ આધારિત એન્જિન કલામ–100નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું, જેનો ઉપયોગ વિક્રમ–1 નામના પ્રક્ષેપણયાનના ત્રીજા ચરણમાં કરાશે.**
  - → કંપની વિક્રમ–1, વિક્રમ–2 અને વિક્રમ–3 નામે ત્રણ નાના ઉપગ્રહ પ્રક્ષેપણયાનની એક શ્રેણી વિકસિત કરી રહી છે. વિક્રમ–1 રોકેટ ચાર બળતણ આધારિત ચરણોનો ઉપયોગ કરશે જેમાં લોન્ચ માટે 3 ઘન બળતણ અને 1 પ્રવાહી બળતણ સામેલ છે.
  - → વિક્રમ–1 એક નાનું લિફટ લોન્ચ યાન છે જે 225 કિલોગ્રામ પેલોડને સન સિન્ક્રોનસ ધ્રુવીય ભ્રમણકક્ષામાં મૂકવા સક્ષમ છે. તે 1,750 કિલોગ્રામ સુધી પેલોડની ક્ષમતા ધરાવતા ISROના પોલર સેટેલાઈટ લોન્ચ વેહિકલ (PSLV) કરતા ઓછી ક્ષમતા ધરાવે છે. તેનું નામ વૈજ્ઞાનિક અને ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો.એપીજે અબ્દુલ કલામના નામ પરથી રખાયું છે.
- **બંદર, શિપિંગ અને વોટરવેઝ મંત્રાલય ભારતના પ્રથમ સ્વદેશી હાઈડ્રોજન ઈંધણવાળા ઈલેકિટ્રક જહાજોનું નિર્માણ કોચીન શિપયાર્ડ લિમિટેડ (CSL)માં કરવા માટે તૈયાર છે.**
  - → લો ટેમ્પરેચર પ્રોટોન એકસચેન્જ મેમ્બ્રેન ટેકનોલોજી (LT-PEM) પર આધારિત હાઈડ્રોજન ફ્યૂઅલ સેલ વેસેલ (જેને ફયૂઅલ સેલ ઈલેકિટ્રક વેસેલ (FCFV) પણ કહેવાય છે.) નો ખર્ચ 17.50 કરોડ રૂપિયા થવાની અપેક્ષા છે. ખર્ચનો 75% ભાગ ભારત સરકાર દ્વારા અપાશે. આ પ્રોજેકટની ઘોષણા કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્બાનંદ સોનોવાલે ગ્રીન શિપિંગ અંગે કાર્યશાળામાં વૈશ્વિક સમુદ્રી ગ્રીન સંક્રમણ સાથે તાલમેલ રાખીને જહાજોના નિર્માણ માટે સરકારની યોજનાનું અનાવરણ કરતા સમયે કરી હતી.
- **રેલવે મંત્રાલયે કહ્યું છે કે સ્વદેશી હાઈપરલૂપ પ્રણાલી વિકસિત કરવા માટે IIT મદ્રાસ સાથે સહયોગ કરવામાં આવશે.**
  - → IIT મદ્રાસમાં રેલવે મંત્રાલયની સહાયતાથી હાઈપરલૂપ ટેકનોલોજી માટે સેન્ટર ઓફ એકસેલન્સ સ્થાપવામાં આવશે. તેનું નિર્માણ IIT મદ્રાસ દ્વારા રેલવે સંશોધન કેન્દ્રની સહાયતાથી કરવામાં આવશે. આ પ્રોજેકટ 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' પહેલની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ પ્રોજેકટ માટે રેલવે મંત્રાલયે IIT મદ્રાસને 8.34 કરોડનું ભંડોળ ફાળવ્યું છે. નાણાકીય સહાયતા સાથે ભારતીય રેલવે સુરક્ષા માપદંડોના નિર્માણમાં પણ સહાય કરશે. તેમને રેલવેની વીજ પરીક્ષણ સુવિધાઓ સુધી પહોંચ પણ ઉપલબ્ધ કરાવાશે. IIT મદ્રાસ હાઈપરલૂપ સિસ્ટમ માટે પાડ, ટયૂબ અને ટ્રેક માટેના ડિઝાઈન ડોકયુમેન્ટસ તૈયાર કરશે. તેની સાથે IIT મદ્રાસ દ્વારા પોડ પ્રોટોટાઈપ અને વેકયુમ ટયૂબ માટે પરીક્ષણ અને પરફોર્મન્સ ડેટા વિતરણ પણ કરવામાં આવશે.

## રમત–જગત, નિમણૂંક, વ્યકિત, પુસ્તક, નિધન

❖ **તાજેતરમાં સી.એસ.રાજનને ઈન્ફ્રાસ્ટ્રકચર લીઝિંગ એન્ડ ફાઈનાન્સ લિ. (IL&FS) ના અધ્યક્ષ તરીકે નિયુકત કરાયા છે અને તેઓએ ઉદય કોટકનો કાર્યકાળ સમાપ્ત થયા બાદ તેમનો કાર્યભાર સંભાળી લીધો છે.**

❖ **સંયુકત રાષ્ટ્ર (UN)ના મહામંત્રી એન્ટોનિયો ગુતેરેસે ભારતના ડો. અરુણાભ ઘોષને બિન–રાજ્ય સંસ્થાઓના શુદ્ધ શૂન્ય ઉત્સર્જન પ્રતિબદ્ધતાઓ અંગેના એક ઉચ્ચસ્તરીય વિશેષજ્ઞ સમૂહમાં નિયુકત કર્યા છે.**

→ ડો.અરુણાભ ઘોષ કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયર્નમેન્ટ એન્ડ વોટર (CEEW)ના CEO છે. ડો. અરુણાભ ઘોષ વિશેષજ્ઞ જૂથમાં સેવારત્ ત્રણ એશિયન અને એકમાત્ર દક્ષિણ એશિયન વ્યકિત હશે.

❖ **FIFA એ તાજેતરમાં કતારની રાજધાની દોહામાં યોજાનારા FIFA વર્લ્ડકપ કતાર 2022 ના ડ્રો દરમિયાન સત્તાવાર મેસ્કોટ (પ્રતીક) તરીકે La'eeb (લ’ઈબ)નું અનાવરણ કર્યું હતું.**

→ La’eeb એક સુપર કુશળ ખેલાડી (અરબીમાં), ચંચલ, સાહસી અને જિજ્ઞાસુ છે.

❖ **ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્મા તથા આધારભૂત ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને વર્ષ 2022ના વિઝડન ક્રિકેટર ઓફ ધ યરના 5 ખેલાડીઓમાં સ્થાન આપવામાં આવ્યું છે.**

→ આ પાંચ ખેલાડીઓમાં અન્ય ત્રણ ન્યૂઝીલેન્ડના બેટર ડેવોન કોન્વે, ઈંગ્લેન્ડના ઝડપી બોલર ઓલી રોબિન્સન તથા દક્ષિણ આફ્રિકાની મહિલા સ્ટાર ખેલાડી ડેન વેન નીકર્ક છે. વિઝડને ‘લીડિંગ ક્રિકેટર ઈન ધ વર્લ્ડ’નું ટાઈટલ ઈંગ્લેન્ડના જો રૂટને પ્રદાન કર્યું છે.

→ જસપ્રીત બુમરાહ વિઝડન ક્રિકેટર ઓફ ધ યરની યાદીમાં સ્થાન પ્રાપ્ત કરનારો ભારતનો બીજો ફાસ્ટ બોલર છે. અગાઉ 2008માં ઝાહીર ખાનને વિઝડન ક્રિકેટર ઓફ ધ યર જાહેર કરાયો હતો.

❖ **ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2021નું ઉદ્‌ઘાટન 24 એપ્રિલ, 2022ના રોજ બેંગલુરુની જૈન યુનિવર્સિટીમાં કરાયું હતું. રાષ્ટ્રીય સ્તરની આ બહુરમત સ્પર્ધા 3 મે, 2022 સુધી ચાલુ રહેશે.**

→ મેસ્કોટ (પ્રતીક) : ‘વીરા’ (એક હાથી)

→ ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ (KIUG)ની પ્રથમ આવૃત્તિ વર્ષ 2020માં ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં યોજાઈ હતી. દરમિયાન, 2021 ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સના લોગોનું તાજેતરમાં જ બેંગલુરુના શ્રીકાંતીરવા સ્ટેડિયમમાં અનાવરણ કરાયું હતું. લોગોની લોન્ચ ઈવેન્ટમાં કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુર અને કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોત ઉપસ્થિત રહ્યા હતા. આ ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સની બીજી આવૃત્તિ છે.

→ વર્ષ 2021 ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સનું એન્થમ નિખિલ જોષી અને ચંદન શેટ્ટીએ ગાયું છે. રમતો માટે સત્તાવાર જર્સી પણ લોન્ચ કરાઈ છે. આ વખતની રમત આવૃત્તિમાં બે સ્વદેશી રમતો યોગાસન અને મલ્લખંબનો ઉમેરો કરાયો છે. ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સની બીજી આવૃત્તિ માટે એક મોબાઈલ એપ ખેલો ઈન્ડિયા એપ નામક લોન્ચ કરાઈ છે.

❖ **હર્ષદા શરદ ગરુડ ગ્રીસના હેરાકિલયનમાં આયોજિત IWF જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય વેઈટલિફટર બન્યા છે.**

→ હર્ષદા ગરુડ પહેલા આ ચેમ્પિયનશિપમાં મેડલ જીતનાર માત્ર બે ભારતીય ખેલાડી છે. હર્ષદાએ મહિલાઓની 45 કિગ્રા વજન વર્ગમાં 153 કિગ્રા વજન ઉપાડયુ હતું. જેમાં સ્નેચમાં 70 કિગ્રા અને કલીન એન્ડ જર્કમાં 83 કિગ્રાનો સમાવેશ થાય છે.

❖ **તાજેતરમાં કેરળના મલપ્પુરમ જિલ્લાના મંજેરી ખાતે પ્રસિદ્ધ ફૂટબોલ ટુર્નામેન્ટ ‘સંતોષ ટ્રોફી 2021-22’નું આયોજન કરવામાં આવ્યું હતું.**

→ 2021-22 ની સંતોષ ટ્રોફીની આ 75મી આવૃત્તિ હતી. નોંધનીય છે કે કોવિડ–19 મહામારીને કારણે છેલ્લી સીઝન રદ કરવામાં આવી હતી. સંતોષ ટ્રોફી 2021-22ની ફાઈનલમાં પશ્ચિમ બંગાળને હરાવીને કેરળે આ ટુર્નામેન્ટ જીતી લીધી છે. નોંધનીય છે કે કેરળે સાતમી વખત આ ટાઈટલ જીત્યું છે.

❖ **ભારતના પ્રસિદ્ધ સંતૂર વાદક પંડિત શિવકુમાર શર્માનું 10 મે, 2022 ના રોજ 84 વર્ષની વયે નિધન થયું છે.**

→ સંતૂર લોકવાદ્યને શાસ્ત્રીય પરંપરાના મહત્વપૂર્ણ સાધન તરીકે સ્થાપિત કરવાનો શ્રેય પંડિત શિવકુમાર શર્માને જાય છે. તેમનો જન્મ 13 જાન્યુઆરી, 1938ના રોજ જમ્મુમાં થયો હતો.

❖ **તાજેતરમાં 28 એપ્રિલથી 8 મે, 2022 દરમિયાન સ્પેનના મેડ્રિડના પાર્ક મંઝાનારેસ ખાતે આઉટડોર કલે કોર્ટ પર ‘મેડ્રિડ ઓપન 2022’ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.**

→ મેડ્રિડ ઓપન એ એક વ્યાવસાયિક ટેનિસ ટુર્નામેન્ટ છે. મેડ્રિડ ઓપન 2022 એ આ ટુર્નામેન્ટની 13મી આવૃત્તિ હતી. આ ટુર્નામેન્ટમાં સ્પેનના 19 વર્ષીય કાર્લોસ અલ્કારાઝે મેન્સ સિંગલ્સનું ટાઈટલ જીત્યું હતું. જયારે આ ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સનું ટાઈટલ ટયૂનિશિયાના ઓન્સ જબેરે જીત્યું હતું.

❖ **તાજેતરમાં ભારતના નવા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે રાજીવ કુમારની નિમણૂક કરવામાં આવી છે.**

→ રાજીવ કુમાર 15 મે, 2022 થી ભારતના 25માં મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે કાર્યભાર સંભાળશે. તેઓ મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે સુશીલ ચંદ્રનું સ્થાન લેશે. રાજીવ કુમાર બિહાર / ઝારખંડ કેડરના 1984 બેચના નિવૃત્ત IAS અધિકારી છે.

❖ **તાજેતરમાં ભારતની પુરુષ બેડમિન્ટન ટીમે પ્રથમ વખત થોમસ કપનો ખિતાબ જીત્યો હતો.**

→ થોમસ કપમાં ભારતે 14 વખતના ચેમ્પિયન ઈન્ડોનેશિયાને હરાવ્યું હતું. થોમસ કપ 2022નું આયોજન થાઈલેન્ડના બેંગકોક ખાતે કરવામાં આવ્યું હતું.

→ લક્ષ્ય સેને એન્થોની સિન્સુક ગિટીંગ સામે પ્રથમ મેચ જીતી હતી. બીજી મેચ ડબલ્સમાં રમાઈ હતી જેમાં ભારતીય જોડી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ ઈન્ડોનેશિયાની કેવિન સંજાયા અને મોહમદ અસહાનની જોડીને હરાવી હતી. ત્રીજી મેચમાં કિદાંબી શ્રીકાંતે જોનાથન ક્રિસ્ટીને હરાવ્યો હતો. આ ટુર્નામેન્ટમાં શ્રીકાંતે રમેલી તમામ છ મેચ જીતી હતી.

Banking Academy

→ થોમસ કપ એ બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF)ના વિવિધ દેશોની પુરુષોની ટીમો વચ્ચેની આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન સ્પર્ધા છે. તેને વર્લ્ડ મેન્સ ટીમ ચેમ્પિયનશિપ તરીકે પણ ઓળખવામાં આવે છે. વર્તમાન આ ટુર્નામેન્ટમાં 16 દેશોની ટીમો ભાગ લે છે.

❖ **17 મે, 2022 ના રોજ BSE લિમિટેડે જાહેરાત કરી હતી કે કંપનીના નવા અધ્યક્ષ તરીકે એસ.એસ.મુંદ્રાની નિયુકિત માટે મંજૂરી આપવામાં આવી છે.**

→ તેઓ જસ્ટિસ વિક્રમજીત સેનનું સ્થાન લેશે. એસ.એસ.મુંદ્રા 30 જુલાઈ, 2017 ના રોજ RBIમાં ત્રણ વર્ષના કાર્યકાળ બાદ ડેપ્યુટી ગર્વનરમાંથી સેવા નિવૃત્ત થયા હતા. આ ઉપરાંત તેમણે બેંક ઓફ બરોડાનું ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પદ પણ સંભાળ્યુ હતું.

❖ **મહારાષ્ટ્રના સાંગલી ખાતે 24મી નેશનલ વોલીબોલ ચેમ્પિયનશિપમાં ઈતિહાસમાં પ્રથમવાર ગુજરાતની મહિલા ટીમ ચેમ્પિયન બની.**

→ નોંધનીય છે કે તમામ સાત ખેલાડી ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના જ હતા. જેમાંથી છ ખેલાડી કોડીનારના સરખડી ગામના અને એક ખેલાડી સિંધાજ ગામના હતા. આ ટીમના કોચ તરીકે એક સમયે ભારત તરફથી રમેલા ગીર સોમનાથ જિલ્લાના પરિતાબેન વાળા હતા. સરખડી ગામને ગુજરાતનું વોલીબોલ ગામ તરીકે ઓળખવામાં આવે છે.

❖ **તાજેતરમાં સંસ્કૃતિ મંત્રાલયે રાજા રામ મોહનરાયની 250મી જન્મજયંતિ પર તેમની યાદમાં ચાલનારા ઉત્સવના ઉદ્ઘાટન સમારોહનું આયોજન કર્યું હતું.**

→ કોલકાતામાં 'રાજા રામ મોહનરાય લાઈબ્રેરી ફાઉન્ડેશન, સોલ્ટલેક અને સાયન્સ સિટી ઓડિટોરિયમ'માં ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. તે એક વર્ષનો ઉત્સવ છે જે આવતા વર્ષ એટલે કે 22 મે, 2023 સુધી ઉજવવામાં આવશે. આ વર્ષે રાજા રામ મોહનરાયની 250મી જન્મજયંતિ અને રાજા રામ મોહનરાય લાઈબ્રેરી ફાઉન્ડેશનનો 50મો સ્થાપના દિવસ પણ છે. સંસ્કૃતિ મંત્રાલયે રાજા રામ મોહનરાય લાઈબ્રેરી ફાઉન્ડેશન ખાતે રાજા રામ મોહનરાયની પ્રતિષ્ઠિત પ્રતિમાનું પણ અનાવરણ કર્યું હતું.

→ રાજા રામ મોહનરાયનો જન્મ 22 મે, 1772 ના રોજ બંગાળના રાધાનગરમાં એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમણે વર્ષ 1814માં કોલકાતામાં 'આત્મીયસભા'ની સ્થાપના કરી હતી તેમજ ઈ.સ. 1825માં કોલકાતામાં 'વેદાંત કોલેજ'ની સ્થાપના કરી હતી અને 20 ઓગસ્ટ, 1828 ના રોજ 'બ્રહ્મોસમાજ'ની સ્થાપના કરી હતી.

→ રાજા રામ મોહનરાયને રવીન્દ્રનાથ ટાગોરે 'ભારતીય પુનર્જાગરણના પિતા' અને 'ભારતીય રાષ્ટ્રવાદના પ્રવર્તક' તરીકે બિરદાવ્યા હતા. 27 સપ્ટેમ્બર, 1833ના રોજ ઈંગ્લેન્ડના બ્રિસ્ટોલ ખાતે તેમનું અવસાન થયું હતું.

❖ **તાજેતરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે વિનય કુમાર સકસેનાને દિલ્હીના ઉપરાજ્યપાલ (લેફ્ટનન્ટ ગવર્નર) તરીકે નિયુકત કર્યા છે.**

→ વિનય કુમાર સકસેના અનિલ બૈજલનું સ્થાન લેશે. ઉપરાજ્યપાલ તરીકે નિયુકત થતા પહેલા તેમણે ખાદી અને ગ્રામોદ્યોગ કમિશનના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી.

❖ **હરિયાણાની દિકરી કેપ્ટન અભિલાષા બરાકને કોમ્બેટ એવિએટર તરીકે આર્મીમાં સામેલ કરવામાં આવ્યા છે.**

→ આ સાથે આ પદ પર પહોંચનાર તેઓ પ્રથમ મહિલા અધિકારી છે. કેપ્ટન અભિલાષા બરાકે સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરી છે. ત્યાર પછી તેમને કોમ્બેટ એવિએટર તરીકે આર્મી એવિએશન કોર્પ્સમાં સામેલ કરવામાં આવ્યા છે. તેમને 2072 આર્મી એવિએશન સ્વોડ્રનની બીજી ફલાઈટ માટે નિયુકત કરવામાં આવ્યા છે જે ધ્રુવ એડવાન્સ લાઈટ હેલિકોપ્ટરનું સંચાલન કરે છે.

❖ **ભારતીય બોકસર નિખત ઝરીન ઈસ્તાંબુલમાં વર્લ્ડ વુમન ચેમ્પિયનશિપ 2022માં 52 કિગ્રા કેટેગરીમાં થાઈલેન્ડના ઓલિમ્પિયન જુતામાસ જિતપોંગને 5 – 0 થી હરાવીને વિશ્વ ખિતાબ જીતનારી પાંચમી ભારતીય મહિલા બન્યા હતા.**

→ આ ઉપરાંત મનિષા મૌન અને પરવીન હુડ્ડાએ પણ અનુક્રમે અલગ – અલગ કેટેગરીમાં 57 કિગ્રા તથા 63 કિગ્રામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. વિશ્વ ચેમ્પિયનશિપમાં મેડલ ટેલીમાં ભારત રશિયા (60) અને ચીન (50) પછી ત્રીજા ક્રમે છે. વિશ્વ ચેમ્પિયનશિપની 12મી આવૃત્તિમાં ભારતે 39 મેડલ જીત્યા છે. વિશ્વ બોકિસંગ ચેમ્પિયનશિપ એ ઈન્ટરનેશનલ બોકિસંગ એસોસિએશન (IBA) દ્વારા આયોજિત એક બોકિસંગ સ્પર્ધા છે.

❖ **તાજેતરમાં દેવસહાયમ પિલ્લઈને વેટિકનમાં પોપ ફ્રાન્સિસ (કેથોલિક ચર્ચ) દ્વારા સંત ઘોષિત કરાયા છે.**

→ દેવસહાયમ પિલ્લઈએ 18મી સદીમાં તત્કાલીન ત્રાવણકોણ સામ્રાજ્યમાં ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો. દેવસહાયમ પિલ્લઈ સંતનો દરજ્જો પ્રાપ્ત કરનારા પહેલાં સામાન્ય ભારતીય વ્યકિત છે. વેટિકન દ્વારા તેમને આ ઉપાધિ વધતી કઠણાઈઓ સહન કરવા બદલ અપાઈ છે. દેવસહાયમ પિલ્લઈનો જન્મ 23 એપ્રિલ, 1712 ના રોજ તમિલનાડુના કન્યાકુમારી જિલ્લાના નટ્ટલમ ગામમાં નીલકંદન પિલ્લઈ તરીકે એક હિન્દુ સવર્ણ પરિવારમાં થયો હતો.

❖ **લેફ્ટનન્ટ જનરલ બગ્ગાવલ્લી સોમશેખર રાજુ (બી.એસ.રાજુ)એ 1 મે, 2022થી ભારતીય સૈન્યના ઉપપ્રમુખનો કાર્યભાર સંભાળી લીધો છે.**

→ બી.એસ. રાજુ આ પદે લેફ્ટનન્ટ જનરલ મનોજ પાંડેના અનુગામી બન્યા છે. લેફ્ટનન્ટ જનરલ મનોજ પાંડેએ 30 એપ્રિલ, 2022ના રોજ નિવૃત્ત થયેલા ભારતીય સૈન્યના વડા એમ.એમ. નરવણેના સ્થાને 13 લાખ સૈનિકોના ગંજાવર ભારતીય સૈન્યની કમાન સંભાળી છે. નવા સૈન્ય ઉપાધ્યક્ષ લેફ્ટનન્ટ જનરલ બી.એસ. રાજુ મિલિટરી ઓપરેશન્સના ડાયરેકટર જનરલ તરીકે સેવા આપી રહ્યા હતા. તેઓ પૂર્વીય લદ્દાખમાં ભારતીય સૈન્યની એકંદર યુદ્ધ તૈયારીઓની દેખરેખ પણ રાખી રહ્યા હતા.

❖ **75મી વિશ્વ સ્વાસ્થ્ય સભા દરમિયાન WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન)ના સભ્ય દેશોએ 24 મે, 2022ના રોજ ડો.તેદ્રોસ એધાનોમ ઘેબ્રેયેસુસને WHOના મહાનિદેશકપદે પાંચ વર્ષના બીજા કાર્યકાળ માટે પુનઃ ચૂંટી કાઢ્યા છે.**

❖ **તાતા સન્સે એર ઈન્ડિયાના નવા CEO તથા MD તરીકે તાજેતરના સમય સુધી સિંગાપુર એરલાઈન્સના CEO રહેલા કેમ્પબેલ વિલ્સનની નિમણૂક કરી છે.**

→ 27 જાન્યુઆરી, 2022ના રોજ તાતા સન્સે ભારત સરકાર પાસેથી એર ઈન્ડિયા હસ્તગત કર્યું હતું.

❖ **ત્રિપુરાના મુખ્યમંત્રીપદેથી બિપ્લવકુમાર દેવના રાજીનામા બાદ 15 મે, 2022ના રોજ રાજધાની અગરતલાના રાજભવનમાં ડો.માણિક સાહાએ રાજ્યના નવા મુખ્યમંત્રીપદના શપથ લીધા હતા.**

❖ **પૂર્વોત્તર ભારતના સિક્કિમ અને પૂર્વીય નેપાળની સરહદ પર પૂર્વીય હિમાલય સ્થિત દુનિયાનું ત્રીજું સૌથી ઊંચું શિખર માઉટ કાંચનજંગા (8,586 મીટર) સર કરીને પ્રિયંકા મોહિતે 8,000 મીટરથી વધુ ઊંચાઈના પાંચ શિખરો સર કરનારી પ્રથમ ભારતીય મહિલા બની ગઈ છે.**

→ તેમણે ચીન અને નેપાળની સરહદ વચ્ચે હિમાલયની મહાલંગુર હિમાલય ઉપ–શ્રેણીનું દુનિયાનું સૌથી ઊંચું શિખર માઉન્ટ એવરેસ્ટ સર કર્યું તેમજ નેપાળ અને તિબેટ સ્વાયત્ત ક્ષેત્ર, ચીન (5,895 મીટર)ની સીમા પર માઉન્ટ એવરેસ્ટના દક્ષિણ–પૂર્વમાં મહાલંગુર હિમાલયમાં સ્થિત દુનિયાનું પાંચમું સૌથી ઊંચું શિખર માઉન્ટ મકાલુ (8,485 મીટર) અને આફ્રિકાના તાંઝાનિયામાં સ્થિત માઉન્ટ કિલિમંજારો પર આરોહણ કર્યું હતું. પ્રિયંકા મોહિતે મહારાષ્ટ્રના સતારા જિલ્લાની છે.

❖ **કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુર અને હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે હરિયાણાના પંચકુલામાં ચોથી ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ (KIYG)-2021ના પ્રતીક 'ધાકડ'ની સાથોસાથ સત્તાવાર લોગો અને જર્સીનું અનાવરણ કર્યું હતું.**

→ હરિયાણા 4 થી 13 જૂન, 2022 સુધી પંચકુલામાં ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સની ચોથી આવૃત્તિની યજમાની કરશે. રમતોનું આયોજન હરિયાણા સરકાર, કેન્દ્રીય રમતગમત, યુવા બાબતો અને સાંસ્કૃતિક મંત્રાલય, અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા સંયુકત રીતે કરાઈ રહ્યું છે.

❖ **અમદાવાદના સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવમાં આવેલા વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે 29 મે, 2022ના રોજ રમાયેલી IPL-15ની ફાઈનલમાં પહેલીવાર જ ટુર્નામેન્ટ રમવા ઉતરેલી ગુજરાત ટાઈટન્સની ટીમે વિજેતા બનીને ઈતિહાસ રચ્યો હતો.**

→ ગુજરાત ટાઈટન્સે IPLની પહેલી જ સીઝનની ચેમ્પિયન ટીમ રાજસ્થાન રોયલ્સને સાત વિકેટે પરાજય આપીને ઈતિહાસનું પુનરાવર્તન કર્યું હતું.

→ દુનિયાના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સમાપન સમારોહ દરમિયાન BCCIએ વિશ્વની સૌથી મોટી જર્સી બનાવવાનો રેકોર્ડ પોતાના નામે નોંધાવ્યો હતો. આ જર્સી 66 મીટર લાંબી અને 42 મીટર પહોળી છે. ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સે આ અંગેનું પ્રમાણપત્ર પણ આપ્યું હતું, સમાપન સમારોહમાં ભારતીય ક્રિકેટના સાત દાયકા અને IPLના 15 વર્ષની મજલ દર્શાવાઈ હતી.

## એવોર્ડ, પુરસ્કાર

❖ **શહેરી હરિયાળી જાળવી રાખવા માટે મુંબઈ અને હૈદરાબાદને સંયુકત રાષ્ટ્ર અન્ન તથા કૃષિ સંગઠન (UN-FAO) એ આર્બર ડે ફાઉન્ડેશન સાથે મળીને સંયુકત રીતે 2021 'ટ્રી સિટી ઓફ ધ વર્લ્ડ' નો દરજ્જો આપ્યો છે.**

→ બે ભારતીય શહેરોને હરિયાળી અને શહેરી વૃક્ષોને જાળવી રાખવા અને વિકસિત કરવાની પ્રતિબદ્ધતા બદલ આ માન્યતા અપાઈ છે જેથી સ્થિતિસ્થાપક, તંદુરસ્ત અને ખુશહાલ શહેરોનું નિર્માણ કરી શકાય. મુંબઈનો આ સૂચિમાં પહેલીવાર સમાવેશ કરાયો છે જ્યારે હૈદરાબાદ સતત બીજા વર્ષે તેમાં સ્થાન પામ્યું છે. વિશ્વના 21 દેશોના લગભગ 138 માન્યતા પ્રાપ્ત શહેરો છે, જેણે 2020માં 3,87,87,795 વૃક્ષો વાવ્યા છે.

→ ડ્રીમ સિટી તરીકે જાણીતું મુંબઈ ટ્રી સિટી તરીકેની માન્યતા મેળવનારૂં ભારતનું બીજું શહેર બની ગયું છે, જ્યારે હૈદરાબાદ પહેલાં સ્થાને છે.

→ 'ટ્રી સિટીઝ ઓફ ધ વર્લ્ડ' કાર્યક્રમ UN-FAO (UN – Food and Agriculture Organisation) અને એક અમેરિકી બિનનફાકારક સંગઠન આર્બર ડે ફાઉન્ડેશન દ્વારા શરૂ કરાયો છે. આ કાર્યક્રમ શરૂ કરવાનો ઉદ્દેશ વિશ્વભરના એવા નગરો અને શહેરોને માન્યતા આપવાનો છે જે એ સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છે કે તેમના વૃક્ષો અને શહેરી વનો સ્થાયી રીતે પ્રબંધિત (વ્યવસ્થાપિત), યોગ્ય રીતે જાળવણી કરાયેલા તથા ઉચિત રીતે સારસંભાળ પામેલા છે.

❖ **બોલિવૂડની અભિનેત્રી દીપિકા પાદુકોણને 17 થી 28 મે, 2022 સુધી આયોજિત 75મા કાન ફિલ્મ ફેસ્ટિવલ માટેની વિશિષ્ટ જ્યુરીનો ભાગ બનવા માટે પસંદ કરાઈ છે.**

→ અભિનેત્રીએ પોતે જ આ સમાચાર તેણીના સોશિયલ મીડિયા પર વહેતા કર્યા છે. તેણે ઓસ્કાર વિજેતા ફિલ્મસર્જક અસગર ફરહાદી, બ્રિટિશ અભિનેત્રી અને ફિલ્મ નિર્માત્રી રેબેક્કા હોલ, સ્વીડિશ અભિનેત્રી નૂમી રેપેસ અને ઈટાલિયન અભિનેત્રી જેસ્મિન ટ્રિન્કા, ફ્રેન્ચ ફિલ્મ નિર્દેશક લેડજ લી અને નોર્વેજિયન ફિલ્મ નિર્દેશક જોઆકિમ ટ્રિયર સહિતના અન્ય જ્યુરી સદ્સ્યોની તસવીર શેર કરીને તેની વાતની પુષ્ટિ કરી હતી. આ વિશેષ જ્યુરી 28 મે, 2022 ના રોજ ફ્રાન્સના કાનમાં ભવ્ય સમારોહ ખાતે આ વર્ષના પુરસ્કાર વિજેતાઓની ઘોષણા કરશે. ફ્રેન્ચ અભિનેતા અને ફિલ્મ સર્જક વિન્સેન્ટ લિન્ડન વિશેષ જ્યુરીના અધ્યક્ષ હશે.

❖ **23 એપ્રિલ, 2022ના રોજ બિહારના ભોજપુર ખાતે વીર કુંવરસિંહ વિજયોત્સવ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં એકસાથે એક જ સમયે 78,220 રાષ્ટ્રધ્વજ ફરકાવીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં પ્રવેશીને ભારતે ઈતિહાસ રચ્યો છે.**

→ ગિનિસ વિશ્વ વિક્રમના સત્તાવાર પ્રમાણપત્રમાં જણાવાયું હતું કે 23 એપ્રિલ, 2022ના રોજ ભારતના બિહાર રાજ્યના ભોજપુરમાં જગદીશપુર ખાતે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી દરમિયાન ભારત સરકારના ગૃહ અને સંસ્કૃતિ મંત્રાલય દ્વારા સૌથી વધુ લોકોના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવાની સિદ્ધિ હાંસલ કરાઈ હતી. ભારતે આમ કરીને પાકિસ્તાન દ્વારા આશરે 18 વર્ષ અગાઉ સ્થપાયેલો રેકોર્ડ તોડયો છે.

❖ **સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP) એ અંગ્રેજી પ્રાકૃતિક ઈતિહાસ પ્રસારક અને પ્રકૃતિવાદી સર ડેવિડ એટનબરોને લાઈફટાઈમ અચીવમેન્ટ શ્રેણી અંતર્ગત ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ એવોર્ડ, 2021ના પ્રાપ્તકર્તા તરીકે જાહેર કરાયા છે.**

→ સર ડેવિડ એટનબરોને આ સન્માન સંશોધન, દસ્તાવેજીકરણ અને પ્રકૃતિના સંરક્ષણ તથા તેની બહાલીના સમર્થન માટે તેમના સમર્પણ બદલ પ્રદાન કરાયું છે.

❖ **મેઘાલય સરકારના યોજના વિભાગની e-પ્રપોઝલ સિસ્ટમની પહેલે UN એવોર્ડ–વર્લ્ડ સમિટ ઓન ધ ઈન્ફર્મેશન સોસાયટી (WSIS) ફોરમ પ્રાઈઝ 2022 જીત્યું છે.**

→ 'e-Proposal System' મેઘાલય એન્ટરપ્રાઈઝ આર્કિટેકચર (MeghEA) નો એક હિસ્સો છે, જે રાજયના તમામ સરકારી વિભાગોમાં ફાઈલોનું 75% ફિઝિકલ વર્ક સમાપ્ત કરે છે.

→ મેઘાલય એન્ટરપ્રાઈઝ આર્કિટેકચર (MeghEA) પ્રોજેકટ વિવિધ ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને રાજયના લોકો માટે શાસન અને સેવા વિતરણમાં સુધારાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવ્યો હતો.

❖ **ભારતના વિખ્યાત કવિ અને સાહિત્યકાર પ્રોફેસર રામદરશ મિશ્રાને તેમના કાવ્યસંગ્રહ 'મૈં તો યહાં હું' માટે વર્ષ 2021ના સરસ્વતી સન્માનથી નવાજવામાં આવ્યા છે.**

→ તેમનો ઉકત કાવ્યસંગ્રહ પહેલીવાર 2015માં પ્રકાશિત થયો હતો. સરસ્વતી સન્માન 2021ના પ્રાપ્તકર્તાની પસંદગી લોકસભા સચિવાલયના પૂર્વ મહાસચિવ ડો.સુભાષ સી. કશ્યપની અધ્યક્ષતા હેઠળની પસંદગી સમિતિ દ્વારા કરાઈ હતી.

→ રામદરશ મિશ્રાનો જન્મ 15 ઓગસ્ટ, 1924 ના રોજ ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના ડુમરી ગામમાં થયો હતો.

→ સરસ્વતી સન્માન ભારતના સૌથી પ્રતિષ્ઠિત સાહિત્યિક પુરસ્કારો પૈકીનું એક છે, જેની સ્થાપના 1991માં કે.કે.બિરલા ફાઉન્ડેશન દ્વારા કરાઈ હતી.

❖ **મુંબઈના એક મહિલા પત્રકાર આરેફા જોહરીને એક ઉત્કૃષ્ટ મહિલા મીડિયાકર્મીનો વર્ષ 2021નો 'ચમેલીદેવી જૈન પુરસ્કાર' એનાયત કરાયો છે.**

→ આ ઘોષણા મીડિયા ફાઉન્ડેશન દ્વારા કરાઈ હતી. આરેફા જોહરી મુંબઈમાં સ્ક્રોલ ઈન માટે કામ કરી રહ્યા છે. વર્ષ 2020માં પ્રતિષ્ઠિત ચમેલીદેવી જૈન પુરસ્કાર 'ગોઅન કનેકશન' મીડિયા હાઉસ સાથે સંકળાયેલા નીતુસિંહને પ્રદાન કરાયો હતો.

❖ **એક ભારતીય માર્કસવાદી અર્થશાસ્ત્રી અને ઓડિશાના રાજનીતિક ટિપ્પણીકાર ડો.પ્રભાત પટનાયકને એક ઉત્કૃષ્ટ અર્થશાસ્ત્રી તરીકે વિકાસ અભ્યાસમાં તેમના યોગદાન બદલ 2022ના 'માલ્કમ આદિસેશિયા પુરસ્કાર' માટે પસંદ કરાયા છે.**

→ માલ્કમ આદિસેશિયા પુરસ્કાર અને એલિઝાબેથ આદિસેશિયા પુરસ્કાર દર વર્ષે માલ્કમ અને એલિઝાબેથ આદિસેશિયા ટ્રસ્ટ દ્વારા પ્રદાન કરાય છે.

→ આ માલ્કમ એન્ડ એલિઝાબેથ આદિસેશિયા ટ્રસ્ટ દ્વારા સ્થાપિત એક પ્રતિષ્ઠિત પુરસ્કાર છે. બન્ને પુરસ્કાર સામાન્ય રીતે ભારતમાં રહેનારા ભારતીય અને વિદેશી વિદ્વાનો માટે ઉપલબ્ધ છે. માલ્કમ આદિસેશિયા પુરસ્કાર અર્થશાસ્ત્રી, સામાજિક વૈજ્ઞાનિક, ઈતિહાસકારને વિકાસ અધ્યયનમાં વિશિષ્ટ યોગદાન બદલ અપાય છે. પહેલો માલ્કમ આદિસેશિયા પુરસ્કાર વર્ષ 2001માં અપાયો હતો. પુરસ્કાર સ્વરૂપે પ્રશસ્તિપત્ર અને રૂા. 2 લાખ રોકડા એનાયત કરાય છે. આ પુરસ્કારનું નામ એક ભારતીય વિકાસ અર્થશાસ્ત્રી અને શિક્ષક માલ્કમ સથિયાનાથન આદિસેશિયાના નામ પર રખાયું છે.

❖ **પ્રતિષ્ઠિત સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા બંગાળી લેખક અમર મિત્રાને શોર્ટ ફિકશન 2022 માટે અમેરિકામાં લઘુકથાઓ માટેના સૌથી પુરાણા પ્રમુખ પુરસ્કાર 'ઓ.હેનરી' પ્રાઈઝથી સનમાનિત કરાયા છે.**

→ પીઢ લેખક અમર મિત્રાને બંગાળી ભાષામાં તેમની 45 વર્ષ જૂની લઘુનવલ 'ગાંવબ્યૂરો'ની અંગ્રેજી આવૃત્તિ માટે પ્રતિષ્ઠિત ઓ.હેનરી પ્રાઈઝ એનાયત થયું છે, તેનો 1990માં અગ્રેજીમાં ધ ઓલ્ડમેન ઓફ કુસુમપુર તરીકે અનુવાદ કરાયો હતો. અંગ્રેજી અનુવાદ અનીશ ગુપ્તાએ કર્યો હતો.

→ ઓ.હેનરી પ્રાઈઝ અસાધારણ યોગ્યતા ધરાવતી લઘુકથાઓને અપાતો એક માત્ર વાર્ષિક પુરસ્કાર છે. પુરસ્કાર પહેલીવાર 1919માં પ્રસ્તુત કરાયો હતો. તેને સોસાયટી ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સીઝ દ્વારા નાણાંપોષણ અપાઈ રહ્યું છે. પુરસ્કારનું નામ અમેરિકી લઘુકથા લેખક વિલિયમ સિડની પોર્ટરના નામ પરથી રખાયું છે.

❖ **ઉપરાષ્ટ્રપતિ એમ.વેન્કૈયા નાયડુએ હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગર ખાતે આવેલા સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટના ઈન્દિરાબેન સોની તથા ચંદીગઢના ડો.ભૂષણકુમારને નવી દિલ્હીમાં ઈન્ટરનેશનલ ગાંધી એવોર્ડ ફોર લેપ્રસી, 2021થી સન્માનિત કર્યા છે.**

→ 'ઈન્ટરનેશનલ ગાંધી એવોર્ડ ફોર લેપ્રસી' એક વાર્ષિક એવોર્ડ છે જેની સ્થાપના ગાંધી મેમોરિયલ લેપ્રસી ફાઉન્ડેશને કરી છે.

→ સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ દ્વારા રકતપિત્તના દર્દીઓને આશરો આપી તેમની દિવસ રાત સેવા કરવામાં આવી રહી છે. તેવી જ રીતે ડો. ભૂષણકુમાર પણ કુષ્ઠરોગ વિષે જાગૃતિ જગાવવા ઘડિયાળના કાંટે કામ કરી રહ્યા છે. તેઓ આ રોગ સાથે સંકળાયેલા સામાજિક કલંકોને દૂર કરવા પણ કામ કરી રહ્યા છે.

❖ **તાજેતરમાં વર્લ્ડ ફૂડ પ્રાઈઝ ફાઉન્ડેશને 'વર્લ્ડ ફૂડ પ્રાઈઝ 2022'ના વિજેતા તરીકે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના ડો. સિન્થિયા રોસેન્ઝવેગના નામની જાહેરાત કરી છે.**

→ ડો. સિન્થિયા રોસેન્ઝવેગને તેમના સંશોધન "આબોહવા અને ખાદ્ય પ્રણાલી વચ્ચેના સંબંધોને સમજવા અને ભવિષ્યમાં બંને કેવી રીતે બદલાશે અને આગાહી કરશે" માટે તેમને આ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે.

❖ **તાજેતરમાં પત્રકારત્વ, સંગીત અને ડ્રામા જેવા અલગ અલગ ક્ષેત્રોમાં 'પુલિત્ઝર પુરસ્કાર 2022'ના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી.**

→ આ વિજેતાઓની યાદીમાં ભારતના સન્ના મર્શાદ મટ્ટો, અમિત દવે, અદાનાના આબિદી અને દાનિશ સિદ્દીકી પત્રકારત્વની શ્રેણીમાં સામેલ છે. આ ઉપરાંત યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધના અહેવાલ માટે કામ કરતા પત્રકારોને વિશેષ પ્રશિસ્તપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

❖ **આર્કિટેકચર ક્ષેત્રનો વિશ્વનો સૌથી મોટો એવોર્ડ 'રોયલ ગોલ્ડ મેડલ 2022' અમદાવાદના પ્રસિદ્ધ આર્કિટેક શ્રી બાલકૃષ્ણ દોશીને આપવામાં આવ્યો.**

→ 94 વર્ષીય બાલકૃષ્ણ દોશીને તેમની સાત દાયકાની કારકિર્દી દરમિયાન દેશભરમાં 100થી વધુ પ્રોજેકટ પૂર્ણ કરવા બદલ આ સન્માન આપવામાં આવ્યું છે. રોયલ ઈન્સ્ટિટયૂટ ઓફ બ્રિટિશ આર્કિટેકસ (RIBA)ના પ્રમુખ સાઈમન ઓલફોર્ડ દ્વારા બાલકૃષ્ણ દોશીને આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

→ રોયલ ગોલ્ડ મેડલ એ આર્કિટેકચર માટે વિશ્વનું સર્વોચ્ચ સન્માન છે. જે રોયલ ઈન્સ્ટિટયૂટ ઓફ બ્રિટિશ આર્કિટેકસ દ્વારા દર વર્ષે આપવામાં આવે છે.

❖ **નોબેલ પારિતોષિક વિજેતા સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી ફ્રેન્ક વિલ્ઝેકને વર્ષ 2022 નો 'ટેમ્પલટન પુરસ્કાર' આપવામાં આવ્યો છે.**

→ ટેમ્પલટન પુરસ્કાર મેળવનારા તેઓ છઠ્ઠા નોબેલ વિજેતા બન્યા છે. ફ્રેન્ક એન્થોનિ વિલ્ઝેકનો જન્મ 15 મે, 1951 ના રોજ અમેરિકાના ન્યૂયોર્કના મિનોલા ખાતે થયો હતો. તેઓ એક અમેરિકન સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી છે. તેઓ હાલમાં મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી (MIT) તથા એરિઝોના સ્ટેટ યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્રના પ્રતિષ્ઠિત પ્રોફેસર છે.

→ વર્ષ 2022માં તેમને આધ્યાત્મિક વાસ્તવિકતાઓ વિશે સંશોધન અથવા શોધ તરફની પ્રગતિ માટે ટેમ્પલટન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. ટેમ્પલટન પુરસ્કાર ધાર્મિક ક્ષેત્રે પ્રગતિ કરનાર જીવંત વ્યકિતઓને આપવામાં આવતો વાર્ષિક પુરસ્કાર છે. ટેમ્પલટન પુરસ્કારની સ્થાપના વર્ષ 1972માં જ્હોન ટેમ્પલટન દ્વારા કરવામાં આવી હતી. ટેમ્પલટન પુરસ્કાર વર્ષ 1973મા સૌપ્રથમ મધર ટેરેસાને આપવામાં આવ્યો હતો.

❖ **ભારતીય લેખિકા ગીતાંજલી શ્રી એ અમેરિકન અનુવાદક ડેઝી રોકવાલ સાથે 'Tomb of Sand' નામના પુસ્તક માટે 2022નું 'આંતરરાષ્ટ્રીય બુકર પ્રાઈઝ' જીત્યું છે.**

→ આ પુસ્તક મૂળરૂપે હિન્દીમાં લખાયેલું છે અને આ હાઈ–પ્રોફાઈલ એવોર્ડ મેળવનાર કોઈપણ ભારતીય ભાષામાં પ્રથમ પુસ્તક છે. આ પુસ્તકનું મૂળનામ 'રેત સમાધી' છે. આ પુસ્તક સુશ્રી ગીતાંજલી શ્રી દ્વારા લખવામાં આવ્યું છે અને ડેઝી રોકવેલ દ્વારા અંગ્રેજીમાં અનુવાદિત કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં 80 વર્ષીય મહિલાની વાર્તા છે જે તેના પતિના મૃત્યુ પછી ગહન હતાશાનો અનુભવ કરે છે.

❖ **તાજેતરમાં ઓપરેશન દુધીના જીવિત સૈનિકોને આસામ રાઈફલ્સ દ્વારા સન્માનિત કરાયા હતા.**

→ 1991માં આસામ રાઈફલ્સ દ્વારા જમ્મુ અને કાશ્મીરમાં હાથ ધરાયેલા એક આતંકવાદ વિરોધી અભિયાનમાં 72 આતંકવાદીઓનો સફાયો કરાયો હતો. આ ઓપરેશન આસામ રાઈફલ્સ દ્વારા 1990 થી 1992 સુધી જમ્મુ અને કાશ્મીરમાં હાથ ધરાયું હતું. 15 સૈનિકોની એક ટીમે ઓપરેશન દુધી અંતર્ગત પાકિસ્તાનમાં શિક્ષણ પામેલા 72 આતંકવાદીઓને ઢેર કરી દીધા હતા. આ કોઈપણ સુરક્ષાદળ દ્વારા અત્યારસુધીમાં હાથ ધરાયેલું સૌથી સફળ આતંકવાદ વિરોધી અભિયાન છે.

❖ **પ્રસિદ્ધ સ્નો લેપર્ડ (હિમ ચિત્તો) સંરક્ષણવાદી અને વિશેષજ્ઞ ડો. ચારુદત્ત મિશ્રાને અફઘાનિસ્તાન, ચીન અને રશિયા સહિત 12 સ્નો લેપર્ડ રેન્જ દેશોમાં તેમના ઉત્કૃષ્ટ કાર્ય બદલ વ્હિટલી ફંડ ફોર નેચર (WFN)ના વ્હિટલી ગોલ્ડ એવોર્ડ 2022 થી તાજેતરમાં સન્માનિત કરયા છે.**

→ ડો. ચારુદત્ત મિશ્રાનો આ બીજો વ્હિટલી ગોલ્ડ એવોર્ડ છે. અગાઉ 2005માં પણ તેમણે આ પ્રતિષ્ઠિત એવોર્ડ જીત્યો હતો. WFN સંરક્ષક રાજકુમારી રોયલ એનીએ રોયલ જ્યોગ્રાફિકલ સોસાયટી, લંડન (UK) માં ડો. ચારુદત્ત મિશ્રાને ઉકત પુરસ્કાર પ્રદાન કર્યો હતો.

→ ડો. ચારુદત્ત મિશ્રા ભારતમાં વિજ્ઞાન આધારિત વન્યજીવ સરંક્ષણને પ્રોત્સાહન આપવા માટે 1996માં સ્થાપિત બેંગલુરુ સ્થિત એક બિનસરકારી સંગઠન પ્રકૃતિ સંરક્ષણ ફાઉન્ડેશનના સંસ્થાપક અને ટ્રસ્ટી છે. વર્ષ 2019માં તેઓ સ્નો લેપર્ડ ટ્રસ્ટ (SLT)ના પહેલાં આંતરરાષ્ટ્રીય કાર્યકારી નિદેશક બન્યા હતા, જેની સ્થાપના 1981માં અમેરિકાના સિએટલમાં થઈ હતી.

❖ **બેલારૂશિયન એસોસિએશન ઓફ જર્નલિસ્ટ્સ (BAJ)ને તાજેતરમાં વર્ષ 2022નું યુનેસ્કો/ગિલર્મો કેનો 'વર્લ્ડ પ્રેસ ફ્રીડમ પ્રાઈઝ' એનાયત કરાયું હતું.**

→ 1997માં સ્થાપિત આ પુરસ્કાર વાર્ષિક ધોરણે એવી વ્યકિત, સંગઠન અથવા સંસ્થાને માન્યતા આપે છે જેણે દુનિયામાં કોઈપણ સ્થળે પ્રેસની સુરક્ષા અથવા પ્રેસની સ્વતંત્રતાને પ્રોત્સાહન માટે યોગદાન આપ્યું હોય.

❖ **ભારતના આશા (એક્રેડિટેડ સોશિયલ હેલ્થ એકિટવિસ્ટ) વર્કરોને 75મી વર્લ્ડ હેલ્થ એસેમ્બ્લી દરમિયાન 'ગ્લોબલ હેલ્થ લીડર્સ એવોર્ડ–2022'થી સન્માનિત કરવામાં આવ્યા છે.**

→ WHO અનુસાર, આશા વર્કરોને સ્વાસ્થ્ય સંભાળ સાથે સુમદાયને જોડવામાં તેમના મહત્વપૂર્ણ યોગદાન બદલ આ એવોર્ડ એનાયત કરાયો છે. પુરસ્કારથી સન્માનિત 6માંથી એક આશા વર્કરોને પ્રાપ્ત થયો હતો. અન્ય પાંચ પુરસ્કારો આ પ્રમાણે છે :

(1) 8 સ્વયંસેવી પોલિયો કાર્યકર્તા જેમની આ વર્ષે અફઘાનિસ્તાનમાં હત્યા થઈ.
(2) ડો. પૌલ ફાર્મર, જેમણે છેવાડાના લોકોને સેવા પૂરી પાડી
(3) ડો. અહમદ હંકિર, કલંક–વિરોધી કાર્યક્રમ માટે
(4) વોલિબોલ ખેલાડી લુડમિલા સોફિયા ઓલિવેરા બરેલા, યુવાનોને જોખમી વ્યવહારથી રમતગમત તરફ વાળવાની સુવિધા પ્રદાન કરવા બદલ.
(5) યોહેઈ સાસાકાવા–રકતપિત્ત અને તેની ગેરમાન્યતાઓ વિરુદ્ધ વૈશ્વિક લડાઈ માટે

## મહત્વના દિવસો

- **01 મે, 2022 : આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ**
- **02 મે, 2022 : આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ (International Astronomy Day)**
  – સમગ્ર વિશ્વમાં દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ' વર્ષમાં બે વખત ઉજવવામાં આવે છે. એક 'આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ' 26 સપ્ટેમ્બર અને બીજો 2 મે ના દિવસે ઉજવવામાં આવે છે.
- **03 મે, 2022 : વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ**
  – થીમ : 'Journalism Under Digital Siege' (ડિજિટલ સીઝ હેઠળ પત્રકારત્વ)
  – વર્ષ 2022ના 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'ના યજમાન દેશ તરીકે રિપબ્લિક ઓફ ઉરુગ્વેની પસંદગી કરવામાં આવી છે. આ અંતર્ગત 2 થી 5 મે 2022 દરમિયાન ઉરુગ્વેના પુન્તા ડેલ એસ્ટે (Punta Del Este) ખાતે 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સંમેલન 2022'નું આયોજન કરવામાં આવ્યું હતું.
- **03 મે, 2022 : વિશ્વ અસ્થમા દિવસ**
  – થીમ : Closing Gaps in Asthama Care
  – સમગ્ર વિશ્વમાં દર વર્ષે મે મહિનાના પ્રથમ મંગળવારે 'વિશ્વ અસ્થમા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- **04 મે, 2022 : આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ (International Firefighter's Day)**
- **05 મે, 2022 : વિશ્વ હાથ સ્વચ્છતા દિવસ**
  – થીમ : યુનાઈટ ફોર સેફટી : કલીન યોર હેન્ડ્સ
- **06 મે, 2022 : આંતરરાષ્ટ્રીય નો ડાયેટ દિવસ (International No Diet Day)**
- **07 મે, 2022 : BRO સ્થાપના દિવસ**
  – 7 મે, 2022 ના રોજ 'સીમા સડક સંગઠન' (Border Roads Organization – BRO) દ્વારા તેમના 62માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- **08 મે, 2022 : વિશ્વ રેડ ક્રોસ દિવસ**
  – 'Be Human Kind'
- **08 મે, 2022 : 'વિશ્વ થેલેસેમિયા દિવસ'**
  – થીમ : બી અવેર, શેર, કેર : વર્કિંગ વિથ ધ ગ્લોબલ કમ્યુનિટી એઝ વન ટુ ઈમ્પ્રુવ થેલેસેમિયા નોલેજ
- **11 મે, 2022 : રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ**
  – થીમ : ઈન્ટેગ્રેટેડ એપ્રોચ ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર સસ્ટેનેબલ ફ્યુચર
- **12 મે, 2022 : આંતરરાષ્ટ્રીય નર્સ (પરિચારિકા) દિવસ**
  – થીમ : Nurses : A Voice to lead-Invest in nursing and respect rights to secure global health'
- **14 મે, 2022 : વર્લ્ડ માઈગ્રેટરી બર્ડ ડે (વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ)**
  – આ દિવસ દર વર્ષે મે અને ઓકટોબરના બીજા શનિવારે મનાવાય છે.
  – થીમ : ઈમ્પેકટ ઓફ લાઈટ પોલ્યુશન ઓન માઈગ્રેટરી બર્ડ્સ
- **15 મે, 2022 : વિશ્વ પરિવાર દિવસ (International Day of Families)**
  – થીમ : પરિવારો અને શહેરીકરણ
- **16 મે, 2022 : આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ (International Day of Light)**
- **16 મે, 2022 : વિશ્વ કૃષિ–પર્યટન દિવસ (World Agri-Tourism Day)**
- **16 મે, 2022 : રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ (National Dengue Day)**
- **17 મે, 2022 : વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ અથવા વિશ્વ ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ**
  – થીમ : ડિજિટલ ટેકનોલોજીસ ફોર ઓલ્ડર પર્સન્સ એન્ડ હેલ્થી એજીંગ.
- **17 મે, 2022 : વિશ્વ હાઈપર ટેન્શન દિવસ (World Hypertension Day)**
  – થીમ : મેઝર યોર બ્લડપ્રેશર, એકયુરેટલી, કન્ટ્રોલ ઈટ, લિવ લોંગર
- **18 મે, 2022 : આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ (International Museum Day)**
  – થીમ : ધ પાવર ઓફ મ્યૂઝિયમ ('The Power of Museums')
- **18 મે, 2022 : વિશ્વ એઈડ્સ રસી દિવસ (World AIDS Vaccine Day) અથવા HIV રસી જાગૃતિ દિવસ**
- **20 મે, 2022 : વિશ્વ માપ વિજ્ઞાન દિવસ (World Metrology Day)**
  – થીમ : મેટ્રોલોજી ઈન ધ ડિજિટલ એરા
- **20 મે, 2022 : વિશ્વ મધમાખી દિવસ**
  – થીમ : 'Bee Engaged : Celebrating the Diversity of bees and beekeeping systems'
  – કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે ગુજરાતમાં 20 મે, 2022ના રોજ વિશ્વ મધમાખી દિવસ પર એક વિશાળ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.
- **21 મે, 2022 : આતંકવાદ વિરોધી દિન (Anti Terrorism Day)**

Banking Academy

- **21 મે, 2022 : આંતરરાષ્ટ્રીય ચા દિવસ (International Tea Day)**
  – થીમ : ટી એન્ડ ફેર ટ્રેડ
- **21 મે, 2022 : સંવાદ અને વિકાસ માટે વિશ્વ સાંસ્કૃતિક વિવિધતા દિવસ**
- **22 મે, 2022 : આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ**
  – થીમ : "Building a shared future for all life"
- **23 મે, 2022 : વિશ્વ કાચબા દિવસ (World Trutle Day)**
- **25 મે, 2022 : વિશ્વ થાઈરોઈડ દિવસ (World Thyroid Day)**
- **25 મે, 2022 : ગુમ થયેલા બાળકો માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ**
- **28 મે, 2022 : વિશ્વ ભૂખ દિવસ (World Hunger Day)**
- **28 મે, 2022 : વિશ્વ ડુગોંગ દિવસ (World Dongong Day)**
- **28 મે, 2022 : વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ**
- **29 મે, 2022 : ઈન્ટરનેશનલ ડે ઓફ યુનાઈટેડ નેશન્સ પીસ કીપર્સ**
  – થીમ : પીપલ, પીસ, કોંગ્રેસ. ધ પાવર ઓફ પાર્ટનરશિપ.
- **30 મે, 2022 : હિન્દી પત્રકારત્વ દિવસ**
- **31 મે, 2022 : વિશ્વ તમાકુ નિષેધ દિવસ**
  – થીમ : ટોબેકો : થ્રેટ ટુ અવર એન્વાયર્નમેન્ટ

Banking Academy